gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

ગુરૂવાર 24 માર્ચ 2022

ફાગણ વદ - 07, વિક્રમ સંવત 2078 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 250 | વર્ષ : 05 | અંક : 46 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



જેકલિન ફર્નાન્ડિઝનો કાતિલ લૂક


પેજ 11

**બજાર અપડેટ**

| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 57,684.82 | 17,245.65 |
| -304.48 ▼ | -69.85 ▼ |

| ટોપ ગેનર્સ | | ટોપ લુઝર્સ | |
|---|---|---|---|
| હિન્ડાલ્કો | +2.53 % | એચડીએફસી | -2.35 % |
| ડો. રેડ્ડીઝ લેબ્સ | +2.41 % | કોટક મહિન્દ્રા | -2.11 % |
| દિવિસ લેબ. | +2.36 % | ભારતી એરટેલ | -1.99 % |
| ટાટા સ્ટીલ | +2.23 % | બ્રિટેનિયા | -1.78 % |
| યુપીએલ | +1.66 % | સિપ્લા | -1.76 % |

**સુવિચાર**




### વિપક્ષમાં સપાની જેમ આપ, ત્રીજા નંબરે કોંગ્રેસ અને સત્તાસ્થાને ભાજપ, કોંગ્રેસમાં ફરી ભંગાણના ભણકારા

# યુપીના ચૂંટણી પરિણામોનું ગુજરાતમાં પુનરાવર્તન..?

## પીએમ મોદીએ કાર્યકરોને ચેતવ્યા-ગુજરાતમાં આ વખતે બધા જ મારી અને ભાજપની સામે આવશે, એલર્ટ રહેજો..

ગુજરાત | વંદન

દેશના ચૂંટણી પંચના ચોપડે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ ડિસેમ્બર-2022માં યોજાવાનું લખાયેલુ છે. પણ 182 બેઠકો ધરાવનાર વિધાનસભાની ચૂંટણીઓ વહેલી પણ આવી શકે. ગુજરાતના રાજકારણમાં રાજકીય ભૂકંપરૂપી થઇ રહેલી આંતરિક અને બાહ્ય હલચલ-ગતિવિધિ, પાંચ રાજ્યોની ચૂંટણીના પરિણામો બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું અમદાવાદમાં ભવ્યાતિભવ્ય સ્વાગત, રક્ષાશક્તિ યુનિ. ખાતે સીએમ સહિત અન્ય નેતાઓ સાથે બંધ બારણે બેઠકોનો દોર, વડાપ્રધાનની મુલાકાત વખતે જ અમદાવાદમાં સંઘ વડા મોહન ભાગવતના અધ્યક્ષસ્થાને આરએસએસની ત્રણ દિવસીય પરિષદ, લેઉવા પાટીદાર મતો માટે ખોડલધામના નરેશ પટેલને પોતાની તરફ લાવવાના પ્રયાસો, ગુજરાતમાં કોંગ્રેસના 10 ધારાસભ્યો આઘાપાછા થઇ શકે એવી રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતની આલબેલ, કોંગ્રેસના 20 ધારાસભ્યો દ્વારા રાહુલ ગાંધીને મળવા માટે લખાયેલો પત્ર, પાટીદારો સામેના કેસો પાછા ખેંચવાની સરકારી કવાયત, પંજાબ જીત્યા બાદ ગુજરાતમાં આપ પાર્ટીનો મોદીની જેમ કેજરીવાલના ભવ્ય રોડ શોનું આયોજન આ તમામ સમય -સંજોગો એવો ઈશારો કરે છે કે ગુજરાતમાં ગમે ત્યારે ચૂંટણીઓ આવી શકે છે...!



2017માં ડિસેમ્બરમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ હિમાચલપ્રદેશની સાથે રાબેતા મુજબ યોજાઇ નહોતી. બનાસકાંઠામાં ચોમાસાના પૂરે વેરેલા વિનાશનું કારણ આગળ ધરીને ગુજરાતની અલગથી ચૂંટણીઓ યોજાય તે પહેલાં માર્ચ-2017માં યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં અહમદ પટેલને હરાવવા કોંગ્રેસમાંથી એક પછી એક એમ 14 ધારાસભ્યોના રાજીનામાથી




કોંગ્રેસ હાઈકમાન્ડ હચમચી ગયું હતું. તેમ છતાં કોંગ્રેસે 2017માં 1995 પછી સૌથી વધારે 77 બેઠકો મેળવીને ભાજપના જીવ અધ્ધર એટલે કર્યા હતા કેમ કે ભાજપને માત્ર 99 બેઠકો મળી હતી. એ ભાજપ કે જેણે 1995 પછી ક્યારેય આટલી ઓછી બેઠકો મેળવી નહોતી, તેને સત્તા માટે જરૂરી એટલી 92 કરતાં માત્ર 7 બેઠકો જ વધારે અને તે પણ મોદીએ પ્રચારના છેલ્લા તબક્કામાં સુરતમાં જોર લગાવ્યુ ત્યારે સુરત શહેર-જિલ્લાના તમામ 16 બેઠકો ભાજપને મળી ત્યારે નેતાઓના અધ્ધર શ્વાસ હેઠે બેઠા હશે.

2017ની ચૂંટણીઓ બાદ રૂપાણીને ફરી સીએમ બનાવ્યા અને 2022 આવતા આવતા સરકારમાં અને સંગઠનમાં નેતૃત્વ પરિવર્તન થઇ ગયું. ગુજરાતમાં પાટીદાર સીએમ હોવા જોઈએ એવી ટકોર લેઉવા પાટીદાર નેતા નરેશ પટેલ કરી અને રૂપાણીની જગ્યાએ ભૂપેન્દ્ર પટેલ છેલ્લી હરોળમાંથી સીએમની ખુરશીમાં બેસી ગયા. તેમની સરકારને હજુ 200 દિવસ પણ થયા નથી. એટલુ ખરૂ કે વિધાનસભાની ચૂંટણીઓ તેમના અને પાટીલની આગેવાનીમાં લડાશે એમ પાર્ટી ભલે કહે પણ એ ચૂંટણી જંગના કમાન્ડર અને કમાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના હાથમાં હશે.

રાજકિય નિરીક્ષકો ગુજરાતની ચૂંટણીઓ અને ભાવિ પરિણામોની સરખામણી યુપી સહિતના પાંચ રાજ્યોના

...અનુસંધાન પાના નં. 06

**ન્યૂઝ બ્રિફ**

### સરકારનો મોટો નિર્ણય, 31 માર્ચથી તમામ કોવિડ પ્રતિબંધો હટશે

કોરોનાના ઘટતા કેસો વચ્ચે કેન્દ્ર સરકારે મોટો નિર્ણય લીધો છે. સરકારે 31 માર્ચથી તમામ કોવિડ પ્રતિબંધો દૂર કરવાનો નિર્ણય લીધો છે. જોકે, માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ અનિવાર્ય રહેશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયએ બુધવારે આ વિશે આદેશ રજૂ કર્યા છે.

### તુર્કીનો દાવો : રશિયા-યુક્રેન યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થઈ શકે છે

રશિયા અને યુક્રેન વચ્ચે એક તરફ ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે અને બીજી તરફ તેને રોકવાના પ્રયાસો થઈ રહ્યા છે. તુર્કી આ પ્રયાસોમાં સૌથી આગળ હોવાનું જણાય છે. છેલ્લા બે અઠવાડિયામાં, તુર્કીએ રાજદ્વારી સ્તરે સંકટને ઉકેલવા માટે તમામ પ્રયાસો કર્યા છે અને દાવો કર્યો છે કે યુક્રેન અને રશિયા એક સમજૂતી પર પહોંચી ગયા છે.

### ભારતમાં ઈમરજન્સી ઉપયોગ માટે નોવાવેક્સ રસીને મંજૂરી

ભારતમાં કોરોના વાયરસ સામે રસીકરણ અભિયાનમાં વધુ એક નામ જોડાવા જઈ રહ્યું છે. Novavax ને 12-18 વર્ષની વયના લોકો માટે કટોકટીના ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવી છે. નોવોવેક્સે પોતે આ જાહેરાત કરી હતી. આ રસી પુણે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયામાં બનાવવામાં આવી છે. દેશમાં ગયા અઠવાડિયે જ 12-14 વય જૂથ માટે રસીકરણ અભિયાન શરૂ થયું છે.

### યૂપી: ઝેરી ચોકલેટ ખાવાથી ચાર બાળકોના મોત

ઉત્તર પ્રદેશના કુશીનગરમાં બુધવારે સવારે એક જ પરિવારના ત્રણ બાળકો સહિત ચાર બાળકોના ઝેરી ટેફી ખાવાથી મોત થયા હતા. ઘટના બાદ જ્યારે વારંવાર જાણ કરવા છતાં એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે ન પહોંચી ત્યારે પરિવારના સભ્યો ચારેય બાળકોને બાઈક પર લઈને જિલ્લા હોસ્પિટલ પહોંચ્યા હતા. ત્યાં તબીબોએ ચારેયને મૃત જાહેર કર્યા હતા. એક સાથે ચાર બાળકોના મોતથી ગામમાં ચકચાર મચી જવા પામી છે.

### સૌ પ્રથમવાર સમાન નાગરિક ધારો અમલમાં આવશે

પુષ્કર સિંહ ધામી ઉત્તરાખંડના મુખ્યમંત્રી તરીકે બુધવારે 23 માર્ચે શપથ ગ્રહણ કર્યા હતા. શપથ ગ્રહણ પહેલા પુષ્કર સિંહ ધામીએ વચન આપ્યું હતું કે, મુખ્યમંત્રી પદ સંભાળ્યા બાદ તેઓ એ તમામ વચનો પૂરા કરશે જે ભાજપે ચૂંટણી પહેલા આપ્યા હતા. તેમાં યુનિફોર્મ સિવિલ કોડનો પણ સમાવેશ થાય છે. પુષ્કર ધામીએ વચન આપ્યું હતું કે, તેઓ પારદર્શી સરકાર ચલાવશે.

## પારણું છે પણ પારણામાં ઝુલનાર ક્યાં...?!



યુક્રેન-રશિયા વચ્ચેના યુદ્ધનો આ લખાય છે ત્યાં સુધી કોઈ અંત આવ્યો નથી. રશિયાના હુમલાથી યુક્રેનમાં હજારો લોકોની સાથે 109 કરતા વધારે નિર્દોષ બાળકો પણ ભોગ બન્યા છે. સમગ્ર દુનિયા રશિયાના આ અમાનુષી કૃત્યથી પરિચિત થાય તે હેતુથી યુક્રેનના લીવ શહેરમાં જ્યાં લોકોની અવર-જવર હોય છે તેવા ખુલ્લા સ્થળે 109 ખાલી બાબા ગાડી (બેબી સીટર) લાઈનસર મુકીને નવતર વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. આ નવતર પ્રદર્શનનો સંદેશો એ હતો કે, જુઓ બાબા ગાડી છે પણ તેમા બેસનાર નાના ભૂલકાઓ હવે આ દુનિયામાં નથી... જો તેઓ જીવતા હોત તો આ જ બાબા ગાડીમાં બેસાડીને તેમની માતા તેમને ફેરવી રહી હોત. તાજેતરના ઈતિહાસમાં યુદ્ધમાં માર્યા ગયેલા બાળકો પ્રત્યે સંવેદના અને માનવીય સ્પંદન જગાવવા કદાચ આ પ્રકારનો પ્રથમ વિરોધ હશે. પારણું છે પણ પારણાંમાં ઝુલનાર ક્યાં...?! આ દ્રશ્ય જોઈને ભલભલાની આંખો અશ્રુભીની થઈ જાય એવી આ બાળ વિહોણા બાબા ગાડીઓ એક સાથે મુકીને રશિયા સામેનો વિરોધ વ્યકત કરવાની ઘટના વિશ્વભરમાં વ્યાપક બની છે. તેનો વિડિયો પણ વાઈરલ થયો છે.

### હૈદરાબાદમાં ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ: 11 ભૂંજાયા

ગુજરાત | વંદન

તેલંગાણાની રાજધાની હૈદરાબાદના ભોઈગુડામાં એક ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં 11 મજૂર જીવતા સળગી ગયા હતા. મૃત્યુ પામેલા બધા મજૂરો બિહારના રહેવાસી હોવાનું જણાવવામાં આવી રહ્યું છે અને અહીં ભંગારના ગોડાઉનમાં કામ કરતા હતા. ઘટનાસ્થળ પર હાજર હૈદરાબાદ ડીસીપી સેન્ટ્રલ ઝોને જણાવ્યું હતું કે તમામ 11 મૃતદેહને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ લઈ જવાયા છે. હાલ આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. ભંગારના ગોડાઉનમાં પહેલા માળે 12 મજૂર સૂતા હતા. ગ્રાઉન્ડ ફ્લોર પર અચાનક આગ ફાટી નીકળી હતી. મજૂરો માટે બહાર નીકળવાનો એકમાત્ર રસ્તો નીચે રહેલી ભંગારની દુકાનમાંથી નીકળતો હતો, શટર બંધ હતું.

### સીએમ ઠાકરેના સાળાને ત્યાં ઇડીની કાર્યવાહીથી 'માતોશ્રી' હચમચી ઉઠ્યું

## મહારાષ્ટ્રના રાજકારણમાં ધૂમ-ધડાકા : હવે ફડણવીસની ધરપકડના ભણકારા

ગુજરાત | વંદન

મહારાષ્ટ્રમાં શિવસેના-એનસીપી-કોંગ્રેસની બનેલી મહાવિકાસ અઘાડી સરકારની રચના બાદ એક પછી એક રાજકીય ધૂમધડાકા વાળી ઘટનાઓ બની રહી છે. છેલ્લે જે ઘટના બની છે તેમાં કેન્દ્રીય એજન્સી ઈડીએ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના સગા સાળાને ત્યાં દરોડો પાડતા તેમણે ઠાકરે પરિવાર પર સીધા હુમલા તરીકે જોવામાં આવી રહ્યું છે. અને હવે ભાજપના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની ધરપકડના ભણકારા વાગી રહ્યા છે.

આ તમામ એક પછી એક ઘટનાઓના મૂળમાં મુકેશ અંબાણીના ઘર એન્ટેલિયાની બહાર મૂકાયેલા વિસ્ફોટક સામગ્રીના કેસ તરફ જાય છે. કેમકે, એ ઘટના બાદ કેન્દ્રીય એજન્સી એનઆઈએ દ્વારા મુંબઈ પોલીસના અધિકારી સચિન વાંઝેની ધરપકડ થઈ, ત્યારબાદ પોલીસ કમિશનર પરમબીર સિંહની બદલી થઈ. પરમબીર સિંહે ગૃહમંત્રી અનિલ દેશમુખ સામે



100 કરોડની વસૂલીનો દાવો કર્યો, ત્યારબાદ પરમબીર સિંહ સામે ખંડણી સહિતના ચાર-પાંચ કેસો ઠાકરે સરકારની પોલીસે નોંધ્યા. ત્યારબાદ શિવસેનાના સાંસદ, સંજય રાઉતને ત્યાં દરોડા પડ્યા, એનસીપીના નેતા અજીત પવારની સામે કરોડોની ધાંધલીના કેસો થયા. ત્યારબાદ મહારાષ્ટ્ર પોલીસે એક ઉચ્ચ મહિલા પોલીસ અધિકારી રશ્મી શુક્લા સામે ગેરકાયદે ફોન ટેપીંગનો કેસ કર્યો. જેમાં પૂર્વ મુખ્યમંત્રી ફડણવીસની હમણાં જ પૂછપરછ થઈ અને ફડણવીસની પૂછપરછ બાદ ઠાકરેના સાળાને ત્યાં ઈડીની કાર્યવાહીના પડઘારૂપે ઠાકરે સરકાર ફડણવીસ ફરતે ગાળિયો મજબૂત બનાવી અને ધરપકડ કરે તો પણ નવાઈ નહીં.

### હીરોના 'હીરો' પવન મુંજાલનાં ઘર અને ઓફિસમાં IT ના દરોડા

ગુજરાત | વંદન

હીરો મોટોકોર્પના ચેરમેન અને એમડી પવન મુંજાલને ત્યાં બુધવારે આવકવેરા વિભાગે દરોડા પાડ્યા છે. તેમની વિરુદ્ધ બોગસ ખર્ચ દર્શાવવાનો આરોપ છે.

ઈન્કમ ટેક્સ ડીપાર્ટમેન્ટ દ્વારા બુધવારે હીરો મોટોકોર્પના ચેરમેન અને એમડી પવન મુંજાલનાં પરિસર પર છાપેમારી કરવામાં આવી છે. એવું પણ જણાવવામાં આવી રહ્યું છે કે તેઓની ઓફિસ અને તેમના ઘરે બંને સ્થળે હાલ સર્ચ ચાલી રહ્યું છે.

એમડી પવન મુંજાલ વિરુદ્ધ આરોપ છે કે તેમણે પોતાના ખાતામાં ખોટા બોગસ ખર્ચ બતાવ્યા હતા ઈન્કમ ટેક્સ ડીપાર્ટમેન્ટ દ્વારા આઅ જ મામલે




સવારથી છાપેમારી કરવામાં આવી રહી છે. આઈટીની ટીમને કેટલાક શંકાસ્પદ ખર્ચ મળ્યા હોવાની માહિતી છે.

જોકે માર્કેટમાં આ સમાચાર વહેતા થઈ જવાના કારણે હિરો મોટોકોર્પના શેરમાં પણ ઘટાડો થવા લાગ્યો છે. દરોડા સામે આવ્યા તે પહેલા હીરો મોટોકોર્પનો શેર બીએસઈ પર નફામાં ટ્રેડ થઈ રહ્યો હતો. તે જાણતાની સાથે જ શેરે તમામ ગતિ ગુમાવી દીધી. સવારે 10:30 વાગ્યા સુધીમાં હીરો મોટોકોર્પનો સ્ટોક 2 ટકા સુધી ઘટી ગયો હતો.

### ગુજરાતમાં ભૂપેન્દ્ર પટેલને પણ આ રીતે રીપીટ કરાશે ?

## ભાજપે જીતેલા ચાર રાજ્યોમાં જૂના મુખ્યમંત્રીઓ થાળે પડ્યાં

ગુજરાત | વંદન

ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ હતી જેમાં ભાજપે યુપી, ઉત્તરાખંડ, મણિપુર અને ગોવામાં સત્તામાં ફરી વાપસી કરી છે જ્યારે પંજાબમાં આપ પાર્ટીનું ઝાડુ ફરી વળતા કોંગ્રેસ અને ભાજપનો સફાયો કરી દેતા પ્રથમવાર સત્તામાં આવી છે. બીજી બાજુ ભાજપે યુપી સહિતના ચાર રાજ્યોમાં મુખ્યમંત્રી પદે રીપીટ થીયરી અપનાવી છે.

**રાજકીય વર્તુળોમાં ચર્ચા...?**



નોંધનીય છે કે, યુપીમાં યોગી આદિત્યનાથ 25 માર્ચે લખનઉના ઈકાના સ્ટેડિયમાં શપથગ્રહણ કરશે. આ શપથગ્રહણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી સહિત ભાજપના અન્ય મુખ્યમંત્રીઓ પણ હાજરી આપશે. મણિપુરમાં એન. બિરેન સિંહે સોમવારે ફરી બીજી વાર મુખ્યમંત્રી પદના શપથ લીધા.

જ્યારે ગોવામાં ભાજપે ફરી પ્રમોદ સાવંતને સત્તાની બાગડોર સોંપી છે ઉપરાંત ઉત્તરાખંડમાં સીએમ પુષ્કર ધામી ચૂંટણીમાં હારી ગયા છતાં તેમને ફરીથી મુખ્યમંત્રી પદે પસંદ કરવામાં આવ્યા છે.

સામાન્ય રીતે હારેલા મુખ્યમંત્રીને ફરીથી સત્તા સ્થાને બેસાડવાનું રાજકીય શિરસ્તો નથી પરંતુ પુષ્કર ધામીની કામગીરી અને અન્ય કોઈ મજબૂત વિકલ્પ ન હોવોથી આખરે તેમના ઉપર જ પસંદગીનો કળશ ઢોળવામાં આવ્યો છે. આમ ભાજપના ચારે ચાર મુખ્યમંત્રીઓને ફરી રીપીટ

...અનુસંધાન પાના નં. 06




### સોચ ઈમાનદાર, કામ દમદારના આધારે ફરી મેળવી સત્તા, શપથવિધિમાં હાજર રહેશે પીએમ મોદી

# ઉત્તર પ્રદેશમાં 25મીથી યોગી 2.0 શાસનનો શુભારંભ



ગુજરાત | વંદન

ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથની સરકારના બીજા કાર્યકાળનો શપથ ગ્રહણ 25 માર્ચે એટલે કે આવતીકાલે યોજાશે. શપથ ગ્રહણ સમારોહની પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. યુપીની રાજધાનીના વિશાળ ઈકાના સ્ટેડિયમમાં યોજાનારા ભવ્ય સમારોહમાં યોગી આદિત્યનાથ હજારોની મેદની હાજરીમાં સતત બીજી વખત મુખ્યમંત્રી પદના શપથ લેશે. આ શપથ ગ્રહણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના દિગ્ગજ નેતાઓ અને અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓ હાજરી આપશે.

રાજ્યમાં સતત બીજી વખત યોગી સરકાર સત્તા પર આવવાની સાથે જ ઈતિહાસ પણ બની ગયો છે અને અનેક દંતકથાઓ પણ તૂટી ગઈ છે. યૂપીમાં 37 વર્ષ પછી સતત બીજી વખત કોઈ પાર્ટીએ સત્તા જાળવી રાખી છે. સાથે જ સીએમ તરીકે નોએડા યાત્રાની માન્યતાને પણ યોગી આદિત્યનાથે તોડી નાખી છે. હવે નવી સરકારની ભવ્ય શપથવિધિ નક્કી થઈ ગઈ છે. આ કાર્યક્રમમાં રાજ્યના દરેક વિધાનસભા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ તેમજ દેશભરના તમામ મહાનુભાવો ઉપસ્થિત રહેશે. સાથે જ 200થી વધુ વીવીઆઈપીની યાદી પણ તૈયાર કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં વિપક્ષી નેતાઓને પણ આમંત્રિત કરવામાં આવશે. સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી, રાહુલ ગાંધી, મુલાયમ સિંહ યાદવ, અખિલેશ યાદવ અને માયાવતી સહિત અનેક વિપક્ષી નેતાઓને આમંત્રિત કરવામાં આવશે. આ સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓના લાભાર્થીઓને પણ આમંત્રિત કરવામાં આવશે. બંને સરકારોના લાભાર્થીઓમાં મહિલાઓની નોંધપાત્ર ભાગીદારી હશે.

ગાંધીનગર
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com



## સરકારનો વિધાનસભામાં જવાબ: 5 જિલ્લામાં 358 હેક્ટર જમીન સંપાદન માટે 3060 કરોડ ચૂકવાયા

# બુલેટ ટ્રેન માટે અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ 1108 કરોડ વળતર અપાયું

ગુજરાત | વંદન

ગુજરાત માટે મહત્ત્વાકાંક્ષી એવા બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો પુરો કરવા માટે ગુજરાતમાંથી જમીન સંપાદન કરવાની પ્રક્રિયા મોટાભાગે પૂરી થઇ ગઈ છે. રાજ્યના 5 જિલ્લા જેમ કે, અમદાવાદ, વડોદરા, ખેડા, નવસારી, આણંદમાંથી આશરે 360 હેકટર જમીન સંપાદન કરવાની હતી.

આ પૈકી આશરે 358 હેક્ટર જમીન સંપાદન થઇ જતા તેના વળતર પેટે કુલ રૂ. 3060 કરોડ ચુકવવામાં આવ્યું હોવાનું વિધાનસભા ગૃહમાં કોંગ્રેસના વિવિધ ધારાસભ્યોના પ્રશ્નોના જવાબમાં રાજ્ય સરકારે જણાવ્યું હતું. હવે 5 જિલ્લામાંથી એકાદ હેકટર જમીન સંપાદન કરવાની બાકી છે.

સૌથી વધુ અમદાવાદ જિલ્લામાં 1108 કરોડ, વડોદરામાં 882 કરોડ,ખેડામાં 967 કરોડ, નવસારી માં 416 અને આણંદમાં 222 કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

## ગાંધીનગર સચિવાલયના પોઈન્ટ પર ફરજ બજાવતા SRP જવાને પોતાની રાયફલ વડે ફાયર કરી જીવન ટૂંકાવ્યું

ગુજરાત | વંદન



ગાંધીનગર સચિવાલય ખાતે પોઈન્ટ પર ફરજ બજાવતા એસઆરપી ગૃપ - 3 નાં જવાને રવિવારે બપારે સેકટર - 27 ખાતે પોતાની બેરેક નીચે પોતાની રાયફલ વડે ગોળી મારીને આપઘાત કરી લીધો હતો. મૂળ પાટણનાં જવાનને આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી ગઇ હતી. આ અંગે સેકટર - 21 પોલીસે સ્થળ પર પહોંચી તપાસનો દોર હાથ ધર્યો હતો.

મૂળ પાટણ ખાતે રહેતા અને એસઆરપી ગૃપ - 3 માં ફરજ બજાવતા ધનજીભાઈ પરમાર છેલ્લા ત્રણ ચાર મહિનાથી ગાંધીનગર સચિવાલય ખાતેના પોઈન્ટ પર ફરજ બજાવતા હતા. જેઓ પોતાની કંપની સાથે સેકટર - 27 એસપી કચેરી ખાતે આવેલ બેરેકમાં રહેતા હતા. રવિવારે બપોરે ધનજીભાઈએ પોતાની રાયફલ વડે ફાયર કરીને આપઘાત કરી લીધો હતો. અચાનક ફાયરિંગનો અવાજ આવતા કંપનીના અન્ય જવાનો દોડી આવ્યા હતા. પરંતુ ગોળી દાઢીના નીચેના ભાગથી આરપાર નીકળી ગઈ હતી.

## ગાઢ નિંદ્રામાં જ તીક્ષ્ણ હથિયાર વડે માથામાં ઘા ઝીંકી હત્યા કરાઈ

# ગાંધીનગરમાં ચાની કિટલી ચલાવતા શ્રમજીવીની હત્યા, તપાસ શરૂ કરાઈ

ગુજરાત | વંદન

ગાંધીનગરનાં ગુજરાત નેશનલ લો યૂનિવર્સિટી રોડ પર ચાની કિટલી પર રહેતા શ્રમજીવીની રાત્રીના સમયે ગાઢ નિંદ્રામાં જ તીક્ષ્ણ હથિયાર વડે કરપીણ હત્યા કરી દેવામાં આવી હતી. લોકલ ક્રાઈમ બ્રાંચ, ઈન્ફોસિટી પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસમાં લાગી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં મૃતકની સાથે રહેતી મહિલા ફરાર હતા. આ અગે પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

ગાંધીનગરનાં રાયસણ ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (GNLU) રોડ પર આવેલી ચાની કિટલી કમુ વણઝારા નામની મહિલા ચલાવે છે. જેની સાથે



ઘણા સમયથી મૂળ છોટા ઉદેપુરનાં ચીછોડ ગામે મંદિર ફળિયામાં રહેતા 41 વર્ષીય સુખરામ રાઠવા પણ રહેતો હતો. બંને જણાં અહીં ચાની કિટલી ચલાવી ગુજરાન ચલાવતા હતા. ઉપરાંત સુખરામ અત્રેની કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂરી કામ પણ કરતો હતો. ગત રાત્રિના સમયે સુખરામ અને કમુ નજીકમાં ખાટલા પર સુઇ રહ્યા હતા. તે દરમિયાન કોઈ અજાણી વ્યક્તિએ સુખરામનાં માથામાં તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરીને હત્યા કરી દેવામાં આવી હતી. આ બનાવની જાણ થતાં નાયબ પોલીસ અધિક્ષક એમ કે રાણા, લોકલ ક્રાઇમ બ્રાંચ પીઆઈ જે એચ સિંધવ તેમજ ઈન્ફોસિટી પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે આસપાસના વિસ્તારમાં કામ કરતાં મજૂરોની પૂછતાંછ હાથ ધરતાં કમુ વણઝારા નામની મહિલા સાથે મૃતક રહેતો હોવાની વિગતો સામે આવી હતી. પરંતુ ઘટના સમયથી કમુ વણઝારા ફરાર થઇ ગઈ હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસે અલગ અલગ ટીમો બનાવીને કમુ વણઝારાની શોધખોળ હાથ ધરી હતી. આ અંગે ઈન્ફોસિટી પોલીસ મથકમાં હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ હતી.

## છેતરપિંડી કરતી ગેંગમાં પ્રિયંકા નામની યુવતી મુખ્ય સૂત્રધાર

# શેરબજારમાંથી તગડી કમાણીની લાલચમાં યુવકે 9.34 લાખ ગુમાવ્યાં, બેની ધરપકડ

ગુજરાત | વંદન



શેરબજારમાં રોકાણ કરીને કમાણી કરવાની લાલચમાં યુવકે રૂપિયા 9 લાખથી વધુનું નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. ઓનલાઈન ટ્રાન્ઝેક્શનની ટેક્નોલોજી સાથે સાઈબર ક્રાઈમના કેસમાં પણ વધારો થઈ રહ્યો છે. અમદાવાદમાં શેરબજારના નામે રૂપિયા ગુમાવવાની ઘટનામાં પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી લીધી છે. આરોપીઓની ટોળકી લોકોને ડિમેટ અકાઉન્ટ ખોલાવીને શેરબજારમાં ઊંચી કમાણીની લાલચ આપીને છેતરપિંડી કરતા હતા. શેરબજારમાં કમાણીના નામે છેતરપિંડી કરતી ગેંગમાં પ્રિયંકા નામની યુવતી મુખ્ય સૂત્રધાર હોવાનું ખ્લુંય છે, જેની ધરપકડ બાદ વધુ મોટા ખુલાસા થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. આ દિશામાં પણ પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે. અમદાવાદમાં યુવકે ડિમેટ અકાઉન્ટ ખોલાવ્યા બાદ જુદા-જુદા રોકાણના નામે યુવક પાસેથી રૂપિયા 9.34 લાખ ગુમાવ્યા હતા. ખોટા રિપોર્ટ્સ તૈયાર કરીને યુવકને તેના રોકાણ પર 20 લાખ રૂપિયા મળી રહ્યા હોવાનું જણાવ્યું હતું, જ્યારે યુવકે પોતાના રોકાણની સામે મળેલા નફાને ખાતામાં જમા કરાવવા માટે કહ્યું તો તમામ ફોન બંધ આવવાનું શરુ થઈ ગયું હતું.

## ગાંધીનગરમાં વકીલે મહિલાને બાથમાં પકડી છેડતી કરી




ગુજરાત | વંદન

ગાંધીનગરની સેક્ટર - 26 ગ્રીનસિટી સોસાયટીમાં 58 વર્ષીય નિવૃત ગ્રંથપાલ વૃદ્ધાની પાછળ મોહી જઈને બિભત્સ ચેનચાળા અને નનામી પ્રેમ પત્રો લખીને વર્ષ 2015થી હેરાન પરેશાન કરતાં વકીલે ધૂળેટીનાં દિવસે તમામ હદ વટાવી દીધી હતી. તહેવારની આડમાં વકીલે મહિલાને ખેંચીને બાથમાં પકડી લેતા સોસાયટીનાં રહીશો વીફર્યા હતા. જેનાં કારણે વકિલે ધાબા પર ચઢી જઈને રહીશો પર છુટ્ટી ઈંટો ફેંકવા લાગ્યો હતો. જેથી રહીશોએ તેને બરાબરનો મેથી પાક ચખાડી ધોઈ નાખ્યો હતો. આ મામલે બંને પક્ષે સેકટર - 21 પોલીસ મથકમાં ફરિયાદ દાખલ થઈ છે.

# LRDમાં નોકરી અપાવવા 2 લાખ માંગનાર સસ્પેન્ડેડ અધિકારી ઝડપાયો

■ સેક્ટર 6 યોગી બસ સ્ટેન્ડ પાસે ACBએ છટકુ ગોઠવી 15 હજાર લેતાં ઝડપી પાડ્યા

ગુજરાત | વંદન



લોક રક્ષક દળ (એલઆરડી)માં નોકરી અપાવવાનુ કહીને સસ્પેન્ડેડ અધિકારી દ્વારા બે લાખ રૂપિયાની લાંચ માગી 15 હજાર રૂપિયા લેતા એસીબીએ રંગેહાથ ઝડપી લીધો હતો. સેક્ટ 6 યોગી બસ સ્ટેન્ડ પાસે નાણાં લેતા ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી. હાલમાં જ પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષકદળની પરીક્ષા લેવામા આવી હતી. એક ઉમેદવારને શારીરિક, લેખિત અને પોતાના જિલ્લામાં જ પોસ્ટીગ અપાવવાનુ કહીને ભાવનગરમાંથી સસ્પેન્ડ થયેલા મદદનીશ નિયામક પશુપાલન વેટરનીટી પોલીકલીનિક ડૉ. શશીકાંન્ત ડાહ્યાલાલ પટેલ (રહે, મહેસાણા) દ્વારા બે લાંખની માંગણી કરાઈ હતી.

ગાંધીનગર એસીબી દ્વારા સોમવારે છટકુ ગોઠવવામા આવ્યુ હતુ. જેને લઈને આરોપીને શહેરના સેક્ટર 6માં આવેલા યોગી બસ સ્ટેન્ડ પાસે બોલાવવામા આવ્યો હતો. જ્યાં બે લાંખની રકમને ટુકડે ટુકડે આપવાનુ નક્કી કર્યુ હતુ. જેમાં લેખિત પરીક્ષા પહેલા 20 હજાર માગ્યા બાદ અંતે 15 હજાર આપવાનુ નક્કી કર્યુ હતુ ત્યારે ફરિયાદી દ્વારા વાતચિત કર્યા બાદ રૂપિયા 15 હજાર આપતાની સાથે જ એસીબીની ટીમે સસ્પેન્ડેડ અધિકારીને લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધો હતો.

લાંચ લેતા ઝડપાયેલો આરોપી ડૉ. શશીકાંત પટેલ ઇન્ચાર્જ નાયબ પશુપાલન નિયામક ગુજરાત ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડમા ફરજ બજાવતા હતા. .

## ગુજરાતમાં એર એમ્બ્યુલન્સ સેવા શરૂ



ભારતમાં સૌ પ્રથમ વાર રાજ્યના નાગરિકોને સત્વરે સારવાર મળી રહે અને મેડિકલની પુરતા પ્રમાણમાં સુવિધા મળી રહે તે માટે એર એમ્બ્યુલન્સનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ઉડ્ડયન મંત્રી પૂર્ણેશ મોદી દ્વારા એર એમ્બ્યુલન્સ સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

(તસવીર : મૌર્ય ભાગ્યવાન)

## ‘તે મદદ માટે રડતી રહી, બળજબરી ઉંચકીને કીચડમાં નાખી દીધી...’

# ગાંધીનગરની કોલેજમાં ધુળેટી પર વિદ્યાર્થિનીની છેડતી!

ગુજરાત | વંદન

સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતમાં MAના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીએ ચાર અન્ય વિદ્યાર્થીઓ પર છેડતીનો આરોપ મૂક્યો છે. વિદ્યાર્થિનીની ફરિયાદ અનુસાર ગુરુવારના રોજ કેમ્પસમાં ધુળેટીની ઉજવણી દરમિયાન આ ચાર વિદ્યાર્થીઓએ તેની છેડતી કરી હતી. ફરિયાદ મળ્યા પછી યુનિવર્સિટીની ઈન્ટરનલ કમ્પલેઈન કમિટી(ICC) એ આ ઘટનાની તપાસ શરૂ કરી છે.

CUGના ઈન્ચાર્જ રજિસ્ટ્રાર સંજય ઝાએ ફરિયાદ મળી હોવાની વાતની પૃષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું કે, કોલેજ તંત્રને એક વિદ્યાર્થિનીની ફરિયાદ મળી છે, જેને ધ્યાનમાં રાખીને ICCના સભ્યોએ સોમવારના રોજ એક મીટિંગ પણ રાખી હતી. ઉલ્લેખનીય છે કે ગુજરાતના પાટનગર ગાંધીનગરના સેક્ટર 29માં સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત આવેલી છે. યુનિવર્સિટીના સૂત્રો દ્વારા પ્રાપ્ત જાણકારી અનુસાર, જે વિદ્યાર્થિનીએ ફરિયાદ નોંધાવી છે તે દક્ષિણ ભારતની છે. વિદ્યાર્થીઓએ જ્યારે પાણીથી હોળી રમવાની શરુઆત કરી ત્યારે તેણી કેમ્પસમાં હતી. આરોપ લાગ્યો છે કે, વિદ્યાર્થીઓએ વિદ્યાર્થિનીને બળજબરી ખેંચી ઉંચકી અને રંગીન પાણી અને કીચડના ખાડામાં ફેંકી દીધી. આ લોકોએ બળજબરીપૂર્વક તેના પર રંગો નાખ્યા અને કથિત રીતે તેની છેડતી પણ કરી હતી. આ તમામ ઘટનાથી ડરી ગયેલી વિદ્યાર્થિની રડવા લાગી હતી અને મદદ માંગી રહી હતી. તેણે સિક્યોરિટી ગાર્ડની પણ મદદ માંગી જેમણે આ ચાર વિદ્યાર્થીઓ કેમ્પસ છોડીને ભાગે નહીં તે માટે દરવાજા બંધ કરી દીધા હતા.

ઘટનાની જાણ થતાં સેક્ટર-21ની પોલીસ ટીમ યુનિવર્સિટી પહોંચી હતી. પરંતુ આ ઘટના યુનિવર્સિટીના કેમ્પસમાં બની હોવાને કારણે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના કર્મચારીઓએ પોલીસને જણાવ્યું કે તેઓ પહેલા આંતરિક પૂછપરછ અને તપાસ કરશે. આ ઘટનાની પૃષ્ટિ કરતાં ગાંધીનગરના એસપી મયુર ચાવડાએ જણાવ્યું કે, આ ઘટના 17મી માર્ચના રોજ બની હતી. પરંતુ જ્યારે પોલીસની ટીમ ઘટના સ્થળ પર પહોંચી ત્યારે ફરિયાદ નોંધાવવાની ના પાડી દીધી હતી.

# ગાંધીનગરમાં ‘ટેટ’ના ઉમેદવારોનું વિરોધ પ્રદર્શન

■ વિદ્યાસહાયક ભરતીની જગ્યાઓ વધારવા સહિતની માંગ સાથે હોબાળો

ગુજરાત | વંદન



ગાંધીનગરમાં ટેટ ઉમેદવારો દ્વારા સોમવારે સત્યાગ્રહ છાવણી ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. જોકે, પોલીસે અહિથી 80 જેટલા ઉમેદવારોની અટકાયત કરી હતી. આ ઉમેદવારો વિદ્યાસહાયકની ભરતીની જગ્યાઓ વધારવા સહિતની માંગણી કરી રહ્યા હતા. પ્રદેશ ભાજપ પ્રમુખ અને કલેક્ટરને આવેદનપત્ર આપવાનું હતું. ઉલ્લેખનીય છેકે, તાજેતરમાં સરકારે વિદ્યાસહાયક માટેની ત્રણ હજારની ભરતી બહાર પાડી હતી. ટેટ પાસ ઉમેદવારો આ ભરતીનો વિરોધ કરી રહ્યા છે. તેઓની માંગ છેકે, રાજ્યમાં 18 હજાર જગ્યાઓ ખાલી છે. સરકાર માત્ર ત્રણ હજાર જ જગ્યા ભરી રહી છે. વધુ જગ્યાની ભરતી કરવા તથા બીન તાલીમી પ્રવાસી શિક્ષકથી બાળકોનું થતુ શોષણ અટકાવી કાયમી શિક્ષકની ભરતી કરવાની પણ તેઓ દ્વારા માંગ કરવામાં આવી હતી. સરકાર દ્વારા આ માંગણીઓ સ્વિકારમાં આવતા રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં ટેટ ઉમેદવારોએ ગાંધીનગરમાં ધામા નાખ્યા હતા.

## ભેદ ઉકેલાયો ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી અને અમદાવાદમાં

# ચેઇન સ્નેચિંગ-વાહન ચોરીનાં ગુના આચરતી ગેંગ ઝડપાઇ: 5ની ધરપકડ




ગુજરાત | વંદન

ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી અને અમદાવાદમાં ચેઇન સ્નેચિંગ-વાહન ચોરીનાં ગુના આચરી છેલ્લા એક વર્ષથી તરખાટ મચાવનાર પ્રાંતિજની ગેંગનો ગાંધીનગર લોકલ ક્રાઇમ બ્રાંચ દ્વારા પર્દાફાશ કરી પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. લોકલ ક્રાઇમ બ્રાંચે 10 ચેઇન સ્નેચિંગ અને બે વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલી દઈ કુલ રૂ. 7.59 લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર લોકલ ક્રાઇમ બ્રાંચની ટીમ પેટ્રોલિંગ દરમિયાન પેથાપુર ચાર રસ્તા પાસેથી બે બાઈક સાથે પાંચ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. પૂછપરછમાં આરોપીઓએ પોતાના નામ નરેશ શિવાજી મકવાણા (રહે. અમીનપૂર બ્રાહ્મણ વાસ પ્રાંતિજ, સાબરકાંઠા), ગુલાબસિંહ ઉર્ફે નંદુ ઉર્ફે ગુલીયો સરદારસિંહ મકવાણા (રહે. અનવરપૂરા, પ્રાંતિજ, સાબરકાંઠા), મહંમદ આદિલ મહમદ ઈલિયાસ શેખ (રહે. બારકોટ ફળી, પ્રાંતિજ, સાબરકાંઠા), નવઘણ શિવાજી મકવાણા (પીલોદ્રા, પ્રાંતિજ, સાબરકાંઠા), અને ભાથીજી બાપુજી મકવાણા (અમીનપૂરા, પ્રાંતીજ, સાબરકાંઠા) હોવાની કબૂલાત કરી હતી. આરોપીઓ પાસેથી સોનાની ચેઈન નંગ - 7, મંગળસૂત્ર નંગ - 2 અને એક ડોકિયું મળીને 10 નંગ સોનાના દાગીના (કિ રૂ. 5 લાખ 68 હજાર 947) મળી આવ્યા હતા. જે ધનસુરા, ઈડર, રખીયાલ, ચીલોડા, સેકટર - 21 અને પેથાપુર પોલીસ મથકની હદમાં મહિલાઓના ગળામાંથી તોડ્યા હોવાની પણ કબૂલાત કરી હતી. જ્યારે તેમની પાસેથી મળી આવેલા બાઈક પણ તેઓએ બાયડ અને જાદર પોલીસ મથકની હદમાંથી ચોરી કર્યાની કેફિયત વર્ણવી હતી.

એલસીબીની ટીમે સોનાના દાગીના, ત્રણ મોબાઈલ ફોન અને બે બાઈક મળીને કુલ રૂ. 7 લાખ 59 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# એ બાળાને સહાય બદલ ‘ગુજરાત વંદન’એ નિભાવી માનવીય ભૂમિકા

ગુજરાત | વંદન

આપણે એક નાનકડો દીવો પ્રગટાવીએ તો પણ તે તેની આજુબાજુનું અંધારું દૂર કરે છે.સંપૂર્ણ ભાગ ભલે પ્રકાશિત ન થાય પરંતુ દીવાની નજીક તો અંધારું ઉલેચાય જ છે.આપણા એક નાનકડાં પ્રયત્નથી કોઈનાં જીવનમાં પ્રકાશ ફેલાય ત્યારે આપણને આપણે કરેલો પ્રયત્ન સફળ થયેલ લાગે છે.

ગુજરાતના સૌથી લોકપ્રિય સાપ્તાહિક અખબાર ગુજરાત વંદનમાં ટૂંકી વાર્તા ‘સપનાં બધા મજાનાં’ શીર્ષક હેઠળ એક સત્ય ઘટના આધારિત વાર્તામાં મારી શાળામાં ભણતી એક ગરીબ પરિવારની બાળાની ગાથા આલેખાયેલી હતી ગુજરાત વંદનમાં



વાર્તા પ્રસિદ્ધ થયા બાદ તેને વાંચીને ઘણાંના ફોન આવ્યા અને એ પિતા વિહોણી બાળાને સહાય આપવામાં આવી. આ પ્રકારે ગુજરાત વંદને એક ગરીબ બાળાના જીવનમાં સહીયરૂપે અજવાળું પાથરવાનું માનવતા પૂર્ણ કાર્ય કર્યું છે.

આપણે તેનાં પપ્પા તો પાછાં લાવી શકીએ તેમ નથી.પરંતુ તેનાં મોઢાં પરની આ ખુશી અપાવનારા દરેક દાતાશ્રી નો હું ખૂબ આભારી છું. નાનકડો દીવો કોઈનાં જીવનનાં અંધકારને ઉલેચવા મથી રહ્યો છે.જ્યોત સે જ્યોત જલાતે ચલો...

■ અશોકસિંહ એ. ટાંક

### મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વગ ધરાવું છું કહી આચરી છેતરપિંડી

# AMCમાં મકાન, નોકરી અપાવવાનું કહી ગઠિયાએ ₹16.50 લાખ પડાવ્યા

ગુજરાત | વંદન




AMCની સ્કીમમાં મકાન તથા નોકરી અપાવવાના બહાને ગઠિયાએ નારણપુરના આધેડ પાસે ટુકડે ટુકડે 16.50 લાખ રૂપિયા પડાવ્યા હોવાની નારણપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

નારણપુરામાં રહેતા રમણભાઈ ચૌહાણે ફરિયાદ નોંધાવી હતી કે, ગત ડિસેમ્બર મહિનામાં તેમના ભાણેજ દ્વારા મુકેશ પંચાલ નામના શખ્સ સાથે પરિચય થયો હતો. મુકેશ પંચાલે સેટિંગમાં AMCની સ્કીમમાં મકાન અપાવાનું કહ્યુ હતું. મકાનના ફોર્મ, વેરિફિકેશન, મકાનની કિંમત તથા હપ્તા પેટે અલગ અલગ હપ્તા લીધા હતા. જેમાં 1.44 લાખ રમણભાઈ પાસે પડાવ્યા હતા. જેની સામે કોઈ રસીદ પણ આપી ન હતી પરંતુ ફોર્મ વાળા લખાણમાં સહી સિક્કાવાળું ઓરીજીનલ અરજી પત્રક આપ્યું હતું.

બાદમાં મુકેશ પંચાલે કહ્યુ હતું કે, હું મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ વગ ધરાવું છું જ્યાં તમને સફાઈ કામદારની નોકરી અપાવીશ જે માટે ઉપર પૈસા આપવા પડશે તેમ કહીને એક જાણના 30,000 રૂપિયા થશે તેવું જણાવ્યું હતું. આ પેટે ફરિયાદીએ 10,000 રૂપિયા પણ આપ્યા હતા. બાદમાં ફરિયાદીને અન્ય સંબંધીઓ સાથે પણ સંપર્ક કરીને તેમની બહેન પાસેથી 4,38,500 અને ભત્રીજા પાસેથી 10,67,000 પડાવ્યા હતા. આમ કુલ 16,49,500 રૂપિયાની છેતરપિંડી કરી હતી આ અંગે નારણપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ ક નોંધાઈ હતી. જોકે મુકેશ પંચાલે અનેક લોકો સાથે ઠગાઈ કરી હોવાનું પોલીસ માની રહી છે.

# અન્ન અને નાગરિક પુરવઠા વિભાગમાં ભ્રષ્ટાચાર ચાલતો હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

## 52 લાખ બાળકો મધ્યાહન ભોજનથી વંચિત રહ્યા: મનીશ દોશી

ગુજરાત | વંદન

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગમાં લાંબા સમયથી મોટા પાયે ભ્રષ્ટાચાર ચાલતો હોવાનો આક્ષેપ કોંગ્રેસ લગાવ્યો છે. કોંગ્રેસ પ્રવક્તા મનીશ દોશી એ આરોપ લગાવ્યો છે કે છેલ્લા ચાર મહિનાથી બીપીએલ કાર્ડ ધારકોને તુવેરદાળનું વિતરણ નથી કરાયુ. સાથે જ 52 લાખ કરતા વધુ બાળકો મધ્યાહન ભોજનથી વંચિત રહેવાનો આક્ષેપ પણ કર્યો છે.

કોંગ્રેસે સરકાર પર આરોપ લગાવ્યો છે કે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગમાં લાંબા સમયથી મોટા પાયે ભ્રષ્ટાચાર અને ગેરરીતિ ચાલે છે. સમયસર તુવેરદાળ ગરીબોમાં વિત્તરણ ન કરીને 180 કરોડ રૂપિયાનું કૌભાંડ થયું છે. તેમણે જણાવ્યુ કે




ચાર મહિનાથી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ, ગરીબ, સામાન્ય, મધ્યમવર્ગના 70 લાખ 81 હજાર 174 કાર્ડ ધારકો તુવેરદાળથી વંચિત છે. તેમજ ગુજરાતમાં 46 ટકા બાળકો અને 55 ટકા મહિલાઓ કુપોષણનો ભોગ બન્યા છે.

મનીશ દોશીએ જણાવ્યુ કે રાજ્યમાં ઓફલાઈન શાળા શરૂ થઈ ગઈ છે છતાં મધ્યાહન ભોજન શરૂ થયું નથી. ગેરરીતિને પગલે 52 લાખ કરતા વધુ બાળકો મધ્યાહન ભોજનથી વંચિત રહ્યાં છે. તુવેરદાળના અનેક ઉત્પાદકો હોવા છતાં કોટા તુવેર દાળ મિલોથી ઉંચા ભાવે ખરીદી કરવામાં આવે છે. બજારમાં 60થી 62 રૂપિયામાં મળતી તુવેરદાળ 95 રૂપિયાના ઉંચા ભાવે ખરીદવામાં આવે છે. તુવેરદાળનું ઉત્પાદન ન કરતી કંપનીઓ પાસેથી સપ્લાય લેવામાં આવે છે. કોંગ્રેસે પુરવઠા પ્રધાન પર આક્ષેપ કર્યો છે કે તેઓ તેમના મળતીયા કોન્ટ્રાક્ટરને ફાયદો પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

બીજી તરફ કોંગ્રેસના આક્ષેપ સામે અન્ન અને નાગરિક પુરવઠા પ્રધાન નરેશ પટેલે વળતો જવાબ આપ્યો છે. તેમજ સમયસર મધ્યાહન ભોજન શરૂ કરવા જણાવ્યું હતું.

# અમદાવાદ-પૂર્વના પોલીસ સ્ટેશનોમાં ‘કડક કાર્યવાહીની નવી પહેલ’

### JCPની સરપ્રાઈઝ વિઝિટની અસર, પોલીસની વર્તણૂંક બદલાઈ



ગુજરાત | વંદન

શહેરના પોલીસ સ્ટેશનોમાં પોલીસ લોકોની ફરિયાદ લેવાની ઠીક પણ તેમની સાથે સારી રીતે વાત પણ ન કરતા હોવાની અનેક ફરિયાદો વધવા લાગી હતી. આખરે સેક્ટર-2ના આઈજી ગૌતમ પરમારને સામાન્ય લોકો મળતા અને આજીજી કરતા જેથી અમુક લોકો સાથે તેમણે વાત કરતા આવા અનેક કિસ્સા પ્રકાશમાં આવ્યા હતા. જેથી તેમણે સેક્ટર- 2 વિસ્તારમાં આવેલા પોલીસ સ્ટેશનોમાં આઈજી પોતે ગ્રાઉન્ટ રીયાલીટીની ચકાસણી માટે પોતે ફરિયાદી બની મેદાનમાં ઉતર્યા હતા. જેમાં 3 પોલીસ સ્ટેશનોમાં રુબરુ જતાં તેમણે પણ પોલીસકર્મીઓનો કડવો અનુભવ થયો હતો. આ પરથી તમામ પોલીસ સ્ટેશનના સ્ટાફને શીખ મળે તથા તેમનુ કર્તવ્ય યાદ આવે અને સામાન્ય લોકોને સારી અને સરળ રીતે ન્યાય મળે તે માટે ચાર પોલીસકર્મીઓને ગેરવર્તણુક બદલ સસ્પેન્ડ કર્યા હતા.

નોંધનીય છે કે, અગાઉ પોલીસની ગેરવર્તણુંકની અનેક ફરિયાદોને પગલે સેક્ટર-2ના IG ગૌતમ પરમાર ગ્રાઉન્ડ રીયાલીટી તપાસવા માટે પોતે આમ આદમી બની મેદાને આવ્યા હતા. આઈજી એક મહિલા પોલીસ કોન્સ્ટેબલને પોતાની ભત્રીજી બનાવી નિકળ્યા હતા.

પહેલા કાગડાપીઠ પોલીસ સ્ટેશન પહોચ્યા ત્યાં તેમણે પોતાની સ્કુટી ચોરીની વાત કરી ત્યારે પોલીસે કહ્યું, 'આસપાસ શોધી લો મળી જશે. ના મળે તો બે દિવસ પછી પાછા આવજો.' તેથી તેમણે આ સ્કુટીમા પોતાનો પાસપોર્ટ હોવાની જાહેરાત પણ કરી હતી. ત્યારે આ પોલીસકર્મીઓ ગેરવર્તણુક કરી અને કહ્યું, તમારા પાસપોર્ટમાં કંઇ ગડબડી હશે તો તમને જ અરેસ્ટ કરવા પડશે. ત્યારે આમ આદમી બનીને આવેલા આઈજીએ કહ્યું કે, હું સેક્ટર-2 છું ત્યારે સામેથી પોલીસકર્મીએ કહ્યું કે, તમે સેક્ટર-2 હોય કે સેકટર-1 તમને અરેસ્ટ તો કરવા પડશે. આમ અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં પણ તેમને ખરાબ અનુભવ થયો હતો. આમ સેક્ટર-2 આઈજી ગૌતમ પરમારે કાગડાપીઠ પોલીસ સ્ટેશન અને અમરાઈવાડી પોલીસ સ્ટેશનના બે-બે પોલીસ કર્મીઓને સસ્પેન્ડ કર્યા હતા. જેથી સમગ્ર સેક્ટર-2 વિસ્તારના પોલીસ સ્ટેશનોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આમ કડક કાર્યવાહીથી સામાન્ય લોકોની તકલીફો નિવારણમાં નવી પહેલ થઇ હતી.

## અમદાવાદ : યાદવ સમાજ દ્વારા ભવ્ય હોળી મિલન સમારોહનું આયોજન

**વૃંદાવનના કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ**

ગુજરાત | વંદન

અમદાવાદમાં આગામી 26 માર્ચના રોજ યાદવ સમાજ દ્વારા ભવ્ય હોળી મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. કોરોના મહામારી બાદ છેલ્લા બે વર્ષથી સાંસ્કૃતિક કાર્યક્રમો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જોકે, કોરોના સંક્રમણના કેસો કાબૂમાં આવ્યા બાદ ફરી એકવાર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થવા લાગ્યું છે. અમદાવાદમાં ઈન્દિરા બ્રિજ પાસે આવેલા હાંસોલ સ્થિત ઓમદાસ પાર્ટી પ્લોટ ખાતે હોળી મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ 26 માર્ચ, 2022 ના રોજ સાંજે 6 વાગ્યે આયોજિત કરવામાં આવશે. આ પ્રસંગે એક સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વૃંદાવનના કલાકારો સમારોહમાં પર્ફોર્મન્સ કરશે. યાદવ સમાજ દ્વારા આયોજીત આ કાર્યક્રમને સફળ બનાવવા સમાજના અગ્રણી લોકો અને કાર્યકરો તરફથી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ બેઠકમાં સમાજના આગેવાનો એમ.ડી. યાદવ, ભીમ સિંહ યાદવ, ડી.એસ. યાદવ, રામ લખન યાદવ, મુકેશ યાદવ, ઈન્દ્રજીત યાદવ, મુલાયમ સિંહ યાદવ, રાધેશ્યામ યાદવ, રામભાઈ યાદવ, શ્યામ સિંહ યાદવ, જીતેન્દ્ર યાદવ, રાકેશ યાદવ વગેરે હાજર રહ્યા હતા. યાદવ, મનોજ યાદવ, અજય યાદવ અને મહેશ યાદવ હાજર રહેશે.

# પાટીદાર આંદોલનના 10 કેસ પરત લેવાયા

### તમામ કેસો આંદોલન સમયે તોફાન સંબંધીત નોંધાયા હતા

ગુજરાત | વંદન



ગુજરાતમાં 2015ના પાટીદાર અનામત આંદોલન સમયે આંદોલનકારીઓ સામે થયેલા કેસમાંથી 10 કેસ પરત ખેંચી લેવામાં આવ્યા છે. આજે રાજયની વિવિધ અદાલતોમાં રજુ થયેલા આ કેસો પરત ખેચવા રાજય સરકાર વતી સરકારી ધારાશાસ્ત્રી દ્વારા હાઈકોર્ટમાં આ અંગે એક સોગંદનામુ રજુ કર્યુ હતું. જેમાં આંદોલન સમયે થયેલા 10 કેસ પરત ખેંચી લેવામાં રાજય સરકારની સહમતી બનાવાઈ છે.

હવે તેના પર તા.15 એપ્રીલે સુનાવણી થશે. બીજી તરફ સરકારના સૂત્રોના જણાવ્યા મુજબ હાર્દીક પટેલ સામેના બે કેસ પણ પરત ખેચવાની તૈયારી છે અને જેમ જેમ જે કેસમાં હાઈકોર્ટમાં અને જે તે અદાલતોમાં મુદત આપે છે તેમ તેમ તે સમયે સરકાર આ કેસ પરત ખેચવા અંગેની પ્રક્રિયા શરુ કરે છે. હાર્દીક પટેલ સામે જો કે રાજદ્રોહના બે કેસ છે પરત ખેંચવાની પ્રક્રિયા ગુંચવણભરી છે જેમાં એક કેસમાં હાર્દીકને બે વર્ષની જેલ સજા પણ થઈ છે અને જેની સામેની તેની અપીલ પેન્ડીંગ છે અને હાર્દીક જામીન પર છે તેથી તે પરત ખેંચવા અંગે નિર્ણય લેવામાં આવશે.

## વિકલાંગ મહિલાએ બંગડી ચમકાવવાનું કેમિકલ પીને કર્યો આપઘાત

ગુજરાત | વંદન

સરકારી લિથો પ્રેસની બાજુમાં રહેતાં વિકલાંગ દંપતિ વચ્ચે છેલ્લા કેટલાક વર્ષોથી ચાલતા ખટરાગમાં પત્નીએ બંગડી ચમકાવવાનું કેમિકલ પી જઈ આત્મહત્યા કરી હતી. માધવપુરા પોલીસે 14 દિવસ અગાઉ બનેલી ઘટના અંગે મૃતકની માતાની ફરિયાદ આધારે વિકલાંગ પતિ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. 15 વર્ષના લગ્નજીવન દરમિયાન દંપતિને ત્રણ સંતાન હતા. માધુપુરામાં લિથો પ્રેસની બાજુમાં રહેતાં રાજેશ અને સોનિયાના લગ્ન સમાજ રાહે 15 વર્ષ અગાઉ થયા હતા. વિકલાંગ પતિ-પત્ની બંગડી ચમકાવવાનું કામ કરીને પોતાનું અને બાળકોનું ગુજરાન કરતું હતું. જોકે અવારનવાર રાજેશ પત્ની સાથે તકરાર કરતો અને માર મારતો હતો.

### દુષ્કર્મનો ભોગ બનેલી માસુમ બાળા માટે ન્યાયની માંગ

# ધંધુકામાં ‘નારી સન્માન રેલી’ યોજાઈ, પ્રાંત અધિકારીને પાઠવ્યું આવેદનપત્ર





ગુજરાત | વંદન

ધંધુકામાં 14 વર્ષની માસુમ બાળા પર કરવામાં આવેલ દુષ્કર્મની ઘટનાના સંદર્ભમાં ‘નારી સન્માન રેલી’ યોજાઈ હતી. વિવિધ સામાજિક સંગઠનો દ્વારા ‘નારી સન્માન રેલી’ કરવામાં આવી હતી. આ રેલીમાં રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ સહિત ભાવનગરના તથા અન્ય વિવિધ સામાજિક સંગઠનોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. તેમણે પ્રાંત અધિકારીને લેખિતમાં રૂબરૂ આવેદનપત્ર આપ્યું હતું.

આ સંગઠનો ધ્વારા આપવામાં આવેલ આવેદનપત્રમાં સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી કે, આ કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવવામાં આવે, આ કેસ માટે સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરની નિમણુંક કરવામાં આવે, આરોપીઓને ભવિષ્યમાં જામીન અરજી મુકે અને તે મંજુર કરવામાં આવે તો સરકાર તરફથી એને સર્વોચ્ચ અદાલત સુધી પડકારવામાં આવે, તાલુકાના અત્યાચાર થવાની સંભાવના હોય એવા ગામડા ઓળખી તાત્કાલિક ધોરણે ત્યાં અત્યાચાર અટકાવવાના પ્રયાસ હાથ ધરવામાં આવે અને પીડિત પરિવારને વળતર ચુકવવામાં આવે અને સુરક્ષા પુરી પાડવામાં આવે.

## નારોલ પોલીસ સ્ટેશનના PI અને બે PSI સસ્પેન્ડ




ગુજરાત | વંદન

ગુજરાતના પોલીસ વડાએ અમદાવાદના નારોલ પોલીસ મથકના પીઆઈ અને બે પીએસઆઈને ફરજમાં બેદરકારી બદલ સસ્પેન્ડ કર્યા હતા. જેમાં તાજેતરમાં જ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા નારોલ વિસ્તારના પીપલજ કમોડ રોડ પર આવેલા વાડામાં રેડ કરવામાં આવી હતી જ્યાંથી 74 લાખથી વધુની રકમના લોખંડના સળિયા મળી આવ્યા હતા. સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ દ્વારા તપાસ કરતા લોખંડના સળિયા ચોરીનો માલ હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે રાજ્ય પોલીસે વડાએ નારોલ પીઆઈ કે.એસ.પટેલ, પીએસઆઈ એસ.વી.પરમાર અને આર.આર. આંબલીયાને સસ્પેન્ડ કર્યા છે.

# અમદાવાદ પોલીસે 2 વર્ષમાં 83 હજારથી વધુ વાહનો જપ્ત કર્યા

- જપ્ત થયેલા પૈકી 6541 વાહનો હજુ કોઈ છોડાવવા નથી આવ્યું

ગુજરાત | વંદન



અમદાવાદ શહેરમાં જ પોલીસે છેલ્લા બે વર્ષમાં 83,884 વાહનો જપ્ત કર્યા હતા, જેમાંથી 6,541 હજુ સુધી કોઈ છોડાવવા નથી આવ્યું. વિધાનસભાના ચાલુ સત્રમાં કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ દ્વારા પૂછાયેલા સવાલમાં સરકારે માહિતી આપી હતી કે, વર્ષ 2020 અને 2021માં અમદાવાદ શહેર પોલીસે રોજના સરેરાશ 109 વાહનો જપ્ત કર્યા હતા.

સરકારી આંકડા અનુસાર, જપ્ત કરાયેલા વાહનોના માલિકો પાસેથી 11.02 કરોડ રુપિયા દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. 2020માં જે વાહનોને જપ્ત કરાયા હતા તેમને છોડાવવા તેમના માલિકોએ સરેરાશ 1425 રુપિયા દંડ ભરવો પડ્યો હતો. આ વર્ષમાં 62,993 વાહનો જપ્ત કરાયા હતા, જેમાંથી 4,034 હજુય બિનવારસી હાલતમાં પોલીસ સ્ટેશનોમાં પડ્યા છે. 2021માં પોલીસે 20,891 વાહનો જપ્ત કર્યા હતાં, જેમાંથી 2,507 વાહનો હજુય કોઈ છોડાવવા નથી આવ્યું.

એક આરટીઓ અધિકારીના જણાવ્યા અનુસાર, ઘણા વાહનો એવા પણ છે કે જેને સેકન્ડ હેન્ડ ખરીદવામાં આવ્યા હોય, પરંતુ તેની માલિકી ટ્રાન્સફર ના કરાઈ હોય. ઘણા કિસ્સામાં વાહનના મૂળ માલિકનો અતોપતો ના હોવાથી તેને છોડાવવું મુશ્કેલ બની જાય છે. તો કેટલાક મામલામાં વાહન માલિક પાસે પીયુસી, આરટીઓની રસીદ તેમજ આરસી બુક ના હોવાના કારણે તેને છોડાવી નથી શકાતા. વાહન જો જૂનું હોય તો ઘણીવાર તેને છોડાવવા માટે દંડની જેટલી રકમ ભરવાની આવે તે વાહનની કિંમત કરતાં પણ વધી જતી હોવાથી પણ લોકો તેના માટે તૈયાર નથી થતા.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)




શહેરના ગીતામંદિર વિસ્તારમાં કાંટોડીયા વાસ પાસે આવેલા વીમા યોજનાના દવાખાનાની આગળ કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે જેના પગલે આસપાસના વિસ્તારોમાં રોગચાળો ફેલાવાની શક્યતાઓ સેવાઈ રહી છે.




પૂર્વ વિસ્તારમાં રખડતા ઢોરોની સમસ્યા પ્રજા માટે માથાનો દુઃખાવો બની છે. ત્યારે બહેરામપુરાના માર્ગો પર રખડતા ઢોરોના પગલે વાહનચાલકોમાં અકસ્માત સર્જાય તેવી સ્થિતિ તસ્વીરમાં જોવા મળી રહી છે.




અમ્યુકો. સ્વચ્છતાના ગાણા ગાઈ રહી છે ત્યાં બીજી તરફ રસ્તા પર કચરાના ઢગલા જોવા મળી રહ્યાં છે. અમરાઈવાડીના જોગેશ્વરી રોડ પર કચરાના ઢગલાના પગલે ગાયો પ્લાસ્ટિકની થેલીઓ સહિત અન્ય કચરો ખાઈ રહી છે. રખડતા ઢોરોને કારણે અવાર-નવાર અકસ્માત સર્જાય છે પરિણામે સ્થાનિક લોકો ત્રાહિમામ પોકારી ગયા છે.



જગન્નાથપુરીના મહારાજાએ પ્રમુખસ્વામી મહારાજને તેમના જન્મશતાબ્દી નિમિત્તે ‘શાસ્ત્રપરંપરાકલ્પદ્રુમ’ સન્માનરૂપે ભક્તિમય અંજલિ અર્પણ કરવામાં આવી હતી અને પ્રસ્થાનત્રયી પર ‘સ્વામિનારાયણ ભાષ્ય’ના ભાષ્યકાર મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીને ‘ભાષ્ય મહાચાર્ય’ની ઉપાધિથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# સાબરમતી નજીક જગતપુર ફાટક પાસે રેલવે કર્મચારીની હત્યા

## લાશને ખુલ્લા મેદાનમાં ફેંકી હત્યારાઓ ફરાર

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં હત્યાની બે ઘટનાઓ બની હતી. સાબરમતી તેમજ રખિયાલ વિસ્તારમાં આધેડની કરપીણ હત્યાના બનાવો બન્યા હતા. આ મામલે અલગ અલગ ઘટનાઓમાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

સાબરમતી રેલવે પાસે જગતપુર ફાટક નજીક રેલવેના કર્મચારીની હત્યા કરી લાશ ફેંકી દીધી હતી. ઘટનાની જાણ થતાં સાબરમતી પોલીસ ઘટનાસ્થળ પર દોડી આવી હતી. અને તપાસમાં લાગી ગઇ હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે નજીકની સોસાયટીમાં રહેતા અમિતકુમાર સત્યાર્થી ઓએસ તરીકે રેલવેમાં ફરજ બજાવતા હતા. શરીરે બોથડ પદાર્થના ફટકા માર્યા હતા. જેના



કારણે તેમનું મોત નિપજ્યું હતું. આ મામલે સાબરમતી પોલીસે અજાણ્યા શખ્સો સામે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### રખિયાલમાં અપહરણ બાદ આધેડની કરપીણ હત્યા

તો બીજી તરફ શહેરના રખિયાલ વિસ્તારમાં એક આધેડનું અપહરણ કરી હત્યા કરી દેવામાં આવી હતી. આ મામલે પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મોબાઈલ ચોરીની આશંકામાં હત્યા થઈ હોવાનું જાણવા મળ્યું હતું. વિગત મુજબ, રખિયાલમાં 52 વર્ષીય આધેડનું અપહરણ કરી હત્યા કરી નાંખવામાં આવતા ચકચાર મચી ગઈ હતી. મોબાઈલ ચોરીની આશંકાએ રિક્ષામાં બેસાડી અપહરણ કરાયું હતું. પરિવારજનોને આધેડ નૂતન સ્કૂલ પાસે ઈજાગ્રસ્ત મળી આવ્યા. હોસ્પિટલમાં લઈ જતા આધેડનું થયું મોત. શરીર પર કરંટ આપી તેમજ માર મારતા મોત થયું. અપહરણ અને હત્યા કરનારા 4 યુવકોની ધરપકડ કરવામાં આવી છે. રખિયાલ પોલીસે આરોપીની પુછપરછ હાથ ધરી હતી.

સાપ્તાહિક ગુજરાત વંદન સંપાદકીય....

# સતત અને સખત ભાવ વધારો સહન કરવાની સર્વદા શક્તિ સામાન્યજનને મળે...!

દેશના અર્થતંત્ર ઉપર રશિયા-યુક્રેન યુધ્ધની અસરો જોવા મળી રહી છે. યુધ્ધના નામે મોટા ભાગના વેપારીઓએ ચીજવસ્તુઓના ભાવમાં વધારો કરી નાંખ્યો છે. કેન્દ્ર સરકાર પણ વિદેશથી અને ખાસ કરીને રશિયા અને યુક્રેનથી જે માલસામાન આયાત કરે છે તેના ઉપર અસરો જોવા મળી રહી છે. યુદ્ધ ક્યારે પુરૂ થશે એ માત્રને માત્ર રશિયાના તાનાશાહ બનેલા પુટીન જ કહી શકે. કેમ કે યુદ્ધની શરૂઆત તેમણે કરી છે.

બીજી શરૂઆત મોંઘવારી ક્ષેત્રે અમૂલ દ્વારા થઇ છે. એક માર્ચથી દૂધના ભાવમાં લીટરે બે રૂપિયા વધાર્યા બાદ અમૂલની અન્ય પ્રોડક્ટના ભાવમાં પણ વધારો થયો. અમૂલના પગલે અન્ય સહકારી ડેરીઓ અને ખાનગી દૂધ વેપારીઓએ પણ લીટરે પાંચ રૂપિયાનો વધારો કર્યો. પેટ્રોલ-ડિઝલના ભાવ નહીં વધે..નહીં વધે..એવી શક્યતાને ખોટી પાડીને તેલ કંપનીઓએ પેટ્રોલ-ડિઝલના ભાવ વધાર્યા તો તેની પાછળ પાછળ ઘરેલુ રાંધણ ગેસના ભાવમાં પણ 50 રૂપિયાનો વધારો આવ્યો...!

ખાનગી ક્ષેત્રે અદાણી એન્ડ કંપની છાશવારે પીએનજી અને સીએનજીના ભાવમાં વધારો કર્યે જ જાય છે...કર્યે જ જાય છે, જાણે કે કોઇ બોલનાર નથી, કોઇ ટોકનાર નથી. સીએનજીમાં સમયાંતરે બબ્બે રૂપિયા વધારીને અદાણી કોઇ પરસેવો પાડ્યા વગર રોજના કરોડોની કમાણી કરે છે. પીએનજીના ભાવમાં પણ વધારો કર્યે રાખે છે. જાણે કે ન કોઇ હમ કો રોકે, ના કો હમ કો ટોકે..ટેલિકોમ કંપનીઓ પણ ઇન્ટરનેટના ભાવમાં વધારો કરે છે.

રોજે રોજ શાકભાજી, ડુંગળી-બટાકા વગેરેના છૂટક ભાવોમાં વધારાની ગૃહીણીઓ સિવાય કોઇ નોંધ જ લેતા નથી. મોંઘવારી કાંઇ આજકાલની કે આજકાલથી નથી. પહેલાથી ચાલતી આવે છે..એમ કોઇ ચોક્કસ બચાવ કરે તો તે તેમનો હક્ક છે. પણ આજની કપરી સ્થિતિમાં જ્યારે દેશ કોરોનાકાળમાંથી માંડ માંડ બહાર આવીને અર્થતંત્રની ગાડી ફરી પાટે આવી રહી છે તેવા સમયે આ તમામ વધારાથી સામાન્ય લોકો પર વધારાનો ભાર આવી શકે અને આવ્યો છે...

અબ કી બાર, મહંગાઇ પર વાર...ના સૂત્રને સાર્થક કરવા સત્તાવાળાઓએ સર્વજન હિતાય સર્વજન સુખાય...માટે ભાવ વધારો કરતાં પહેલા જો વિચારે તો કરોડો લોકોને લાભ મળી શકે. અમૂલ સહકારી ક્ષેત્રમાં હોવાથી કાંઇ તે સરકારના નિયંત્રણની બહાર નથી. ભાવ વધારાથી અમૂલને રોજના 3 કરોડ રૂપિયાની વધારાની આવક અને એક મહિનામાં 90 કરોડની આવક દૂધના પાઉચ પર નવી કિંમત લખ્યા સિવાય બીજુ કાંઇ કર્યા વગર થઇ રહી છે. 35 લાખ દૂધ ઉત્પાદકો માટે 135 કરોડ પર બોજ એ તો અન્યાય છે. અમૂલે નફા-નુકશાનના આંકડા જાહેર કરવા જોઇએ.

24 માર્ચના રોજ પ્રથમ લોકડાઉનને બે વર્ષ પૂરા થશે. બે વર્ષમાં લોકોની શું હાલત થઇ તે સરકાર જાણે જ છે. હાલમાં બધુ થાળે પડી રહ્યું હોય ત્યારે ભાવ વધારો ટાળવામાં આવે ને ખાસ કરીને દૂધના ભાવમાં તો ભાવ વધારો ન જ થાય તેવી ખાતરી સરકાર આપે તો લોકોને રાહત રહે. બાકી તો કરોડો લોકો મોંઘવારીને એવો સવાલ કરી રહ્યાં છે- હે મોંઘવારીબુન, હવે તું ડાયન કેમ નથી....?! સતત અને સખત ભાવ વધારો સહન કરવાની સર્વદા શક્તિ સામાન્યજનને મળે...!

## ધર્મ

# આંધ્રપ્રદેશમાં ભારતનું સૌથી ધનિક મંદિર



આપણા દેશમાં ભગવાન વિષ્ણુના ઘણા મંદિરો છે જે અલગ અલગ નામ છે. આવું જ એક મંદિર દક્ષિણ ભારતના આંધ્ર પ્રદેશના ચિત્તૂર જિલ્લામાં તિરુપતિમાં તિરુમાલાની ટેકરી પર આવેલું છે. આ મંદિર તિરુપતિ બાલાજી તરીકે પ્રખ્યાત છે. આ મંદિરની ઘણી બાબતો તેને ખાસ બનાવે છે. તિરુપતિ બાલાજીને દેશનું સૌથી ધનિક મંદિર પણ કહેવામાં આવે છે. આ મંદિરની ઘણી પરંપરાઓ છે, જે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. ટેકરી પર સાત શિખરો હોવાને કારણે આ મંદિરને સાત ટેકરીઓનું મંદિર પણ કહેવામાં આવે છે. મંદિરમાં દરરોજ લગભગ 50 હજારથી 1 લાખ ભક્તો દર્શન માટે પહોંચે છે.

એવું માનવામાં આવે છે કે અહીંના મંદિરમાં સ્થાપિત કાળા રંગની દિવ્ય મૂર્તિ કોઈએ નથી બનાવી, પરંતુ તે પોતે જ જમીનમાંથી પ્રગટ થઈ હતી. તે તેના સ્વ-અભિવ્યક્તિને કારણે વ્યાપકપણે ઓળખાય છે.

આ મંદિર વિશે એવું કહેવાય છે કે તે મેરુપર્વતના સાત શિખરો પર બનેલું છે, જે ભગવાન શેષનાગનું પ્રતીક માનવામાં આવે છે. આ પર્વતને શેશાંચલ પણ કહેવામાં આવે છે. તેના સાત શિખરો શેષનાગના સાત હૂડનું પ્રતીક હોવાનું કહેવાય છે. આ શિખરોને શેષાદ્રિ, નીલાદ્રિ, ગરુડાદ્રિ, અંજનાદ્રિ, વૃષ્ટાદ્રિ, નારાયણદ્રિ અને વેંકટાદ્રિ કહેવામાં આવે છે. તેમાંથી ભગવાન વિષ્ણુ વેંકટાદ્રી નામના શિખર પર બિરાજમાન છે અને આ કારણે તેઓ વેંકટેશ્વર તરીકે ઓળખાય છે.

## મૃણાલ સેનની ભુવન શોમ ફિલ્મે ભારતીય સિનેમામાં ન્યૂ વેવનો પાયો નાંખ્યો

# એક એવી ફિલ્મ કે જેણે હિન્દી સિનેમાને નવા પ્રકારની ફિલ્મ બનાવવા પ્રેરણા આપી

53 વર્ષ પહેલાં જ્યારે હિન્દી સિનેમા મોનોટોનસ મોડમાં એકધાર્યુ અને એક જ પ્રકારની ફિલ્મોમાંથી પસાર થઇ રહ્યું હતું ત્યારે એક બંગાળી બાબુમોશાય દ્વારા બનાવાયેલી સાવ સાદી ફિલ્મે એવા તરંગો અને વમળો સર્જ્યા કે હિન્દી સિનેમા યુગમાં તેને ન્યૂ વેવ નવા પ્રવાહ, નવા તરાહની ફિલ્મ જાહેર કરી એક એવો નવો દૌર શરૂ તયો કે જેમાં હિન્દી સિનેમાંને અંકૂર, અર્ધસત્ય, મિર્ચ મસાલા, જાને ભી યારો, આક્રોશ,નીચાનગર, સલીમ લંગડે પે મત રો, ગરમ હવા જેવી ફિલ્મોનો રસાસ્વાદ ચાખવાનો લ્હાવો ભારતીય દર્શકોને મળ્યો હતો. એ ન્યૂ વેવ ફિલ્મ હતી ભુવન શોમ. જેમાં મિલેનિયમ મેગા સ્ટાર અમિતાભ બચ્ચનના અવાજનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને એ બદલ તેમને માત્ર 300 રૂપિયા એ સમયે મહેનતાણારૂપે મળ્યા હતા...!

જ્યારે વખાણાયેલા ફિલ્મ નિર્માતા મૃણાલ સેને તેમની પ્રથમ હિન્દી ફિલ્મ તરીકે ભુવન શોમ બનાવી, ત્યારે તેઓ જાણતા ન હતા કે આ ફિલ્મ તેમને ભારતીય સિનેમાની નવી વેવ શરૂ કરવાનો શ્રેય આપશે. અને જ્યારે ફિલ્મે વિશિષ્ટ પ્રેક્ષકો સાથે અસાધારણ રીતે સારો દેખાવ કર્યો, ત્યારે તેઓ પણ નવાઇ પામી ગયા હતા. 1969ની એ ફિલ્મને ઘણીવાર એવી ફિલ્મ તરીકે ટાંકવામાં આવે છે જેણે 'આર્ટ સિનેમા'ને દર્શકો માટે "સ્વાદિષ્ટ" બનાવ્યું હતું. કારણ કે તેમાં એ વખતના 'મુખ્ય પ્રવાહની ફિલ્મો'માં ઉપયોગમાં લેવાતા તમામ ઘટકો હતા, તેમ છતાં તેની રજૂઆત શુદ્ધ, ઉત્તમ અને એવા પ્રકારની હતી જેણે દર્શકોના મન ઉપર એક કાયમી છાપ છોડી હતી.

1969ની આ ફિલ્મમાં ઉત્પલ દત્તે મુખ્ય પાત્ર તરીકે અભિનય કર્યો હતો જેને સરળતાથી કડક અમલદાર




તરીકે વર્ણવી શકાય છે, જે શિકારનો શાખીન છે અને એકાંત જીવન જીવે છે, જો કે એક દિવસ તે તેના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળવાનું નક્કી કરે છે અને ગુજરાતના એક ગામમાં રજા ગાળવા જાય છે. ત્યાં તેની મુલાકાત ફિલ્મની હિરોઇન ગૌરી (સુહાસીની મૂલે) સાથે થાય છે અને તેના પરિચયમાં આવ્યાં બાદ શિકારના શોખીન નિર્દોષ પક્ષીઓનો જીવ હણનાર શિકારીના જીવનમાં પરિવર્તન આવે છે અને સમજે છે કે જીવન તો લોકોની સાથે જ જીવવું શ્રેષ્ઠ છે. સ્ત્રી સાથે વારંવાર વાતચીત હરવુ ફરવુ વગરે. કારણે તેના દિલમાં ધરબાયેલી સુષુપ્ત ઈચ્છાઓ બહાર આવે છે, જે તેણે વર્ષોથી અનુભવી નથી...

ભુવન શોમની 90-મિનિટ કોઈ કડક વાર્તા દ્વારા નિર્ધારિત નથી પરંતુ અનુભવોનો સંગ્રહ છે જે પ્રેક્ષકોને કેટલાક 'નવા તરંગ' તત્વોનો પરિચય કરાવે છે જે ભારતીય પ્રેક્ષકોએ અત્યાર સુધી જોયા ન હતા. એ નોંધવું રસપ્રદ છે કે અમિતાભ બચ્ચન માટે આ પ્રથમ એવી ફિલ્મ હતી કે જેમા તેમની કરિયરની શરૂઆતની ક્રેડિટમાં તેમની અટક બચ્ચન લખવામાં આવી નહોતી. પોતાના પુસ્તક, ઓલ્વેઝ બીઈંગ બોર્ન - અ મેમોયરમાં, સેને ઉલ્લેખ કર્યો છે કે તેમણે બચ્ચનને ફિલ્મ માટે ચેક લેવાનો આગ્રહ રાખવો પડ્યો હતો અને તે ચેક માત્ર રૂ. 300નો હતો. બચ્ચન, જે આખરે મુખ્યપ્રવાહના સિનેમા માટે ઊભી થયેલી દરેક વસ્તુ માટે ત્યારબાદ બોલીવુડનો પોસ્ટર બોય બની ગયા હતા, પણ ફિલ્મોમાંથી તેની પ્રથમ આવક બિન-વ્યાવસાયિક (નોન કોમર્શિયલ) ફિલ્મમાંથી મેળવી હતી.

ભુવન શોમની થીમ્સ તે ફિલ્મ રજૂ થઇ ત્યારથી આજદિન સુધીના દાયકાઓમાં વિવિધ રીતે અર્થઘટન કરવામાં આવી છે. ઘણા લોકો આ ફિલ્મને એકલા માણસની કંપની શોધવાની સફર તરીકે જુએ છે, પરંતુ ફિલ્મમાં શ્રૃંગારિક અંડરટોન વિશે ઘણી વાતચીત થઈ છે. જ્યારે શોમ રજાઓ ગાળવા ગુજરાતના એક ગામમાં પક્ષીઓના શિકાર કરતી વખતે ગૌરીને મળે છે, ત્યારે તે તેના સ્વાગત સ્વભાવથી આશ્ચર્યચકિત થાય છે. ફિલ્મના સબટેક્સ્ટ અને બે પાત્રોના કેટલાક ક્લોઝ-અપ્સ જાતીય ઉત્તેજનાનો મંદ મંદ સંકેત આપે છે.

પક્ષીઓનો શિકાર કરવાના તેના દિવસભરના સાહસમાં તે ગૌરીનો સંગાથ સ્વીકારે છે. પક્ષીઓના ટોળાને શોધવાનો પ્રયાસ કરવા માટે શોમનો શિકાર કરવાનો સ્વભાવ એવા સમાજમાં રહેવાની તેની આંતરિક ઈચ્છા તરફ સૂક્ષ્મ રીતે સંકેત આપે છે જ્યાં તે લોકોથી ઘેરાયેલો હોય. કેમ કે તેમણે પોતે જ બીજાઓથી પોતાની જાતને દૂર કરી હતી. પરંતુ ગૌરીને મળ્યા પછી તેના નિર્ણય પર સવાલ ઉઠાવવા લાગે છે.. આ ફિલ્મમાં ગૌરી અને તેના પિતાને ગુજરાતીમાં વાતચીત કરતાં દર્શાવવામાં આવ્યાં છે.

ફિલ્મની દર્શકોને સૌથી વધુ જકડી રાખવાના સિક્વન્સમાંનો એક એવો આવે છે જ્યારે ગૌરી



**સેનની ન્યૂ વેવ ફિલ્મમાં અમિતાભ બચ્ચનને ત્યારે માત્ર 300 રૂપિયા જ મળ્યા હતા**

ભુવનને 'પુરાણી હવેલી'ની આસપાસ બતાવે છે અને ત્યાં રહેતા રાજાઓ અને મહારાજાઓની વાર્તાઓ યાદ કરે છે. તે એક ખૂણામાં બેસે છે અને રાણીની વાર્તા સંભળાવે છે જે એ જ જગ્યા પર 'ઝુલા' પર હતી. કે જ્યાં ગૌરી બેસે છે. તે તેના હાથ ઉપર રાખે છે જાણે કે તે ઝૂલા પર બેઠી હોય અને કે.કે. મહાજન (ફોટોગ્રાફીના નિર્દેશક), કેમેરાને ઝૂમ ઈન અને આઉટ કરે છે જેથી તે ગતિમાં સ્વિંગની છાપ આપે. મહાજન કેમેરાનો એવી રીતે ઉપયોગ કરે છે જે એકલતાને પ્રકાશિત કરે છે જેણે શોમને ઘેરી લીધો છે અને ધીમે ધીમે અન્ય લોકોને જગ્યા આપે છે જેઓ હવે તેમના જીવનમાં આવકાર્ય છે... ભુવન શોમ માત્ર રૂ. 2 લાખના બજેટમાં બનાવવામાં આવી હતી અને તે ફિલ્મ ફાઈનાન્સ કોર્પોરેશન (હવે એનએફડીસી તરીકે ઓળખાય છે) દ્વારા ધિરાણ મેળવનારી પ્રથમ ફિલ્મોમાંની એક હતી, (અનુસંધાન પેજ નં.6 પર)

# સ્ત્રીના સમર્પણમાંથી પુરુષની મોટાઈ પ્રગટી છે

## ઉર્જા ઉજાસની

નટવર ગોહેલ

વિશ્વ મહિલા દિન આવે ત્યારે જ આપણે મહિલાના ગુણગાન ગાવા બેસીએ છીએ. હું એમ માનું છું કે બધા જ દિવસો સ્ત્રીના છે, તેની પાછળ ચાલતા પુરુષના પણ ખરા. સ્ત્રી વિનાના જગતની કલ્પના થઈ શકે નહીં. મારે પુરૂષને પૂછવું છે તમે તમારા હ્રદય પર હાથ મુકી ખુલ્લાસથી બોલો શું તમે સ્ત્રી વિહોણા જગતની કલ્પના કરી શકો છો? સ્ત્રી મા છે, બહેન છે, પુત્રી છે, પત્ની છે, ભાભી છે. જગત આખું સ્ત્રીથી રચાયું, ગુંથાયું અને વણાયું છે.

આપણે સ્વીકારીએ છીએ એક હાથે તાળી નથી વાગતી, પુરુષનો હાથ લંબાયા પછી તાળી રચાય છે, તેનો રણકો પ્રસરે છે. પણ, સ્ત્રીની તાકાતને જરાયે ઓછી આંકવી જોઈએ નહીં. કહેવાતો મોટો માણસ ભલે છાતી તાણી ચાલે કે મૂછ પર હાથ ફેરવે પણ તેની મોટાઈ ક્યાંથી આવી? સ્ત્રીના ટેકા વગર તેના ટાંટિયા સ્થિર રહી જ શક્યા ન હોત.

આંગળીના વેઢે ગણી શકાય, અથવા ઘણા ઓછા કિસ્સામાં એકલે હાથે પુરુષે ઊંચાઈ હાંસલ કરી હશે, પણ તેની ટકાવારી ઘણી ઓછી. મોટેભાગે સ્ત્રીના પ્રોત્સાહન બળથી જ પુરૂષના પગ ઉપડતા હોય છે. થાકીને ઘરે આવતા પુરૂષની ઊર્જા સ્ત્રીના એક કપ ચામાંથી ઉભરી આવે છે. સ્મિત ગુમાવી ચૂકેલા પુરૂષના હોઠ પર પુનઃ સ્મિત સ્થાપિત થાય છે સ્ત્રીના 'કેમ છો'ના રણકાથી. થાકીને ઘર તરફ પરત ફરતા પુરૂષના પગમાં જે જોમ ઉભરાય છે તે પણ ગૃહીણીના 'આવી ગયા'ના રણકારથી જ.

સંસાર કંસાર જેવો એટલા માટે લાગે છે કે સ્ત્રીનો સથવારો છે. સ્ત્રીની શક્તિને



ઓછી આંકનાર માણસ સદૈવ મૂર્ખાઓની ભીડમાં જ ગુંગળાતો રહે છે. દંભી અને આડંબરખોર માણસ સ્ત્રીશક્તિનો સ્વીકાર કરતો નથી, તે તેનાથી ભાગતો રહે છે.

આઝાદીની ચળવળમાં સ્ત્રીઓ પણ આગળ હતી. હવે ઘુંઘટ તાણીને ઘરના ખૂણામાં બેસી રહે તે સ્ત્રી નથી. સ્ત્રીએ ઉંબર છોડીને ફળિયે પગ દીધો છે, તેણે શેરી વળોટી ચોરાહા પર ડગ માડી અવાજ કાઢ્યો છેઃ આ વિશ્વની હવામાં અમે પણ શ્વાસ લેવો ઈચ્છીએ છીએ.

એક સમય એવો હતો જ્યારે ગામના પાદરે પગરણ માડતો વરઘોડિયો સ્ત્રીને કહેતો : અલી, આ ગામડું ગામ છે. દરબારી ગામ છે. ધુંઘટ તાણી છેટીછેટી આવજે. આપણે આગળ પાછળ ચાલીને ખોરડે પુગીશું.

પણ, એ સમય ગયો. હવે સ્ત્રી-પુરૂષ લગોલગ ચાલી ઘરે જાય છે. પરણીને આવેલી સ્ત્રી સસરા સાથે વાત કરી શકતી ન હતી, હવે તો બદલાતા સમયની સાથે ઘણું બધું બદલાયું છે, વહુ સસરા સાથે 'સાંજે, પપ્પા શું બનાવું?' એમ કહીને વાતના શ્રી ગણેશ કરશે. સુશિક્ષિત સસુરજી પણ ઘણા કિસ્સામાં પારિવારિક મિટીંગમાં પુત્રવધૂની સલાહ લેતા થયા છે.

સ્ત્રીની શક્તિઓ આઝાદી પછીના સમયકાળમાં વધુ તેજોમય બની હોઈ, તેનો સ્વીકાર કર્યા વિના ચાલશે નહીં. પુરૂષપ્રધાન સમાજમાં પ્રભુદ્ધ અને સુશિક્ષિત લોકો સ્ત્રીનું મહત્વ સમજવા માંડ્યા છે, કેટલાક કિસ્સામાં અહમ પોષક દંભી પુરૂષોમાં હજુ પણ એવી માન્યતા ઘર કરી ગઈ છે કે, સ્ત્રીએ તો ઘર સંભાળવાનું, બાળકો રમાડવાના અને રસોડે બેસવાનું! પણ, આ માન્યતા સરાસર અસ્વીકાર્ય ગણાય. આવા દંભી પુરૂષો સ્ત્રીને હજુયે ઓઝલમાં રાખવા ઊંચાનીચા થતા રહે છે. પણ, છેવટે બદલાયેલા સમયે તેવા પુરૂષોને તેમનું ઠેકાણું બતાવી દીધું છે.

શિક્ષણના વ્યાપક સ્તરના પરિપાકરૂપે દંભી લોકોની આંખો ઝૂકી છે, નમ નથી થઈ, નમી છે. સ્ત્રી હવે ઘર અને નોકરી દ્વારા પોતાની વધુને વધુ જવાબદારીઓ સ્વીકારીને અગ્રેસર થઈ રહી છે. સ્ત્રી પહેલેથી જ પુરૂષ સમોવડી છે, તેને પુરૂષ સમોવડી કોણ બનાવે..? અરે, તેણે જાતે જ પોતાનું સ્થાન ઊભું કર્યું છે. તે પોતે પહેલા પણ જાગૃત હતી, આજે પણ છે અને કાયમ રહેશે.

હા, હજી ઘણા સુધારા આવશ્યક છે. સ્ત્રી કુટુંબ-પરિવારની ઈજ્જતના ધજાગરા ના ઉડે એટલા ખાતર પીડા પચાવે છે. કેટલાક પરિવારોમાં ઘરેલું હિંસાને ભોગ પણ બનવું પડે છે. દહેજના પ્રશ્નો આજે પણ કનડી રહ્યા છે. સ્ત્રીને પીડી રહ્યા છે. મનોમન રહેંસી રહ્યા છે. પણ, બહાદુર અને શૌર્યવંતી સ્ત્રીઓ જ્યારે બહાર પડે છે ત્યારે આવા દંભીઓનો પર્દાફાશ થઈ જાય છે.

સ્ત્રી પણ કોઈની દીકરી હોય છે, પોતાની આખી દુનિયા છોડીને તે અજાણ્યાના ઘરને પોતાનું ઘર ગણીને નવેસરથી જીવવાનું શરૂ કરે છે ત્યારે તે સ્ત્રીને કોટિકોટિ વંદન જ કરવા પડે.

બધા જ કિસ્સામાં સ્ત્રીઓના મુદ્દે બધી જ રીતે સરખું જ અને સારુંજ બનતું હોય છે અને પુરૂષો માત્ર ખરાબ જ હોય છે એવું કહેવાનો આશય નથી. પણ, બન્ને પક્ષે સમજદારી અને સહનશીલતાના ગુણ તથા સંજોગે પ્રેરિત સમર્પણભાવ કેળવાય તો કદી કોઈ ઘર તૂટતું નથી ભાંગતું કે વિખેરાતું નથી.

સ્ત્રી અને પુરૂષ સંસારરથના બે પૈડા ગણાય છે. બન્ને પૈડા સરખી રીતે ચાલે તો પંથ કે કેડી કપાય. એક પૈડું જરાક ખોડંગાતુ હશે અને ડગમગાતું હશે તો ગાડુ મંઝીલે નહીં પહોંચે. એ રીતે સંસારચક્રને સરખી રીતે ચલાવવા માટે સ્ત્રી અને પુરૂષે સરખું જ યોગદાન આપવું પડશે. ઈશ્વરે સ્ત્રીની અંદર સહનશીલતાના ગુણ મૂક્યા છે, તે ઘણું સમજે છે કે, કોઈ કેસમાં બહુ બોલે છે, તો કોઈ કેસમાં મૌન ધારણ કરીને ઘણું બધું કહી જાય છે. માણસને આખે આખો વાંચી લેવાની ક્ષમતા સ્ત્રીમાં જ હોય છે. તે શંકાશીલ નથી. તેની વાત નોખી, ને અનોખી. એની આંખ કરડી થાય તો ભલભલાની મૂછોને ઝુકાવી શકે છે. રાજસ્થાનની એક ગૃહીણીએ પરિવારને એક તાંતણે જોડીને નવતર માર્ગ કંડાર્યો.

ઘરે બેઠા સિલાઈનું કામ કરી એ નારીએ પરિવારનું ઉપાર્જન કર્યુંઃ પછી તેને એમ થયું કે મારા જેવી ઘણી એવી મહિલાઓ છે જેમની પાસે કામ નથી. તો મારે તેમને કામ અપાવવું જોઈએ. પેલી સ્ત્રીએ મોટાપાયે બહારથી કામ લાવી ગામની સ્ત્રીઓને વહેચવા માંડ્યુ . જેના પરિણામે ગામની સ્ત્રીઓ આત્મનિર્ભર બની. પછીતો કામ અપાવનાર મહિલાએ જાતે જ ગૃહઉદ્યોગ આરંભી દીધો.

આ છે સ્ત્રીની શક્તિ.

સુધા ચન્દ્રને અકસ્માતમાં ઘણું મોટું નુકસાન ભોગવ્યું. બસ, અકસ્માતમાં સુધાએ જમણો પગ કપાવવો પડ્યો હતો. ત્યારે તેની ઉંમર 17 વર્ષની હતી. શરૂમાં એને એવું લાગ્યું હતું કે, બસ, મારી જિંદગી ખતમ, હું કશું નહીં કરી શકું, પણ મનથી તે મજબૂત બની. એને નૃત્યમાં રસ હોઈ, નાની ઉમરથી એણે નૃત્યો કરીને લોક હૈયા ડોલાવ્યા હતા. તે પથારી પકડવા ચાહતી ન હતી કૃત્રિમ પગ બેસાડી તેણે નૃત્યો ચાલુ રાખ્યા. પણ ડૉ. સેઠીએ ખાસ પ્રકારનો ફુટ તૈયાર કરી દીધો અને સુધાએ આખી દુનિયા ડોલાવી નાખી.

આને કહીશું સ્ત્રીની ઉર્જા.

બીજી એક નાની કથા કહેવી જરૂરી છે. એક સ્ત્રી નદી પાર કરવા ઈચ્છતી હતી. ગુરૂદેવ કહ્યું, જા, તું ચાલ, જરૂરથી નદી પાર થઈ જશે.

પેલી સ્ત્રીને પોતાની જાત પર વિશ્વાસ હતો, તે હિંમત એકઠી કરીને ચાલી, ચાલતી રહી અને તેણે નદી પાર કરી લીધી. સ્ત્રીની શક્તિનું દર્શન કરીને ગુરૂએ પણ નદી પાર કરવાનો ઉપક્રમ આરંભ્યો, પણ જાત ઉપર વિશ્વાસ નહીં હોઈ, માંડ માંડ ડૂબતા બચ્યા.

આ છે એક સ્ત્રીની અંદરની દેવી શક્તિ. બસ, આવી શક્તિના પરિપાક રૂપે સ્ત્રી પહેલા પણ વિજયી હતી, આજે પણ વિજયી છે અને કાયમ વિજયશ્રી બનીને રહેશે. (સ્ત્રી પાર્ટ - 2 આવતા અંકે)

# 'પેલો ને પેલી' ચકા ને ચકીનાં ચીં.. ચીં...ચીં...થી જીવંત માળો આજે સુમસામ લાગ્યો

સાપ્તાહિક ગુજરાત વંદન

## ટૂંકી વાર્તા

અશોકસિંહ એ. ટાંક

પેલો રોજ નિરાંતે બેઠો હોય. ને પેલી વાતો કર્યા જ કરે, કર્યા જ કરે. ઘડીકમાં તે અહીં હોય, ઘડીકમાં ત્યાં હોય. વળી પાછી કાચમાં જોવેને ઘડીકમાં ચાલી જાય. બંને પોતાનું ઘર શણગાર્યા કરે. તેને ખાવા પીવાની ઉપાધિ ક્યાં હતી!! ભગવાનની દયા હતી! આખો દિવસનું બીજું કામ પણ શું હોય બે જણાનું?

બંનેની વાતો સાંભળવાની મજા આવે. અમે છાના છાના બંનેની પ્રેમ ભરી વાતો સાંભળીએ. ક્યારેક અમને જોઈ જાય તો પાછા ઘડીક આઘાપાછા થઈ જાય. પેલી સ્વભાવે ઉગ્ર હતી. ઘર છે તો વાસણ તો ખખડે. ક્યારેક બંને વચ્ચે મીઠો ઝઘડો થઈ જતો. પાછું બધું થાળે પડી જતં.

પણ પેલો એકદમ શાંત હતો. ઘણા દિવસોથી રહેવા આવ્યા પણ અમારી વચ્ચે સંવાદ નહોતો થતો. અમે તો તેની વાતો સાંભળીએ ને રાજી થતાં.

તેના ઘરે ક્યારેય કોઈ મહેમાન પણ ના આવે બોલો! અમે એમ જાણી રાજી થતા કે એક દિવસ નાનકુડા મહેમાન આવશે તેની સાથે તો સંવાદ થશે. તેને રમાડશું. તે બંને અમારાથી અંતર રાખતા એટલે અમે છોકરાઓને પણ ત્યાં જવા નહોતા દેતા. ઘણીવાર બંને અમારી સામે જોવે તો ઓળખતા હોય તેવું લાગે, તો ઘણી વાર અમારી સામે જોઈને અવળું ફરી જતા!

સવારમાં તો બંને વહેલા જાગી જાય ને કોણ જાણે રાતમાં શું વાતો ભેગી થઈ ગઈ હોય! બંને જણ એવા ગટમટી જાય, એકબીજાની લગોલગ બેસી બસ વાતો જ કર્યા કરે. અમારે એ તો કહે પણ ખરા, "આને તો જુઓ કેવી નવરાઈ છે અત્યારમાં ! આપડે તો આવો દિવસ ક્યારે આવશે?" એમ કહી



**મારા ઘરે રાખેલ ચકલી ઘરમાં એક ચકલી ફેમિલી આવ્યું. માળો કર્યો. ઘણા દિવસ રહ્યા. ને અચાનક ક્યાંક ગુમ થઈ ગયું. તેનો સુમસામ માળો જોઈ. આ વાર્તા લખાઈ ગઈ. અત્યારે ઉનાળાની સિઝનમાં ઘરે પક્ષી માટે પાણીનું કુંડુ, ચણની ટ્રે અને ચકલી ઘર જરૂરથી લગાવો.**

મારી સામે ફરિયાદ ભરી નજરે મને ઠપકો આપે. તડકો થાય એટલે બંને છાનામાના થઈ જાય.

એક દિવસ સવારે જાગીને બંનેની વાતો સાંભળવા ના મળી. મેં તેના ઘર બાજુ ડોકિયા કર્યા. બંને મને ના દેખાયા.

મેં મારા ધર્મ પત્નીને પૂછયું, "આ બંને કેમ દેખાતા નથી." "ક્યાંક ફરવા ગયા હશે હમણાં આવી જશે."તેમણે કહ્યું.

ખબર નહિ કેમ પણ આજે તેમના વગર મને મજા નહોતી આવતી. વાટ જોતા જોતા બપોર થયા ને સાંજ પણ થવા આવી. હજી પણ બંને દેખાયા નહીં. અમારી ચિંતા વધી. મેં તેના ઘરમાં તપાસ કરવાનું નક્કી કર્યું.

ટેબલ મૂકી ચકલી ઘરમાં તપાસ કરી તો બે ઈંડા હતા. જોઈને મને એકબાજુ રાજીપો થયો. ને બીજી બાજુ ચિંતા થઈ. અમે ધરપત રાખી કે ક્યાંક આડાઅવળા ગયા હશે તો સાંજે આવી જશે. આમ તો તેને ચણવા કે પાણી માટે બહાર જવું પડે તેવું હતું જ નહીં. ચણ અને પાણી એના માટે રાખેલા જ હતાં. તેને સુવા માટે પણ ઓસરીમાં સ્લેબની નીચે હિચકો બાંધવા માટે રાખેલા લોખંડના એંગલ ની સાથે એક લાકડી બાંધી વ્યવસ્થા કરેલી હતી. રોજ રાતે બંને ત્યાં સૂઈ જતા. તો પછી પેલો ચકો ને પેલી ચકી ક્યાં ગયા હશે?

વાટ જોતા જોતા આજે બે દિવસ થઈ ગયા. હજુ પણ બંનેનો કંઈ પત્તો નથી. સાંજનો સમય છે. અમે બંને હિંચકે બેઠા બેઠા માળા તરફ જોઈ રહ્યા છીએ.રોજ ચકાને ચકીનાં ચીં.. ચીં...ચીં...થી જીવંત માળો આજે સુમસામ લાગે છે. અંદર પડેલા મૂંગા ઈંડા જાણે કાયમ માટે મૂંગા થઈ ગયા હોય તેવું લાગે છે. પવનની એક આંટી આવી માળામાંથી એક તણખલું મારા ખોળામાં આવી ને પડ્યું...

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# કેવડિયા ખાતેના જંગલ સફારી પાર્કમાં 49 વિદેશી પ્રાણીઓના મોત

ગુજરાત | વંદન

રાજ્ય સરકારે સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં નવા આકર્ષણરૂપી સફારી પાર્ક બનાવવામાં આવ્યો છે. અને પ્રવાસીઓના આનંદ પ્રમોદ માટે વિદેશથી સંખ્યાબંધ અલગ-અલગ પ્રકારના પ્રાણીઓ લાવવામાં આવ્યા હતા. પરંતુ એક યા બીજા કારણોસર તેમાંથી 49 પ્રાણીઓના મોત થયા છે. શક્ય છે કે, સ્થાનિક આબોહવા અને વાતાવરણ અનુકૂળ નહીં આવતા તેઓ મોતને ભેટ્યા હશે.

કેવડિયા સ્થિત સ્ટેચ્યૂ ઓફ યુનિટી નજીક જંગલ સફારી પાર્ક તૈયાર કરવામાં આવ્યું છે. જાહેર જનતા માટે 18 ફેબ્રુઆરી 2020ના રોજ જંગલ સફારી પાર્ક ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ સફારી પાર્કમાં વિદેશથી લાવવામાં આવેલા કેટલાય પ્રાણીઓ આકર્ષણનું કેંદ્ર છે. ગુરુવારે રાજ્ય સરકારે સ્વીકાર્યું કે, જંગલ સફારી પાર્કમાં વિદેશથી લવાયેલા 49 પ્રાણીઓના મોત થયા છે. દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમારના પ્રશ્નનો ઉત્તર આપતાં રાજ્ય સરકારે ખુલાસો કર્યો હતો કે, વિદેશથી 22 પ્રાણીઓ લવાયા હતા જેમાંથી આઠનાં મોત થયા છે.



વિદેશથી લવાયેલા પશુઓમાં પાંચ અલ્પાકા, ચાર લામા, પાંચ વોલ્બીઝ, પાંચ જિરાફ, ત્રણ ઝિબ્રા, 3 વિલ્ડબિસ્ટ અને બે ઓરીક્સનો સમાવેશ થાય છે. જેમાંથી 3 અલ્પાકા, 3 વિલ્ડબિસ્ટ, બે લામા, બે ઓરીક્સ, બે વોલ્બીઝ, એક જિરાફ અને એક ઝિબ્રા જીવિત રહ્યા છે. મંત્રીએ લેખિત જવાબ આપતાં જણાવ્યું કે, વિદેશથી લવાયેલા મોટાભાગના પશુઓ અને પક્ષીઓના મોત વાહિકાતંત્ર અને શ્વસનતંત્ર નિષ્ફળ જતાં થયા છે. મૃત્યુના અન્ય કારણોમાં હાયપોવોલેમિક શૉક, એસ્ફેક્સિયા, મલ્ટી-ઓર્ગન ફેઈલ્યોર, પેટમાં ગંભીર દુ:ખાવો, ન્યૂમોનિયા અને હૃદય બંધ થઈ જવાનો સમાવેશ થાય છે. સરકારે બીજા એક પ્રશ્નનો ઉત્તર આપતાં જણાવ્યું કે, 31 ડિસેમ્બર 2021ના રોજ પૂરા થયા બે વર્ષમાં કુલ 8.37 લાખ પ્રવાસીઓએ કેવડિયા જંગલ સફારીની મુલાકાત લીધી છે અને તેમાંથી 15.74 કરોડ રૂપિયાની રેવન્યૂ મળી છે.

## સાપ્તાહિક રાશિફળ



આચાર્યશ્રી કૌશલકુમાર | મો. 9979174751



**મેષ** (અ.લ.ઈ)
શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયે તમારા દ્વારા નિવેશ કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ અને નાણાકીય સુરક્ષામાં વધારો કરી શકે છે. આવી સ્થિતિમાં, તમારા પૈસા યોગ્ય સ્થાને લગાવો અને ઉતાવળમાં કોઈ નિર્ણય ન લો, ધૈર્યનો પરિચય કરો. **ઉપાય : ૐ ગં ગણપતયે નમઃ ની રોજ 1 માલા કરવી.**

**વૃષભ** (બ.વ.ઉ)
આ અઠવાડિયે તમારું સ્વાસ્થ્ય બગાડી શકે છે. આરામ કરવાનો પ્રયાસ કરવો શ્રેષ્ઠ રહેશે. આ સપ્તાહ એવા લોકો માટે ખાસ સફળતા લાવશે જેઓ કોઈપણ પ્રકારના શેર બજારમાં રોકાણ કરે છે. **ઉપાય : હ્રીમ શુક્રાય નમઃ ની 1 માલા કરવી, કુળદેવી ની આરાધના ઉપાસના કરવી.**

**મિથુન** (ક.છ.ઘ)
આ અઠવાડિયે પૈસાની હિલચાલ થશે, પરંતુ સપ્તાહના અંતે તમને લાગશે કે તમે તમારા ઘણા બધા પૈસા ગુમાવ્યા છો. તેથી, દરેક તકનો યોગ્ય લાભ લઈને પૈસા માટેના પ્રયત્નો ચાલુ રાખો. નોકરીની શોધમાં રહેલા લોકો ને આ અઠવાડિયામાં નોકરી મેળવવા માટે વધુ રાહ જોવી પડી શકે છે. **ઉપાય : હ્રીમ બુધાય નમઃ ની 1 માલા કરવી, ગણેશ અથર્વશીર્ષ ના પાઠ કરવા.**

**કર્ક** (ડ.હ)
શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયે, તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિઓમાં જોશો. આ તમને એક સારા સ્તરે ફક્ત આર્થિક લાભ આપશે નહીં, પરંતુ તમારી આર્થિક સ્થિતિ પણ પહેલા કરતા ઘણી મજબૂત જણાશે. **ઉપાય : હ્રીમ સોમય નમઃ ની 1 માલા કરવી, ભગવાન શિવ ની આરાધના કરવી.**

**સિંહ** (મ.ટ)
શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયે, તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિઓમાં જોશો. આ તમને એક સારા સ્તરે ફક્ત આર્થિક લાભ આપશે નહીં, પરંતુ તમારી આર્થિક સ્થિતિ પણ પહેલા કરતા ઘણી મજબૂત જણાશે. **ઉપાય : ૐ ગં ગણપતયે નમઃ ની રોજ 1 માલા કરવી.**

**કન્યા** (પ.ઠ.ણ)
શ્રી ગણેશજી કહે છે શારીરિક અને માનસિક રીતે તમે આ અઠવાડિયે સારું અનુભવો છો. આ અઠવાડિયે તમારે તમારા ભૂતકાળની તે ભૂલોનું પરિણામ સહન કરવું પડી શકે છે. કારણ કે આ સમયે ઘણી પરિસ્થિતિઓ આવશે, જ્યારે નજીકના સભ્ય પૈસાની માંગ કરે છે, પરંતુ તમારી પાસે તેને આપવા માટે કંઈ નહીં હોય. **ઉપાય : હ્રીમ બુધાય નમઃ ની રોજ 1 માલા કરવી.**

**તુલા** (ર.ત)
શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયામાં આ કાર્યમાં સંપૂર્ણ સફળતા મળી શકે છે. કારણ કે આ સમયગાળા દરમિયાન, ખાસ અનુકૂળ યોગો જોવામાં આવે છે. આવી સ્થિતિમાં, જો તમે સામાન્ય કરતાં વધુ પ્રયાસ કરો છો, તો પછી વિદેશ સ્થાયી થવાનું આ સ્વપ્ન પૂર્ણ થઈ શકે છે. **ઉપાય : હ્રીમ શુક્રાય નમઃ ની રોજ 1 માલા કરવી.**

**વૃશ્ચિક** (ન.ય)
શ્રી ગણેશજી કહે છે વ્યવસાય અથવા ઓફિસનો તાણ આ અઠવાડિયે તમારું સ્વાસ્થ્ય ખરાબ કરી શકે છે. આ તમને તમારા કાર્યમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં સંપૂર્ણપણે અસમર્થ બનાવશે. આવા સમયમાં તમારી જાતને તાણ મુક્ત રાખવાનો પ્રયાસ કરો. **ઉપાય : હ્રીમ શુક્રાય નમઃ ની રોજ 1 માલા કરવી.**

**ધન** (ભ.ધ.ફ)
શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયે તમારા સ્વાસ્થ્યમાં સુધારો જોવા મળશે, આ અઠવાડિયે તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિને ખલેલ પહોંચાડશે. જેના કારણે તમને માનસિક તાણ શક્ય છે. આવી સ્થિતિમાં, તમારી જાતને શાંત રાખો, આ સમસ્યામાંથી બહારઆવવાની યોજના પર કામ કરો. **ઉપાય : હ્રીમ ગુરવે નમઃ ની રોજ 1 માલા કરવી.**

**મકર** (ખ.જ)
શ્રી ગણેશજી કહે છે આ સમય દરમિયાન તમે લોકોને આપવામાં આવેલી જૂની લોન પાછા મેળવી શકો છો, અથવા એવી સંભાવના પણ છે કે તમે આ સમયે તમારા નવા પ્રોજેક્ટમાં રોકાણ કરવા માટે કમાણી કરી શકો છો. આ અઠવાડિયે તમારું પારિવારિક જીવન વધુ અનુકૂળ રહેવાની સંભાવના છે. **ઉપાય : હ્રીમ શં શનિશ્ચરાય નમઃ ની રોજ 1 માલા કરવી.**

**કુંભ** (ગ.સ.શ.ષ)
શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયે તમારો તણાવ વધશે, પૈસાના રોકાણ માટે આ સપ્તાહ સારો રહેશે. પરંતુ આ માટે, જો તમે નવું વાહન અથવા મકાન લેવાનું વિચારી રહ્યાં છો, તો તમારે અનુભવી વ્યક્તિની સલાહ સાથે જ રોકાણ કરવાની જરૂર પડશે.. **ઉપાય : હ્રીમ શં શનિશ્ચરાય નમઃ ની રોજ 1 માલા કરવી.**

**મીન** (દ.ચ.ઝ)
શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયે તમારા સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવું પડશે. આ અઠવાડિયે તમારે તમારી વિવેકબુદ્ધિનો ઉપયોગ દરેક પરિસ્થિતિમાં કરવાની જરૂર પડશે, તેને સુધારવા માટે. **ઉપાય : હ્રીમ ગુરવે નમઃ ની રોજ 1 માલા કરવી.**

## શેરબજારમાં નફાની લાલચ આપી દોઢ લાખથી વધુની છેતરપિંડી

ગુજરાત | વંદન

ભાવનગર શહેરમાં રહેતા ઈસમને રાજકોટ, મહેસાણાના ત્રણ શખ્સો તથા મહિલાએ વધુ નફા માટે શેરબજારમાં રોકાણ કરવાની લાલચ આપી કટકે કટકે નાણા જમા કરાવી રૂા.એક લાખની છેતરપિંડી કરી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ બોરતળાવ પોલીસ મથકમાં નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. ગુરૂનગર શેરીમાં રહેતા કેતનભાઈ જાગાણીને રાજકોટમાં રહેતા અમને તા.15-5-2021ના ફોન કરી શેરબજારમાં રોકાણ કરી વધુ નફો કમાવવાની લાલચ આપી રાજકોટમાં જ રહેતો ભરત નામના શખ્સે તથા મહેસાણા રહેતા મોહને શેરબજારમાં એકાઉન્ટ ખોલાવી લાલચ આપી વિશ્વાસમાં લઈને દોઢ લાખથી વધુની છેતરપિંડી આચરી હતી.

## મહિલા સુરક્ષાને લઈને ધારાસભ્ય ગેનીબેન ઠાકોરની માંગણી

# મહિલાઓ સુરક્ષિત નથી ત્યારે લાયસન્સ ધરાવતુ હથિયાર આપો

ગુજરાત | વંદન

ગુજરાતમાં વધી રહેલી ક્રાઈમની ઘટના જ જણાવે છે કે દિકરીઓની સલામતીને લઈને કરવામાં આવેલા દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. ત્યારે આ તમામ વચ્ચે દીકરીઓ આત્મરક્ષણ માટે સ્વનિર્ભર બને તેવા આશયથી કોંગ્રેસના વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે વિધાનસભા સત્રમાં એક મહત્વનું નિવેદન આપ્યુ.

તેમણે જણાવ્યું કે 'ગુજરાતમાં મહિલા અને દિકરીઓની હાલની સ્થિતિને જોતા દિકરીઓને કરાટે શીખવવું પુરતુ નથી. જે વિસ્તારમાં બુટલેગરો, અસામાજિક તત્વોને કારણે મહિલા સામે અત્યાચાર થઈ રહ્યા છે પરંતુ પોલીસ કોઈ કાર્યવાહી કરતી નથી આથી આવા લોકોનું મનોબળ વધે છે. આવી ઘટનાઓમાંથી 90 ટકા ફરિયાદ પોલીસ સ્ટેશન સુધી પહોંચતી નથી. માત્ર 10 ટકા મહિલાઓ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરે છે. પરંતુ અહીં પણ ભોગ બનેલી મહિલાઓ અનેક સવાલો કરવામાં આવે છે. તે પોતાની સાથે બનેલી ઘટનાનું વર્ણન કરી શકતી નથી એટલે આવી સ્થિતિમાં જો મહિલા પાસે લાયસન્સ ધરાવતુ હથિયાર હોય તો અસામાજિક તત્વોને પણ તેની બીક રહે.'



એક મીડિયા સાથે વાતચિત કરતા ગેનીબેન ઠાકોરે જણાવ્યું હતું કે ગુજરાતની મહિલાઓ માનસિક રીતે મજબૂત થાય, સ્વરક્ષણ જાતે કેળવી શકે તે માટે લાયસન્સ ધરાવતી બંદૂક આપવી અનિવાર્ય છે. તેમજ જાહેરમાં હત્યા, બળાત્કાર, છેડતી કે પછી આપઘાતની પ્રેરણા આપવા જેવી બાબતે બેરોજગારીને જવાબદાર ઠેરવી હતી. તેઓએ જણાવ્યું હતું કે ગુજરાતમાં રોજગારીની તકો ઓછી છે. યુવાનો બેરોજગાર છે. આવા બેરોજગાર યુવાનો ડ્રગ્સ અને દારુના રવાડે ચઢીને આવા ગુનાઓ કરવા પ્રેરિત થતા હોય તે પણ કારણ જવાબદાર છે.

## પોલીસે પ્રોહીબિશનના 184 ગુના દાખલ કર્યા

# કોંગ્રેસ ધારાસભ્ય ગેનીબેન ઠાકોરની જનતા રેડ બાદ પોલીસ એક્શનમાં

ગુજરાત | વંદન

બનાસકાંઠા માં દારૂના અડ્ડા પર કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ની જનતા રેડ બાદ પોલીસ એક્શન મોડમાં આવી. રવિવારે વહેલી સવારથી પોલીસે અલગ-અલગ સ્થળે દરોડા પાડ્યા હતા અને જિલ્લાના અલગ અલગ પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટ મુજબ ગુના દાખલ કર્યા હતા.

ગાંધીના ગુજરાતમાં દારુબંધી હોવા છતા બેફામ દારુના અડ્ડાઓ ચાલી રહ્યા છે. બનાસકાંઠા જિલ્લામાં પણ બેફામ ચાલતા દારુના અડ્ડાના પગલે ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે જનતા રેડ કરી દારુનો નાશ કર્યો હતો. જે બાદ બનાસકાંઠાની જિલ્લા પોલીસ સફાળી જાગી છે. રવિવારે વહેલી સવારથી જિલ્લા પોલીસે 184 પ્રોહીબિશન એક્ટ મુજબ ગુના દાખલ કર્યા. જેમાં 175 દેશી દારૂના કેસ જ્યારે 9 વિદેશી દારૂના કેસ દાખલ કરાયા છે. જિલ્લાના અલગ અલગ પોલીસ મથકમાં આ અંગેના ગુના નોંધાયા છે.

મહત્વનું છે કે, તાજેતરમાં જ મોડી રાત્રે ગેનીબેન ઠાકોરે દારૂના અડ્ડા પર જનતા રેડ કરી હતી અને દારૂનો નાશ કર્યો હતો. આ ઘટના બાદ બનાસકાંઠા પોલીસ પર સવાલ ઉઠ્યા હતા. જનતા રેડ મુદ્દે બુટલેગર રેડમાં સામેલ કેટલાક લોકો વિરુદ્ધ વળતી ફરિયાદ નોંધાવી હતી. જેને લઈને પણ વિવાદ સર્જાયો હતો અને ગેનીબેન સહિતના ધારાસભ્યો પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. બીજી તરફ પોલીસે તટસ્થ તપાસની ખાતરી આપી હતી. હવે જનતા રેડ બાદ પોલીસે પણ દારૂના અડ્ડા પર રેડ કરી છે. પોલીસની રેડમાં આગામી સમયમાં વધુ દારૂ ઝડપાવાની શક્યતા છે.

# હોટલના ધંધા સાથે સંકળાયેલા પરિવાર લાપતા થતા હડકંપ

ગુજરાત | વંદન

જામનગર શહેરમાં રહેતા એક પરિવારના પાંચ સભ્યો લાપતા થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. જો કે, આ અંગે જાણ થતા જામનગર પોલીસ દ્વારા પરિવાર ગુમ થયાની ફરિયાદ નોંધવામાં આવી છે અને ખાસ કરીને આ પરિવાર કયા કારણોસર લાપતા બન્યો છે, ક્યાં છે અને પરિવાર ક્યાં ચાલ્યો ગયો છે તે અંગે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.



જામનગરના ગોકુલનગર વિસ્તારમાં રહેતા એક જ પરિવારના પાંચ સભ્યો એક સાથે લાપતા થયો છે. જો કે, હોટલના ધંધા સાથે સંકળાયેલો એક વ્યક્તિ પરિવારના અન્ય ચાર સભ્યો સાથે ગુમ થયો હોવાની જાણ થતા જામનગર સીટી સી ડિવિઝનમાં પરિવાર ગુમ થયો હોવાની ફરિયાદ નોંધવામાં આવી છે અને પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

હોટલના ધંધા સાથે સંકળાયેલા અરવિંદભાઈ નિમાવત (ઉં વ 52) અને તેમના પત્ની શિલ્પાબેન અરવિંદભાઈ નિમાવત (ઉં વ 45) તેમજ તેમની દીકરી કિરણ અરવિંદભાઈ નિમાવત (ઉં વ 26) અને દીકરો કરણ અરવિંદભાઈ નિમાવત (ઉં વ 22) અને અન્ય એક દીકરા સાથે પરિવારના આ પાંચે સભ્યો લાપતા છે. આ તમામ લોકો ગત 11 માર્ચના રોજ કોઈપણને જાણ કર્યા વગર ઘરથી ચાલ્યા ગયા છે. જો કે આ અંગેની ગઈકાલે જામનગર સીટી સી ડિવિઝનમાં જાણ કરાઈ હતી. ખાસ કરીને આ પરિવાર કયા કારણથી લાપતા બન્યો છે, ક્યાં છે અને ક્યાં ચાલ્યો ગયો છે તે અંગે જામનગર પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

## વિદેશી દારૂ ગુજરાતમાં ઘુસાડવાનો પ્રયાસ

# વલસાડમાં ખાખીની આડમાં દારૂની હેરાફેરી

ગુજરાત | વંદન

વલસાડ જિલ્લાના પારડી પોલીસે બે ઈસમની ધરપકડ કરી છે. જેમાં એક વ્યક્તિને પોલીસ બનવાનો ભારે શોખ છે. ગામમાં લોકોનું કરી નાખનાર મુકેશ મોદી નામનો આ ઈસમ દમણથી વલસાડ તરફ દારૂની હેરાફેરી કરતા ઝડપાઈ ગયો છે. પોતાની કારમાં વર્દી રાખી નાના પોલીસવાળાઓને ચકમો આપી દારૂની હેરાફેરી કરતો હવે જેલના સળિયા ગણી રહ્યો છે.

ગુજરાતમાં દારૂની રેલમછેલ કરવા માટે બુટલેગરો મેદાને પડ્યા હોય તેમ લાગી રહ્યું છે. રાજ્યના છેવાડે આવેલા વલસાડ જિલ્લાને અડીને આવેલા સંઘપ્રદેશ દમણથી મોટાપાયે વિદેશી દારૂ ગુજરાતમાં ઘુસાડવા અવનવા પ્રયાસો બુટલેગરો કરતા હોય છે. ત્યારે વલસાડ પોલીસ પણ એક્ટિવ જોવા મળતી હોય છે અને છાશવારે પેટ્રોલિંગ દરમિયાન લાખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાતો હોય છે. ત્યારે વલસાડના પારડી પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે એક કારને રોકી તેમાંથી મોટી સંખ્યામાં વિદેશી દારૂની બોટલ મળી હતી.

# રાજ્યમાં સૌથી ઓછો સ્ત્રી જન્મદર સાબરકાંઠામાં

ગુજરાત | વંદન

રાજ્ય સરકારે વિધાનસભામાં રજૂ કરેલો જન્મ સમયે જાતિ પ્રમાણદર ચિંતા પ્રસરાવે તેવી સ્થિતિમાં છે. પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓનો જન્મદર હજુ ઓછો છે. સૌથી ઓછો સ્ત્રી જન્મદર સાબરકાંઠામાં છે. ગુજરાતમાં ઓછા સ્ત્રી જન્મદર મામલે સાબરકાંઠા પહેલા ક્રમે ત્યાર બાદ અમરેલી, અમદાવાદ, બોટાદ અને મહેસાણા છે. એકંદરે ગુજરાતના સરેરાશ સ્ત્રી બાળ જન્મ દર 918 છે.

પાલનપુરના કોંગ્રેસના ધારાસભ્ય મહેશ પટેલે રાજ્યમાં કયા જિલ્લામાં સૌથી ઓછો સ્ત્રીબાળ જન્મદર છે અને સ્ત્રી જન્મદર ઊંચો લાવવા રાજ્ય સરકાર કેવા પગલાં લઈ રહી છે તેવો પ્રશ્ન પૂછ્યો હતો, જેના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે, એકપણ જિલ્લો એવો નથી કે જ્યાં દર હજાર પુરુષની સરખામણીએ હજાર સ્ત્રીઓ હોય, દરેક જિલ્લામાં સ્ત્રીબાળનો જન્મ ઓછો છે. રાજ્ય સરકાર દ્વારા સ્ત્રી બાળ જન્મ દર વધારવાના અથાગ પ્રયાસ થઈ રહ્યા છે. આ માટે સામાજિક જાગૃતિ લાવવા પ્રયાસ પણ કરવામાં આવી રહ્યો છે. આમ છતાં હજુ સુધી સ્ત્રી જન્મદર વધારવામાં જોઈએ તેટલી સફળતા મળી નથી.


| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | સાબરકાંઠા | 868 | 18 | વલસાડ | 927 |
| 2 | અમરેલી | 877 | 19 | પાટણ | 930 |
| 3 | અમદાવાદ | 880 | 20 | નર્મદા | 931 |
| 4 | બોટાદ | 889 | 21 | નવસારી | 934 |
| 5 | મહેસાણા | 893 | 22 | છોટા ઉદેપુર | 935 |
| 6 | આણંદ | 897 | 23 | સુરેન્દ્રનગર | 937 |
| 7 | રાજકોટ | 900 | 24 | પોરબંદર | 938 |
| 8 | ભાવનગર | 907 | 25 | દાહોદ | 940 |
| 9 | સુરત | 893 | 26 | અરવલ્લી | 943 |
| 10 | જૂનાગઢ | 897 | 27 | દેવભૂમિ દ્વારકા | 943 |
| 11 | મહીસાગર | 900 | 28 | તાપી | 945 |
| 12 | ગીર સોમનાથ | 907 | 29 | બનાસકાંઠા | 952 |
| 13 | પંચમહાલ | 907 | 30 | કચ્છ | 957 |
| 14 | ગાંધીનગર | 916 | 31 | ખેડા | 957 |
| 15 | ભરૂચ | 919 | 32 | જામનગર | 960 |
| 16 | ડાંગ | 920 | 33 | મોરબી | 978 |
| 17 | વડોદરા | 921 | | | |

## મહિલાઓને પીવાના પાણી માટે અડધો કિ.મી. દુર જવુ પડે છે

ગુજરાત | વંદન

કેશોદ એન.પી. કોલેજ સામે આવેલ વોર્ડ નં 9 માં આવતાં ધાર વિસ્તારમાં 100 કરતાં વધુ મકાનોમાં રહેતાં લોકો છેલ્લાં 10 વર્ષથી પાણી માટે વલખા મારી રહ્યાં છે. અનેક વખત રજૂઆતો કરવા છતાં કોઈ પણ પ્રકારની સુવિધાઓ અપાતી ન હોય જેથી મહિલાઓને પાણી ભરવા અડધો કિમી દૂર ચાલીને પિવાનું પાણી ભરવા માટે જવુ પડી રહ્યું છે. લોકોએ આક્ષેપ સાથે કહ્યું હતું કે, ચૂંટણી સમયે ઉમેદવારો આ વિસ્તારમાં સુવિધા આપવાના સ્વપ્નાઓ બતાવી મત મેળવી જાય છે. ચૂંટાયા બાદ કોઈ આવતુ નથી.

## શબ્દોની સંતાકૂકડી 02 ગુજરાત વંદન સાપ્તાહિક



**ઊભી ચાવી**

(1) મિજાજ, હુંપદ, અહંકાર [2]
(2) ખેલ [6]
(4) ગ્રહ, નક્ષત્ર વગેરેની અમુક પરિસ્થિતિ [2]
(6) વાદવિવાદનો પૂર્વ પક્ષ રજૂ કરનાર પક્ષકાર [2]
(8) સવારની ચા તો ........ મીઠી હોવી જોઈએ [3]
(9) રચના કરનાર [3]
(10) ઇંદ્રની રાજધાની [5]
(14) ઝરુખો [3]
(15) રજાની તો ......પડે [2]

**આડી ચાવી**

(1) આસોપાલવના બંધાય [3]
(3) વિરહ [3]
(5) એક પ્રકારનો વિદેશી દારૂ [2]
(7) નસીબ, ભાગ્ય [4]
(11)સમાચાર, ભાળ, પત્તો [3]
(12) તમાકુ વગેરે પીવા માટેનું માટીનું એક પાત્ર [3]
(13) એ નામની એક માછલી [4]
(15) અભિપ્રાય, મંતવ્ય [2]
(16) તક, મોકો, યુકિત [2]
(17) પાણી ભરવાની ચામડાની કોથળી [3]

શબ્દોની સંતાકૂકડી-1નો ઉકેલ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 જા | 2 ગી | 3 ર | ■ | 4 મ | 5 રી | 6 ઝ |
| 7 ગ | ર | બ | 8 ડ | ■ | 9 ત | ગ |
| 10 ર | જા | ■ | 11 કા | ચ | ■ | મ |
| ણ | ■ | 12 શો | ર | ■ | 13 લા | ગ |
| ■ | 14 ધા | ર | ■ | 15 જો | ગ | ■ |
| 16 રાં | ■ | 17 ગુ | ચ્છ | ■ | 18 વ | ટ |
| 19 ક | મા | લ | ■ | 20 ફા | ગ | ■ |

શબ્દોની સંતાકૂકડી-02નો ઉકેલ આવતા અંકે

## કોયડો નં. 04 સુડોકુ ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | | | | 6 | 8 | | | 5 |
| | 3 | 8 | 4 | | | | | |
| | | | | | 3 | | | 8 |
| 1 | 7 | 6 | | | | | 4 | |
| 9 | | | | | | | | 3 |
| | 2 | | | | | 5 | 8 | 7 |
| 4 | | | 6 | | | | | |
| 8 | | | 3 | | 1 | 2 | 6 | |
| 2 | | | 5 | 7 | | | | 1 |

- યોગેશ શુક્લ

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-04નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 4 | 2 | 1 | 6 | 8 | 3 | 9 | 5 |
| 5 | 3 | 8 | 4 | 2 | 9 | 1 | 7 | 6 |
| 6 | 9 | 1 | 7 | 5 | 3 | 4 | 2 | 8 |
| 1 | 7 | 6 | 8 | 3 | 5 | 9 | 4 | 2 |
| 9 | 8 | 5 | 2 | 4 | 7 | 6 | 1 | 3 |
| 3 | 2 | 4 | 9 | 1 | 6 | 5 | 8 | 7 |
| 4 | 1 | 3 | 6 | 8 | 2 | 7 | 5 | 9 |
| 8 | 5 | 7 | 3 | 9 | 1 | 2 | 6 | 4 |
| 2 | 9 | 6 | 5 | 7 | 4 | 8 | 3 | 1 |

## આંખે અતીતના તોરણ

સ્નેહલ નિમાવત

# આલિશાન ઘરમાં તેનું મન કચવાતું...

## એકલતા ઓઢીને બેઠી રાત, કોઈને કેમ કહું મનની વાત

ગુજરાત | વંદન

એક અંધારી રાતે પદ્મા સપનામાં ખોવાઈ ગઈ હતી. ભરઉંઘમાંથી એકાએક સફાળી જાગી ગઈ.તેના પલંગ પાસે તેની મમ્મી અને નાનો દિકરો ઉંઘમાં હતા. પદ્માની ઉંઘ ઉડી ગઈ. કેટલાય દિવસથી તેના મનમાં બચેની વધી ગઈ હતી. વાતેવાતે ગુસ્સે થઈ જતી. નાની નાની વાતમાં અકળાઈ ઉઠતી. આજની અંધારી રાતમાં તેનું મન અધીર થઈ ઉઠ્યું હતું.

તેના આલીશાન ઘરમાં તેનું મન કચોટતું. આખરે તે તેના મનપસંદ રુમમાં આવી જ્યાં તેના મનને આરામ મળતો. આ રુમ તેણે નાનપણમાં તેના પિતા પાસે જીદ કરીને બનાવડાવ્યો હતો. તેના પિતાની યાદો તાજી થઈ આવતી. પદ્માના પિતા ગુજરી ગયા એને ઘણો વખત થઈ ગયો હતો. તે તેની મમ્મીની સાથે રહેતી. તેના છુટાછેડા થયા એ વાતને ચાર વરસ વિતી ગયા હતા પણ મનમાંથી તકલીફો ઓછી જ નહોતી થતી. દુખ અને વિષાદથી તેનું મન ભરેલું જ રહેતું.

પદ્મા તેના માતા પિતાની લાડકી હતી.તને ક્યારેય કોઈ પરેશાની નહોતી જોઈ. પદ્મા પિતાની યાદોમાંથી બહાર આવી અને પોતાના જીવનની યાદોમાં ખોવાઈ ગઈ.પદ્મા સરળ અને નિખાલસ છોકરી હતી. તે તેના પિતાની લાડકી હતી.તેના પિતાએ તેના માટે સંકેત નામનો છોકરો લગ્ન માટે શોધ્યો હતો. જે એન્જીનીયર હતો. સુખી પરિવાર હતું. સંકેત તેના માતાપિતા સાથે રહેતો.

પદ્માના ધામધુમથી લગ્ન કરાવી તેના માતાપિતાએ સંકેતના ઘરે પદ્માને સુખેથી વળાવી દીધી. સંકેત અને પદ્માના વિચારો મળતા. તેમની વચ્ચે ધીમે ધીમે લાગણી ફુલની જેમ વિકસવા લાગી. પદ્માએ જોયેલા સપના સાચા પડવા લાગ્યા. તે ખુશીથી ઝુમી ઉઠતી. તેનું મન ખીલેલા ફુલની જેમ મહેકતું.

પાંચ છ મહિના પછી સંકેતના માતાપિતાએ પદ્માના પિતા પાસે પૈસા માંગ્યા.પદ્માના પિતાએ દિકરીની ખુશી માટે પૈસા આપી દીધા. બસ પછીતો વારંવાર પૈસાની માંગ અને પદ્માને હેરાન કરવાનું તેમણે શરુ કરી દીધું. શરુઆતમાં સંકેત તેના માતાપિતા સાથે લડતો ઝગડતો. ધીમે ધીમે સંકેત પણ તેના માતાપિતાની જેમ નાની નાની વાતમાં ઝગડવા લાગ્યો. તકલીફ આપવા લાગ્યો.

મિત્રો સાથે દારુની પાર્ટી કરવા લાગ્યો. પદ્મા સાથે લાગણીના બદલે નફરતનો સંબંધ શરુ થયો. પદ્મા કંઈ જ ન બોલતી. બધુ ચુપચીપ સહન કર્યે જતી. દુખોને પોતાના જીવનનો ભાગ સમજીને જીવ્યા કરતી.

જીવનમાં જે તકલીફ આવી એ સહી લીધી,
મનને જે પીડા આકરી મળી એ સહી લીધી.
કેમ આ તકલીફ આવી એ કોને પુછવું,
મનને સમજાવી પીડા અપનાવી લીધી...

પદ્માની તકલીફો વધતી જ જતી હતી.એક બદી તેના જીવનમાં દુખોનો પહાડ લાવી. તેના પિતા પાસેથા પૈસા લાવવાની પદ્માએ હવે ના પાડી દીધી. બસ પછી તો તેના પર સંકેત હાથ ઉપાડવા લાગ્યો. તેના મત્રોને ઘરે બોલાવીને દારુ પીવા લાગ્યો અને પદ્માને રંજાડવા લાગ્યો. પદ્મા મનથી થોડી મજબુત થઈ અને તેણે સંકેત સામે બળવો શરુ કર્યો. ધીમે ધીમે લડવા ઝગડવા લાગી.

એક દિવસ તેને સારા સમાચાર મળ્યા. તે માતા બનવાની છે એ સમાચાર મળતા તે ખુશ થઈ ગઈ. તેને વિશ્વાસ હતો કે તેનું બાળક તેના જીવનમાં ખુશી લાવશે. પણ એવું કંઈ જ થયુ નહીં. તેણે એક દિકરાને જન્મ આપ્યો. સંકેત તો વધુને વધુ તકલીફ આપવા લાગ્યો.ઓક દિવસ તો તેણે પદ્માને મારી અને ઘરમાંથી કાઢી જ મુકી. સંકેતના માતાપિતાએ પણ તેને મારી અને કહી દીધું કે અમારા ઘમાંથી નીકળી જા. તારા માટે આ ઘરમાં કોઈ જગ્યા નથી.

પદ્મા સાવ તુટી ગઈ. તેણે તેના માતાપિતાના ઘરે નથી કર્યું એટલું કામ ત્યાં કર્યું હતું. સૌનું ધ્યાન રાખ્યું હતું અને પળવારમાં તેને કહી દીધું કે નીકળી જા ઘરમાંથી બહાર. તેનું મન સાવ તુટી ગયું. તે તેના દિકરા આયુષ્યમાનને લઈને પોતાના માતાપિતાના ઘરે જવા રવાના થઈ.તેને ત્યાં નહોતું જવું. કેમ કે તે કોઈને તકલીફ આપવા નહોતી માંગતી. તેને એક ક્ષણ બીજે ક્યાંય જવાનો વિચાર આવ્યો પણ તે સીધી તેના માતાપિતાના ઘરે ગઈ. તેમને બધી આપવીતી સંભળાવી. પદ્માના પિતા દુખી થયા પણ તેમણે હસતે મોઢે દિકરીને આવકારી.

નવા જીવનની શરુઆત કરવા માટે તેના પિતા તેની હિંમત બન્યા. તેના દર્દને આયુષ્યમાને ઓછુ કરી દીધું. અચાનક એક દિવસ પદ્માના પિતાનું હાર્ટએટેકથી મૃત્યુ થયું. આ પીડામાંથી પદ્મા અને તેની માતા સુરેખા હજીસુધી બહાર નથી નીકળી શક્યા. પદ્માએ છુટાછેડા તો લઈ લીધા છે. પણ તકલીફોથી તેનું મન ઘેરાયેલું છે. તેની તમામ તકલીફોને દુર કરવાનો એક જ રસ્તો છે આયુષ્યમાન.તે તેની સાથે બાળક બની જતી. મનથી ખુશ થઈને તેના સપના પુરા કરવા મહેનત કરતી. આ જ દિકરો તેના મનને આનંદમાં ગરકાવ કરાવી દેતો.

પદ્માને યાદોમાંથી સુરેખા બહેન બહાર લાવ્યા. પદ્મા સુઈ જા ને બેટા કહેતા પદ્માને પલંગ પર સુવડાવી તેના માથે હાથ ફેરવતા. વાતો કરતા કરતા પદ્માની આંખોમાં નિંદરરાણી આવી જ ગયા.

### ...વાહ કરવી છે

આમ હોળી ખાસ કરવી છે,
વેદના વાચાળ કરવી છે.
જામ પી અધરો તણા આજે
બંધ હોઠે વાત કરવી છે.
ભેરુ સાથે મોજ કરવી છે,
ના કશી ફરિયાદ કરવી છે.
જિંદગી છે રમત પીડાની,
ઘાવની મિરાત કરવી છે.
“સ્નેહ” ને તારી ગઝલ ગાઈ,
આહમાંથી વાહ કરવી છે.
- સ્નેહલ નિમાવત

બાળકના મનમાં ઈશ્વર વસે છે. ઈશ્વર તમને જીવવા માટે કંઈકને કંઈક તો સારુ બહાનું આપે જ છે. પદ્મા પાસે તેની માતા અને આયુષ્યમાન તો છે જ. તે બંને તેનું ધ્યાન રાખે છે. બાકી જીવનમાં બધું જ સારુ કોઈને નથી મળ્યું...

# ચીની ડ્રેગનની ચાલ! ભારતની સરહદ પર 624 ગામડા વસાવ્યા

ગુજરાત | વંદન

ભારતની સાથે સરહદ વિવાદમાં વધારો કરવા માટે ચીને એક નવી ચાલ ચાલી છે, જેમાં તેણે સરહદ પાસે 624 ગામડા વસાવવાનું કામ પૂર્ણ કર્યું છે. ચીને હિમાલયમાં નવા ગામોનું નિર્માણ કર્યું છે જે વિવાદિત સરહદની અંદર કે પછી કબજો કરેલી જગ્યામાં બનાવ્યા છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે, ચીને આ ગામડાઓનું નિર્માણ વર્ષ 2017માં રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગના આદેશ સાથે શરુ કર્યા હતા. ચીને દસ્તાવેજોમાં ખુલાસો કર્યો હતો કે કુલ 624 ગામડા બનાવવાના છે. સંરક્ષણ એક્સપર્ટ બ્રહ્મા ચેલાનીએ ચીનની સરકારી વેબસાઈટ તિબ્બત ડોટ સીએનને ટાંકીને જણાવ્યું કે ચીનની સરકાર વર્ષ 2021માં આ ગામોના નિર્માણનું કામ પૂર્ણ કર્યું છે.

સાપ્તાહિક ગુજરાત વંદન ટચુકડી જાહેરખબર

પ્રાઈમ પ્રોપર્ટી
બુક કરો 6357363574

**જોઈએ છે**
સિંધુ ભવન રોડ પર શલૂન માટે શોપ સાઈજ 1200 ફૂટ મિનિમમ, 7878559854

**ભાડે આપવાનો છે**
ફ્લેટ 2BHK ફૂલી ફર્નિશ્ડ સાથે, સેટેલાઈટ, 8460504854

**ભાડે આપવાની છે**
દુકાન ગ્રાઉન્ડ ફ્લોર 360 ફૂટ, બોડકદેવ, 81414 24063

**ભાડે આપવાની છે**
ઓફિસ 945 ફૂટ આશ્રમ રોડ, 79843 77104

**ભાડે આપવાનો છે**
ફ્લેટ 3BHK પેઈન ગેસ્ટને આવકાર , 90990 09795

ક્લાસિફાઈડ
બુક કરો 6357363574

**જોઈએ છે**
ગ્રેજ્યુએટ ઉમેદવાર HDFC બેન્ક માટે :પગાર - 15,000થી વધારે, 9898566528

**જોઈએ છે**
સેલ્સમેન ઉમેદવાર, આશ્રમ રોડ બ્રાંચ માટે :પગાર 8,000થી વધારે, 9512900525

**જોઈએ છે**
એકાઉન્ટન્ટ, GSTના જાણકાર, આશ્રમ રોડ વિસ્તારમાં, 9512900526

# ફારુક અબ્દુલ્લા બોલ્યા - આજે પણ મારૂ દિલ રડી રહ્યું છે...

ગુજરાત | વંદન

‘ધી કશ્મીર ફાઈલ્સ’ ફિલ્મ કાશ્મીરી પંડિતો પરના જુલ્મો સિતમ અને પલાયનની દર્દભરી કથા બનવાને બદલે આ ફિલ્મ હાલ રાજકીય પક્ષોના આક્ષેપ-પ્રતિઆક્ષેપનું માધ્યમ બની ગઈ છે. આ ફિલ્મને લઈને એક રાજકીય પક્ષે બીજા રાજકીય પક્ષો પર પ્રહારો કરતા સામે પક્ષે પલટવાર થવા લાગ્યો છે. આ અંગે ફારૂક અબ્દુલ્લાએ જણાવ્યું કે, ‘કાશ્મીરી પંડિતોના જવા પાછળ લોકો કહેશે કે ફારુક જવાબદાર છે, તો મને જ્યાં ઈચ્છો ત્યાં ફાંસી પર લટકાવી દો.’



ફારુક અબ્દુલ્લાએ કહ્યું- દરેક કાશ્મીરી ઈચ્છે છે કે કાશ્મીર પંડિત પરત ફરે. 1990માં જે થયું તે ષડયંત્ર હતું. કાશ્મીરી પંડિતોને ષડયંત્ર અંતર્ગત ભગાડવામાં આવ્યા. તે સમયે જે દિલ્હીમાં બેઠા હતા, તે તેના માટે જવાબદાર છે. મારુ હૃદય આજે પણ તે ભાઈઓ માટે રડી રહ્યું છે.

# એન્ડ્રોઈડ ઓએસની સલામતી હંમેશાં એક બહુ ચર્ચિત વિષય

ગુજરાત વંદન | અમદાવાદ

ગયા લેખમાં આપણે જોયું હતું કે કેવી રીતે ફેક ન્યૂઝ દ્વારા આપને નુકશાન પહોંચાડી શકે છે. હવે આપણે આ લેખમાં જોઈશું કે કેવી રીતે નવી એન્ડ્રોઈડની ઓએસની અંદર સારી સેક્યુરીટી આપવામાં આવી શકાય.

એન્ડ્રોઈડ ઓએસની સલામતી હંમેશાં એક બહુ ચર્ચિત વિષય છે. અને તે લગભગ હંમેશા ખોટા કારણોસર ચર્ચાનું કેન્દ્ર બને છે જેમકે ગૂગલની વાયરસવાળી એપ્લિકેશન્સને પ્લે સ્ટોર દ્વારા રોકવામાં નિષ્ફળતા, અને એપ્લિકેશનો દ્વારા અધિકારો અને ગોપનીયતાના લિકેજ કરી શકે છે.

જોકે વપરાશકર્તાઓ પહેલાથી ઉપલબ્ધ સુવિધાઓ અને થોડી સામાન્ય સમજનો લાભ લે ત્યાં સુધી આવા મોટાભાગના મુદ્દાઓને ટાળી શકાય છે, તેમ છતાં, મોટાભાગના વપરાશકર્તાઓ મૂળભૂત સુરક્ષા પદ્ધતિઓ વિશે જાગૃત નથી અથવા તેનું પાલન કરી શકતા નથી.


ગૂગલની તાજેતરની ઘોષણા મુજબ, નવીનતમ એન્ડ્રોઈડ 11 ઓએસમાં ડિફોલ્ટ રૂપે વપરાશકર્તાઓના ડેટાને સુરક્ષિત રાખવા, પારદર્શિતા વધારવા અને વધુ સારા નિયંત્રણની ઓફર કરવા માટે રચાયેલ કેટલાક નવા બિલ્ટ-ઈન પગલા આ લેખમાં શામેલ છે.

**1 એક વખતની પરવાનગી આઇઓએસ પર પહેલેથી જ અસ્તિત્વમાં છે તે સુવિધાની જેમ, ‘વન-ટાઇમ પરવાનગી’ સુવિધા વપરાશકર્તાઓને લોકેશનની સૌથી સંવેદનશીલ પરવાનગી, જેમ કે લોકેશન, માઇક્રોફોન અને કેમેરા પર એપ્લિકેશન્સને એકલા ઉપયોગની એક્સેસની મંજૂરી આપે છે.**

આમ, સેન્સર્સનું ફરીથી મૂલ્યાંકન કરતાં પહેલાં એપ્લિકેશંસને પરવાનગી ફરીથી લેવી જરૂરી છે. એન્ડ્રોઈડમાં આ સુવિધા નવી નથી પણ ગૂગલ પ્લે સ્ટોર પરથી નવી એપ્લિકેશન ડાઉનલોડ કરતી વખતે તે ફક્ત ઉપયોગ માટે ઉપલબ્ધ હતી.

**2 ન વપરાયેલી એપ્લિકેશન્સ માટેની પરવાનગીને ઑટોમૅટિક ફરીથી સેટ કરો**

આ એક નવું છે. એક દૃશ્ય હોઈ શકે છે જ્યાં તમે મહિનાઓ સુધી કોઈ ઈન્સ્ટોલ કરેલી એપ્લિકેશન સાથે સંપર્ક કર્યો નથી અથવા જરૂરી મંજૂરીઓ ડાઉનલોડ અને મંજૂરી આપીને તે વિશે સંપૂર્ણપણે ભૂલી ગયા છો. તમારી ગોપનીયતાને જોખમમાં મૂકવા ઉપરાંત, આવી એપ્લિકેશનો તમારા ઉપકરણનાં હાર્ડવેર સંસાધનોનો વપરાશ ચાલુ રાખી શકે છે અથવા પૃષ્ઠભૂમિમાં તમારા ડેટાને એક્સેસ કરવાનું ચાલુ રાખી શકે છે.



તેજ દફતરી
(સાઈબર સિક્યુરિટી એન્ડ ડિઝીટલ ફોરેન્સીક્સ એક્સપર્ટ)

આવા દૃશ્યોને નિવારવા માટે, એન્ડ્રોઈડ 11 ની નવી પરવાનગી ઓટો રીસેટ સુવિધા મોબાઈલ ઓપરેટિંગ સિસ્ટમને તે એપ્લિકેશન માટે સંવેદનશીલ રનટાઈમ પરવાનગીઓને આપમેળે ફરીથી સેટ કરવાની સશક્ત બનાવે છે જેનો ઉપયોગ કેટલાક મહિનાઓથી થયો નથી.

**3 પ્લે સ્ટોર મોડ્યુલો દ્વારા ઝડપી સુરક્ષાના ઉકેલ ગૂગલને હવે સ્માર્ટફોન ઉત્પાદકોને વપરાશકર્તાઓ માટે નિયમિત સુરક્ષા અપડેટ્સ રોલ કરવાની આવશ્યકતા છે, તે હજી પણ હેકર્સના શોષણ પહેલાં અંતિમ વપરાશકર્તાઓને ગંભીર નબળાઈઓ પેચ કરવામાં મદદ કરી શકતા નથી.**

બીજા શબ્દોમાં કહીએ તો, નવી પ્રણાલી પ્રમાણે એન્ડ્રોઈડ 11 વપરાશકર્તાઓ ઓએસ-લેવલ અપડેટ્સને રિલીઝ કરવા માટે ડિવાઈસ ઉત્પાદકો પર આધાર રાખવાના બદલે ઉપલબ્ધ થતાં જ સુરક્ષા અને બગ પેચો પ્રાપ્ત કરશે.

**4 ડેટાને સુરક્ષિત કરવા માટે સ્કોપ કરેલ સ્ટોરેજ એન્ફોર્સમેન્ટ**

ગયા વર્ષે એન્ડ્રોઈડ ક્યૂ પ્રકાશનમાં રજૂ કરાયેલ, નાના ફેરફારો સાથે નવીનતમ સંસ્કરણમાં સ્ટોરેજ અમલીકરણ પણ ઉપલબ્ધ છે. આપણે પહેલાના લેખમાં સમજાવ્યું છે તેમ, અવકાશ કરેલું સ્ટોરેજ દરેક એપ્લિકેશનને ઉપકરણ પર એક અલગ સ્ટોરેજ ક્ષેત્ર આપે છે કે તે જ ઉપકરણ પર ઈન્સ્ટોલ કરેલી અન્ય કોઈ એપ્લિકેશન અન્ય એપ્લિકેશનો દ્વારા સાચવેલા ડેટાને સીધી એક્સેસ કરી શકે નહીં.

**5 બિનજરૂરી પૃષ્ઠભૂમિ સ્થાનની એક્સેસને પ્રતિબંધિત કરવી**

એન્ડ્રોઈડ 11 માં અગત્યની ગોપનીયતામાંની એક, ઉપકરણના પૃષ્ઠભૂમિ સ્થાન પર એપ્લિકેશનોની એક્સેસને વધુ પ્રતિબંધિત કરવાના સોદા કરે છે.

જ્યારે કોઈ એપ્લિકેશન તમારા સ્થાનને એક્સેસ કરવાની પરવાનગીની વિનંતી કરે છે, ત્યારે એન્ડ્રોઈડ 11 પ્રથમ માત્ર અગ્રભાગનું સ્થાન આપવાનું સુનિશ્ચિત કરે છે, અને જો તેને પૃષ્ઠભૂમિથી સ્થાનની એક્સેસની પણ જરૂર હોય, તો એપ્લિકેશનને એક અલગ પરવાનગી લેવી પડશે. આવા કોઈપણ સુરક્ષાના સવાલોના જવાબ લેખક આપી શકવા સક્ષમ છે.

(શરતોને આધીન)

અનુસંધાન પેજ 1 પરથી...

### યુપીના ચૂંટણી...

પરિણામો સાથે કરીને માની રહ્યાં છે કે જેમ યુપીમાં કોંગ્રેસનો સફાયો કરીને સપાને મોકળુ મેદાન આપીને વિરોધપક્ષમાં લાવવામાં આવ્યાં, તેમ ગુજરાતમાં આ વખતે આપ પાર્ટીને પણ મોકળુ મેદાન આપીને વિરોધપક્ષમાં બેસાડવામાં આવી શકે. યુપીની જેમ ગુજરાતમાંથી પણ કોંગ્રેસના નામનો એકડો જ કાઢી નાંખવામાં આવે કે નિકળી જાય તેવી પાકી રાજકીય વ્યવસ્થા અને આયોજન આ વખતે કરી દેવામાં આવ્યું હોવાનું મનાય છે.

ભાજપ આ વખતે ચૂંટણી જંગ જીતવા ગઈ વખતની જેમ અતિવિશ્વાસમાં રહેવા તૈયાર નથી. ગઈ વખતના પરિણામનું પુનરાવર્તન થાય એવી કોઈ શક્યતા નથી.. આ વખતની ચૂંટણીમાં નવા સીએમ છે. નવી સરકાર છે, કોરોનાની ત્રીજી લહેરમાં પટેલ સરકાર વગોવાઈ નથી અને મતોના ધ્રુવીકરણ માટે અમદાવાદ સહિત રાજ્યભરમાં સોસાયટીઓમાં ભાજપ અને વિવિધ સંગઠનો દ્વારા ઠેર ઠેર દર્શાવવામાં આવી રહેલી “ધ કાશ્મિર ફાઈલ્સ” ફિલ્મ મતદારોને મતદાન મથક સુધી ખેંચી જશે. દેખીતી રીતે કોને વોટ મળશે તે કહેવાની નજરૂર નથી.

યુપીમાં પ્રિયંકા ગાંધી વાડ્રાની લડકી હું લડ શકતી હું..અભિયાન અને 40 ટકા ટિકિટ મહિલાઓને આપીને કરાયેલી મહેનત બાદ 403માંથી માત્ર બે બેઠકો મળી, તેમ ગુજરાતમાં આ વખતે ગુજરાતની ચૂંટણીમાં ફરી રાહુલ ગાંધી પ્રચારમાં ઉતરે કે પ્રિયંકા ગાંધી વાડ્રા આવે તો પણ કોંગ્રેસને 182માંથી આ વખતે 77 નહી પણ 7 કે 10 બેઠકોથી આગળ વધવા દેવામાં નહીં આવે, એમ રાજકીય નિરીક્ષકો માની રહ્યાં છે.

ગુજરાતમાં પહેલીવાર ચૂંટણી લડનાર આપ પાર્ટીને કોંગ્રેસ કરતાં વધારે મળે અને ભાજપે પોતાનો આ વખતે 99 નહીં પણ 150 બેઠકોનો ટાર્ગેટ નક્કી કરી દેવાયો હોવાનું મનાય છે. સ્થાનિક ચૂંટણીઓમાં એકાએક પ્રવેશ કરી અમદાવાદ મ્યુનિ. કોર્પો.માં 7 બેઠકો અને મોડાસામાં કોંગ્રેસ કરતાં વધારે બેઠકો મેળવનાર ઔવૈસીની મીમ પાર્ટી કોંગ્રેસને મળનાર લઘુમતીઓના મતોમાં અને માયાવતીની પાર્ટી દલિતોના મતોમાં ગાબડાં પાડીને ભાજપ ગુજરાતમાં કોંગ્રેસને આ વખતે ખો ભૂલાવી દે તો નવાઈ નહીં..એમ કહી શકાય કે ગુજરાતમાં યુપીના પરિણામોનું પુનરાવર્તન થઈ શકે. સત્તા સ્થાને ફરી ભાજપ, વિપક્ષમાં આપ પાર્ટી અને ત્રીજા નંબરે કોંગ્રેસ...!? ગુજરાતની મુલાકાત વખતે મોદીએ ભાજપના કાર્યકરોને ચેતવ્યા કે ગુજરાતમાં આ વખતે મારા અને ભાજપના તમામ લોકો સામે આવશે. તે જોતા બની શકે કે ગુજરાતની ચૂંટણીઓમાં એમસીપી, શિવસેના, સપા અને મમતાદીદીની પાર્ટી પણ મેદાનમાં આવે તો નવાઈ નહીં યુધ્ધ અને પ્રેમમાં બધુ જ શક્ય છે. ગુજરાતમાં કોઈ ગમે તેટલા અસ્ત્ર-શસ્ત્ર-બ્રહ્માસ્ત્ર સાથે આવે પરિણામ તો નક્કી જ છે- આયેગા તો મોદી હી...

### ભાજપે જીતેલા...

કરવામાં આવ્યા છે. અને નો રીપીટ થિયરીનો છેદ ઉડી ગયો છે. બીજી તરફ પંજાબમાં પણ આપની નવી સરકારે કામકાજ શરૂ કર્યું. પહેલી જ કેબિનેટમાં 25 હજાર લોકોને રોજગારી આપવાનો નિર્ણય લેવાયો છે. દરમિયાન એવી રાજકીય ચર્ચા ચાલી રહી છે કે ગુજરાતમાં પણ ભાજપ ફરીથી સત્તા મેળવ્યા બાદ ભૂપેન્દ્ર પટેલને ફરીથી સીએમ બનાવવામાં આવે તો નવાઈ નહીં.

અનુસંધાન પેજ 12 પરથી...

### ચોથી લહેરની...

સુપ્રિમ કોર્ટના આદેશથી કોરોના મૃતકના પરિવારજનોને 50 હજારનું વળતર 87 હજાર પરિવારોને ચુકવવામાં આવ્યું..! સરકારને વળતર માટે જે અરજીઓ મળી છે તે એક લાખને પાર છે. 87 હજાર પરિવારોને 50 હજારનું વળતર ચુકવાયુ તો તેનો મતલબ એવો કરી શકાય કે ગુજરાતમાં કોરોનાથી મરનારાઓની સંખ્યા 10,939 નહીં પણ 87 હજાર છે..?!

રોગ આવ્યો તો સાથે તેની દવા પણ આવી. દેશમાં 3 દવા કંપનીઓએ કોરોનાથી બચવાની રસી શોધી અને 16 જાન્યુ.2021થી દેશભરમાં રસીકરણ અભિયાન આરંભાયુ અને 17 સપ્ટેમ્બર, 2021ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને રસીકરણનો આંકડો 100 કરોડને પાર થયો હતો. આજે દેશમાં 15 વર્ષથી ઉપરની વયના લોકોમાં 94 ટકાને રસીનો એક ડોઝ અપાઈ ગયો છે. બીજો અને પ્રિકોશન તરીકે ત્રીજો ડોઝ પણ આપવામાં આવી રહ્યો છે.

કોરોના પહેલાં પોઝીટીવ વિચારો ધરાવનારા લકોને આવકાર મળતો હતો. પણ કોરોના કાળમાં અમુક ફલાણાં પોઝીટીવ જાહેર થયા એટલે સૌ કોઈ તેનાથી દૂર ભાગતા હતા. સગો દિકરો કોરોનાગ્રસ્ત પોતાની માતા કે પિતાના પાર્થિવદેહને હાથ લગાડવાની પણ હિંમત કરતો નહોતો. દવાખાને મૂકીને નિકળી ગયા હોય અને કોઈ એનજીઓ નિકાલ કર્યો હોય એવા પણ કિસ્સા બન્યા હતા. કોરોનાની બીજી લહેર બાદ તંત્ર દ્વારા ફટાફટ પગલા લઈને ત્રીજી લહેર પહેલા 15 હજાર નવી પથારીઓ ઉમેરાઈ, 1500 મે.ટન ઓક્સીજન ઉત્પાદન થાય એવા પ્લાન્ટ લગાવાયા. 1 હજાર ટના પ્રવાહી ઓક્સીજનની વ્યવસ્થા સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમા કરવામાં આવી. 134 આરટીપીસીઆર ટેસ્ટ કેન્દ્રો બનાવવામાં આવ્યાં. 35 હજાર હેલ્થકેર તાલીમબધ્ધ સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવી. જો કે ત્રીજી લહેરમાં બીજી લહેર જેવા ભયાનકતા નહોતી અને ઓક્સીજનની તંગી પડી નથી. ખીબ ઓછા લોકો દાખલ થયાં મોટા ભાગનાને ઘરે જ સારવાર આપવામાં આવી. અને હવે ચોથા લહેરની શરૂઆત થઈ રહી હોય તેમ વિદેશમાં ચીન અને હોંગકોંગમાં ફરી કેસો વધી રહ્યાં છે. કોરોના કાળનો એક જ સંદેશો જોવા મળ્યો- ડોન્ટ ટચ..!!.માસ્ક પહેરો-સેનેટાઈઝર રાખો અને સોશ્યલ ડીસ્ટન્સ રાખો.. ગુજરાતે કોરોનાની સાથે રહીને જીવતા શીખી લીધુ છે...!

અનુસંધાન પેજ 4 પરથી...

### એક એવી...

પરંતુ એ ફિલ્મે તેને બનાવનાર સેનને અપેક્ષા ન રાખી હોય તેવા પ્રેક્ષકો મેળવ્યા હતા નવા પ્રવાહની ફિલ્મ ભુવન શોમે ત્રણ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો જીત્યા હતા - શ્રેષ્ઠ ફિચર ફિલ્મ, શ્રેષ્ઠ દિગ્દર્શક અને શ્રેષ્ઠ અભિનેતા. સેન ભારતીય સિનેમામાં પ્રણેતા હતા પરંતુ તેમની તમામ મહાન કૃતિઓમાં ભુવન શોમ એવી ફિલ્મ તરીકે ઉભરી આવે છે જેણે ભારતમાં નવી તરંગની શરૂઆત એવી રીતે કરી હતી કે દર્શકો દ્વારા સ્વીકારવામાં આવી હતી અને ફિલ્મ રિલીઝ થયાના વર્ષો પછી પણ તેમને અલગ કરવા માટે કંઈક આપ્યું હતું.. યોગાનુયોગ આ ફિલ્મની સાથે અમિતાભ પણ તેના વીઓ એટલે કે વોઈસ ઓવરને કારણે જોડાયેલો રહ્યો છે. મૃણાલસેને વાર્તા સમજાવવા માટે નેરેટર તરીકે અમિતાભના અવાજનો ઉપયોગ કર્યો હતો. તેમના જીવનની આ જ પ્રથમ ફિલ્મ હતી કે જેમાં અમિતાભે પોતાનો અવાજ આપ્યો હતો, નહીં કે શતરંજ કે ખિલાડી..■

# ગુજરાતના પહેલા એવા IAS જેની પોતાની છે યુ ટયૂબ ચેનલ


ટુરિઝમ વિભાગને સાડા ચાર વર્ષ બાદ નવા એમ.ડી. મળ્યા છે. એમ.ડી અલોકકુમાર પાંડે ટુરીઝમમાં આવતા પહેલા જ શિલ્પ સ્થાપત્ય, ઈતિહાસ અને સંસ્કૃતિમાં રુચિ ધરાવે છે. તે તેમની પર્સનલ યુ ટયૂબ ચેનલ પરથી સ્પષ્ટ થાય છે. અલોક કુમાર પાંડે કદાચ રાજ્યના પહેલા એવાઆઈએએસ છે - જેઓ પોતાની યુ ટયૂબ ચેનલ ધરાવે છે. તેની પર દસ હજારથી વધુ લોકો તેમની ચેનલ સબસ્ક્રાઈબ પણ કરી ચૂક્યા છે. આ ચેનલ પર તેઓ ઘણા એક્ટીવ છે તે તેમના અપલોડેડ વીડિયો પરથી સ્પષ્ટ થાય છે. આ ચેનલ પર તેઓએ વિવિધ પ્રાંતોના શિલ્પ સ્થાપત્ય, ઈતિહાસ પર જાણકારી આપીને લોકોને એજ્યુકેટ કરવાનો પ્રયત્ન કર્યો છે.

### કારણ રાજ કારણ સત્તા

ગત શનિ - રવિ દરમ્યાન સીએમ ભૂપેન્દ્રભાઈ પટેલે ખાસ આઈપીએસની બદલીઓ માટે સમય ફાળવ્યો હતો. તેઓ દ્વારા ફાઈનલ લિસ્ટ રેડી પણ કરાઈ દેવાયું હતું. પરંતુ એ લિસ્ટમાં ૭ પટેલોને પ્રાઈમ પોસ્ટીંગ પર મૂકાતા આ બદલીઓ વિલંબમાં પડી છે. કારણકે, આ નિર્ણય સાથે ભાજપ સંગઠનનાં જ ટોચના નેતા સહમત નથી. આઈપીએસની સમગ્ર બદલીઓ કોઈપણ પ્રકારની ફેવર કે પક્ષપાત વગરની દેખાય તે માટે - ફરીથી લિસ્ટ બનાવવા સીએમને વિનંતી કરવામા આવી છે. સૂત્રોનું માનીએ તો, આજે આજ મુદ્દે સંગઠનના ટોચના નેતા અને સીએમની બેઠક પણ યોજાનાર છે. જો આજની બેઠકમાં સર્વ સહમતિ સંધાઈ તો આગામી બે દિવસમાં આઈપીએસની બદલીઓની જાહેરાત નિશ્ચિત બનશે.

**▪ ઉર્જા વિકાસ નિગમના અધિકારીઓ મમતા વર્માથી ખફા કેમ છે?**

ગુજરાતના ઉર્જા વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી મમતા વર્માના એક વિચારથી ગુજરાત ઉર્જા વિકાસ નિગમના અધિકારીઓ ખફા બન્યાં છે. જો તેણીએ વિચારેલો આઈડિયા સફળ રહ્યો તો, ઉર્જા વિકાસના અધિકારી તેમજ કર્મચારીઓ વિરોધ કરે તેવી સંભાવના દેખાઈ રહી છે. મમતા વર્મા એક સશ્કત મહિલા અધિકારી છે - ને તેમણે એવો બોલ્ડ આઈડિયા દરખાસ્તમાં સ્વરૂપમાં રજૂ કર્યો છે કે, અધિકારીઓના પગ નીચેથી જમીન સરકી રહી છે. આ મહિલા અધિકારીએ ગુજરાત ઉર્જા વિકાસ નિગમની વર્ષો જૂની વડોદરા સ્થિત મુખ્ય કચેરીને ગાંધીનગર ખસેડવાનું વિચાર્યું છે. વિચાર જ નહીં તેમણે નિર્ણય કર્યો છે. ગુજરાત ઈલેક્ટ્રિસિટી બોર્ડ એટલે કે જીઈબી નામકરણ હતું ત્યારથી આ મુખ્ય કચેરી વડોદરામાં રહી છે. મમતા વર્મા હવે આ કચેરીને કેપિટલમાં ખસેડવાનું મન બનાવી રહ્યાં છે.



**▪ આઇએએસની એકલ - દોકલ બદલીઓથી અસંતોષ**

પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રુપાણીની સરકારમાં સાઈડલાઈન થયેલા અધિકારીઓ ખુશ હતા. જ્યારે ભૂપેન્દ્ર પટેલની સરકાર આવી તમામને હતું કે, નવી સરકાર આવતા હવે નવા સીએમની કાર્યશૈલી અનુસાર અધિકારીઓ બદલાશેને તેઓને પણ નવી તક મળશે. પરંતુ , હાલ જે પ્રકારે આઈએસની એકલ દોકલ બદલીઓના ઓર્ડર આવી રહ્યા છે -તે જોતા છેલ્લા ઘણાં વર્ષોથી એકને એક વિભાગમાં બદલીઓ લઈ રહેલા અથવા તો રુપાણી સરકારમાં સાઈડ લાઈન થયેલા અધિકારીઓ મા ભયંકર અસંતોષ વ્યાપ્યો છે. સરકારની આ નિતીને કારણે રુપાણી સરકારમાં વગર કારણે સાઈડ લાઈન થયેલા અધિકારીઓના મોરલ અને કાર્યક્ષમતા પર અસર પડી રહી છે.

- ન્યૂઝ 18



### સપ્તાહના ત્રીજા દિવસે રોકાણકારો થયા નિરાશ, સેન્સેક્સના 30 શેરોમાંથી 25 શેર લાલ નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા છે

# સેન્સેક્સ 300 પોઈન્ટ ગગડયો, નિફ્ટી 17250ની નીચે બંધ

ગુજરાત | વંદન

બુધવારના દિવસે શેરબજારની શરૂઆત મજબૂતી સાથે થઈ હતી, પરંતુ બાદમાં બજારમાં વેચવાલી જોવા મળી હતી. સેન્સેક્સ 200થી વધુ પોઈન્ટના ઉછાળા સાથે ખુલ્યો હતો, જ્યારે નિફ્ટીએ લગભગ 90 પોઈન્ટના ઉછાળા સાથે 17405 ના સ્તર પરથી શરૂઆત કરી હતી. દિવસના કારોબાર દરમિયાન બજારમાં ચઢાવ ઉતાર જોવા મળ્યું હતું. બાદમાં અંતે સેન્સેક્સ 304.48 પોઈન્ટ (0.53 ટકા)ના ઘટાડા સાથે 57,684.82ના સ્તર પર બંધ થયો. જ્યારે નેશનલ સ્ટોક માર્કેટનો નિફ્ટી 91.90 પોઈન્ટ (0.53 ટકા)ના ઘટાડા સાથે 17,223.60ના સ્તર પર બંધ થયો છે.

મંગળવારે શેરબજારમાં ઉથલપાથલના દોર વચ્ચે પ્રારંભીક આંચકા બાદ રિકવરી આવી હતી અને સેન્સેકસમાં 600 પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો. મંગળવારે બેતરફી વધઘટ હતી. શરુઆત નબળા ટોને




થઈ હતી. થોડો વખત માનસ મંદી તરફી જ હતું પરંતુ સંસ્થાકીય લેવાલી આવતા જ તેજીનો વળાંક આવી ગયો હતો. અંતમાં સેન્સેક્સ 600 પોઈન્ટના ઉછાળાથી 57890 હતો તે ઉંચામાં 57998 તથા નીચામાં 56903 હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી 170 પોઈન્ટ ઉંચકાઈને 17287 હતો તે ઉંચામાં 17320 તથા નીચામાં 17006 હતો.

જો કે મિડકેપ શેરોમાં ઉછાળો અને સ્મૉલકેપ શેરો નબળા જોવાને મળ્યા છે. બીએસઈના મિડકેપ ઈન્ડેક્સ 0.27 ટકા વધીને બંધ થયા છે, જ્યારે નિફ્ટીના મિડકેપ 100 ઈન્ડેક્સમાં 0.50 ટકાનો વધારો દર્જ કરવામાં આવ્યો છે. બીએસઈના સ્મૉલકેપ ઈન્ડેક્સ 0.11 ટકા ઘટાડાની સાથે બંધ થયા છે.

બેન્કિંગ, ફાઈનાન્શિયલ સર્વિસ, ઑટો, એફએમસીજી, રિયલ્ટી, પીએસયુ બેન્ક અને પ્રાઈવેટ બેન્ક 0.27-1.04 ટકા સુધી વેચવાલીનું દબાણ જોવામાં આવ્યુ. બેન્ક નિફ્ટી 0.55 ટકાના ઘટાડાની સાથે 36,147.35 ના સ્તર પર બંધ થયા છે. જ્યારે આઈટી, મેટલ, ફાર્મા, હેલ્થકેર, કંઝ્યુમર ડ્યુરેબલ્સ અને ઑયલ એન્ડ ગેસ શેરોમાં વધારો દેખાયો.

દિગ્ગજ શેરોમાં કોટક મહિન્દ્રા બેન્ક, એચડીએફસી, બ્રિટાનિયા, ભારતી એરટેલ, સન ફાર્મા, મારૂતિ સુઝુકી અને બજાજ ઑટો 1.72-2.61 ટકા સુધી તૂટીને બંધ થયા છે. જ્યારે દિગ્ગજ શેરોમાં ડિવિઝ લેબ, હિંડાલ્કો, ટાટા સ્ટીલ, ડૉ.રેડ્ડીઝ, યુપીએલ, આઈટીસી અને જેએસડબ્લ્યુ સ્ટીલ 0.79-2.51 ટકા સુધી વધીને બંધ થયા છે.

સ્મૉલોકપ શેરોમાં યારી ડિજિટલ, લક્ષ્મી મશિન, એપટસ વેલ્યુ, એમએમ ફોરગિંગ્સ અને પુર્વાંકરા 4.99-7.23 ટકા સુધી લપસ્યા છે. જો કે સ્મોલકેપ શેરોમાં આશાપુરા માઈન, ફ્યુચર સપ્લાય, મેનન બિયરિંગ્સ, જયંત એગ્રો અને નવા ભારત વેંચર્સ 11.59-20.00 ટકા સુધી ઉછળ્યા છે.

### 35,000થી વધુ રોકાણકારોએ સરકારી બોન્ડની સીધી ખરીદી કરી

# RBIના રિટેલ પ્લેટફોર્મ પર એફડીથી વધુ વળતર મળતા રોકાણકારોનો ધસારો

ગુજરાત | વંદન

રિઝર્વ બેન્ક દ્વારા નવેમ્બરમાં લોન્ચ કરવામાં આવેલ રિટેલ ડાયરેક્ટ પ્લાનમાં સરકારી જામીનગીરીઓમાં રિટેલ રોકાણકારોનો રસ વધતો જોવા મળી રહ્યો છે અને આરબીઆઈ દ્વારા સરકાર પાસે માંગવામાં આવેલી કરમુક્તિ મંજૂર થશે તો રિટેલ ઈન્વેસ્ટર માટે ગવર્મેન્ટ સિક્યોરિટીસ પણ એક ઉત્તમ રોકાણ માધ્યમ બની શકે છે.

એક અહેવાલ અનુસાર ૩૫,૦૦૦થી વધુ વ્યક્તિગત રોકાણકારો આરબીઆઈના રિટેલ ડાયરેક્ટ પ્લેટફોર્મ પર સીધા સરકારી બોન્ડ ખરીદી રહ્યા છે. આ સિવાય સરકારી જામીનગીરીમાં ટ્રાન્ઝેકશન સુગમતા, સંપત્તિની સલામતી




અને યિલ્ડના તફાવતોને કારણે આવી રિટેલ પાર્ટિસિપેશન ઝડપી બનશે.

રસપ્રદ વાત એ છે કે સોવરિન બોન્ડ્સ હવે પરંપરાગત બેંક થાપણો કરતાં વધુ વળતર આપી રહ્યાં છે અને સરળતાથી વેચી પણ શકાય છે. ૧૦-વર્ષના સરકારી બોન્ડ અર્ધ-વાર્ષિક ૬.૮૦%ની આસપાસ યિલ્ડ ઓફર કરી રહ્યાં છે છે, જેની સામે સમાન-મેચ્યોરિટીવાળી ફિક્સ ડિપોઝિટ માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ૫.૪૦-૬.૩૦% ઓફર કરાઈ રહ્યાં છે.

**ગત વર્ષે રિટેલ ડાયરેક્ટ પ્લેટફોર્મ લોન્ચ થયુ**

નવેમ્બર, ૨૦૨૧માં રિટેલ ડાયરેક્ટ પ્લેટફોર્મ આરબીઆઈ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતુ જેમાં સરકારી જામીનગીરીઓની લે-વેચ થાય છે. વ્યક્તિઓ ઓનલાઈન પોર્ટલનો ઉપયોગ કરીને આરબીઆઈ સાથે રિટેલ ડાયરેક્ટ ગિલ્ટ એકાઉન્ટ ખોલી શકે છે. લઘુત્તમ રોકાણ ૧૦,૦૦૦ નક્કી કરવામાં આવ્યું છે. ગત વર્ષે ૧૨મી નવેમ્બરે પ્લેટફોર્મ લોન્ચ થયા બાદ અત્યાર સુધી કુલ ૬૦,૦૦૦થી વધુ રજિસ્ટ્રેશન થયા છે.

આ બોન્ડ્સ સુધી રિટેલ રોકાણકારોની પહોંચ વધારવાની સાથે હવે તેના પર મળતું વ્યાજ રિટેલ ખરીદદારો માટે કરમુક્ત કરવાના કેન્દ્રીય બેંકના સૂચન પર સરકાર સહમત થાય તો વધુ રોકાણ રિટેલ રોકાણકારો તરફથી આ પ્લેટફોર્મ પર આવી શકે છે. આ બાબતથી પરિચિત એક એક્ઝિક્યુટિવે જણાવ્યું હતું કે જો સ્લેબ અને ટોચમર્યાદાના આધારે વ્યાજની ચૂકવણીને આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવશે તો પ્રત્યક્ષ રોકાણ વધશે.

રિટેલ સહભાગિતાને વેગ આપવા માટે રિઝર્વ બેન્કએ સૂચન કર્યું હોવાનું જાણવા મળ્યું છે કે રિટેલ ડાયરેક્ટ પ્લેટફોર્મ પર રોકાણકારોને મળતા વ્યાજને આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવે એટલે કે જેમ હાલ ટેક્સ-ફ્રી બોન્ડ પર રાહત મળે છે તેમ જ તેમને છૂટ મળે.

# વન-ટાઈમ સેટલમેન્ટથી રૂપિયા 61 હજાર કરોડની લોન રિકવર કરાઈ

ગુજરાત | વંદન

લગભગ 11 બેંકોએ ચાર નાણાકીય વર્ષમાં લોનના વન-ટાઈમ સેટલમેન્ટ હેઠળ રૂ. 61,000 કરોડની વસૂલાત કરી છે, એવુ સરકારે સંસદમાં જણાવ્યુ હતુ. આ આંકડા છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ અને ચાલુ નાણાકીય વર્ષના ડિસેમ્બર 2021 સુધીના છે.

રિઝર્વ બેંકની આદેશ મુજબ બેંકો પાસે મેનેજમેન્ટ બોર્ડે મંજૂર કરેલી લોન રિકવરી પોલિસી હોવી જરૂરી છે, જે સમાધાન દ્વારા વાટાઘાટ કરાયેલી પતાવટને આવરી શકે છે, જેમાં એનપીએની રિકવરી માટે વન-ટાઈમ સેટલમેન્ટનો સમાવેશ થાય છે.

નાણા રાજ્યમંત્રી ભાગવત કરાડે લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું કે, 11 રાષ્ટ્રીયકૃત બેંકો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, છેલ્લા ત્રણ નાણાકીય વર્ષો દરમિયાન 38,23,432 કેસોમાં વન-ટાઈમ સેટલમેન્ટ મંજૂર કરવામાં આવ્યુ હતુ. જે હેઠળ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષે ચાલુ નાણાંકીય વર્ષે ડિસેમ્બર 2021 સુધીમાં કુલ રૂ. 60,940 કરોડની વસૂલાત કરાઈ છે.

આ 11 બેંકોમાં પંજાબ નેશનલ બેંકે સૌથી વધુ 8.87 લાખ, ત્યારબાદ બેંક ઓફ ઈન્ડિયાએ 4.97 લાખ, બેંક ઓફ બરોડાએ 4.34 લાખ, ઈન્ડિયન બેંકે 4.27 લાખ, કેનેરા બેંકે 4.18 લાખ અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાએ 4.02 લાખ, યુનિયન બેંકે 2.99 લાખ; યુકો બેંકે 2.38 લાખ. ઈન્ડિયન ઓવરસીઝ બેંકે 1.33 લાખ, બેંક ઓફ મહારાષ્ટ્રે 63,202 અને પંજાબ એન્ડ સિંધ બેંકે 20,607 લોન કેસમાં વન-ટાઈમ સેટલમેન્ટ કર્યુ છે.






### બિલ્ડરના કુલ 24થી વધુ સ્થળોએ સર્ચ ઓપરેશન

# રિયલ્ટી કિંગ હિરાનંદાની ગ્રુપ પર IT વિભાગના દરોડા

ગુજરાત | વંદન

ભારતીય રિયલ્ટી સેક્ટરની કિંગ ગણાતા હિરાનંદાની સમૂહ પર મંગળવારે સવારે આવકવેરા વિભાગે દરોડા પાડ્યાં છે. મળતા અહેવાલ અનુસાર બિલ્ડરના કુલ 24થી વધુ સ્થળોએ આ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ડો. નિરંજન હિરાનંદાનીના નેજા હેઠળના રિયલ્ટી સમૂહ હિરાનંદાની ગ્રુપ પર આવકવેરા વિભાગે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. તપાસ એજન્સીની વિવિધ ટીમોએ મુંબઈ, ચેન્નાઈ અને બેંગલુરુમાં લગભગ 24 સ્થળોએ આ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. અહેવાલ અનુસાર કંપની પરિસર અને ઓફિસની સાથે કેટલાક ઉચ્ચ અધિકારીઓના ઘર પર પણ કાર્યવાહી ચાલુ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હિરાનંદાની સમૂહના 20,000 કરોડથી વધુના એમ્પાયરના ભાગલાના પણ અહેવાલ ગત સપ્તાહે આવ્યા હતા. બંને ભાઈઓ નિરંજન અને સુરેન્દ્ર હિરાનંદાનીએ શાંતિથી અને સમજણ-પતાવટથી 40 વર્ષ બાદ ગ્રુપના બે ભાગલા પાડવાની તૈયારીઓ કરી છે.

# સુઝુકીનું 10,440 કરોડનું રોકાણ

### ગુજરાતમાં મારુતિ ઈલેક્ટ્રિક વાહનો ઝડપથી બનાવવાનું શરૂ કરશે




ગુજરાત | વંદન

જાપાનની સુઝુકી મોટર કોર્પોરેશને રવિવારે જાહેરાત કરી છે કે તે 150 બિલિયન યેન (₹10,445 કરોડ)નું 2026 સુધીમાં રોકાણ ગુજરાતમાં કરશે. આ રોકાણ દ્વારા બેટરી ઈલેક્ટ્રિક વ્હિકલ્સ (BEV) અને BEV બેટરી બનાવશે. કંપનીએ દિલ્હીમાં 19 માર્ચે યોજાયેલા ઈન્ડિયા-જાપાન ઈકોનોમિક ફોરમમાં એમઓયુ સાઈન કર્યા હતા. સુઝુકી મોટર કોર્પોરેશનના રિપ્રેઝન્ટેટિવ ડિરેક્ટર અને પ્રેસિડેન્ટ તોશીહીરો સુઝુકીએ ફોરમમાં જણાવ્યું કે, "સુઝુકીનું ભવિષ્યનું લક્ષ્ય કાર્બન ન્યુટ્રાલિટી સાથે નાની કાર બનાવવાનું છે. અમે ભારતને આત્મનિર્ભર ભારત બનાવવા માટે રોકાણ કરતા રહીશું."

કંપનીએ એમઓયુ અંતર્ગત જણાવ્યું છે કે સુઝુકી મોટર ગુજરાત પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ઈલેક્ટ્રિક વ્હિકલ માટે પ્લાન ઉભો કરવા માટે 7,300 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે, જ્યાં 2026 સુધીમાં BEV બેટ્રીસ બનાવવામાં આવશે. આ સાથે સુઝુકી મોટર દ્વારા રૂપિયા 3,100 કરોડનું રોકાણ કરાશે જેમાં 2025 સુધીમાં BEV મેન્યુફેક્ટરિંગની પ્રોડક્શન કેપેસિટીને વધારવામાં આવશે.

આ સિવાય અન્ય ગ્રુપ મારુતિ સુઝુકી તોયોત્સુ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (MSTI) દ્વારા 45 કરોડનું રોકાણ 2025 સુધીમાં વ્હિકલના રિસાઈકલિંગ પ્લાન્ટ માટે કરવામાં આવશે. મારુતિ સુઝુકીએ ભારતના ઈલેક્ટ્રિક વ્હિકલ માર્કેટમાં 2025 સુધીમાં એન્ટ્રી કરશે. કંપનીના લિડર દ્વારા જણાવાયું કે હાલના ભાવ પ્રમાણે સસ્તામાં મોટા જથ્થામાં ઈલેક્ટ્રિક વ્હિકલ્સ વેચવાનું કામ મુશ્કેલ છે.

અગાઉ 2019માં મારુતિએ વેગન-આર હેચબેક સાથે 2020માં ઈલેક્ટ્રિક કાર લોન્ચ કરવાની હતી. જોકે કંપનીએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સરકારી સમર્થનની કમીનું કારણ રજૂ કરીને કમર્શિયલ લોન્ચનો ઈનકાર કર્યો હતો. જે પ્રકારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થઈ રહ્યો છે તે જોતા હવે લોકો ઈલેક્ટ્રિક વાહનો ખરીદવાનું વિચારી રહ્યા છે. આવામાં કંપનીઓ પણ ઈલેક્ટ્રિક વાહનો બનાવવા માટે તડામાર તૈયારીઓ કરી રહી છે. જેમાં એમજી હેક્ટર દ્વારા પણ ઈલેક્ટ્રિક કારનું મેન્યુફેક્ચરિંગ કરવામાં આવી રહ્યું છે. આ સિવાય ટાટા સહિતની કંપનીઓ ઈલેક્ટ્રિક વાહનો પર મોટા પ્રમાણમાં કામ કરી રહી છે.

### કંપનીઓ પાસે દોઢ મહિનાનો સ્ટોક છે

# ચીનમાં લોકડાઉન લંબાશે તો મોબાઈલ અને ટીવી થશે મોંઘા

ગુજરાત | વંદન

ચીનમાં સતત વધી રહેલા કોરોના સંક્રમણને જોતા ઘણા શહેરોમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે. તેમાં ચીનનું ટેક હબ શેનઝેન પણ સામેલ છે. નિષ્ણાતોનું કહેવું છે કે જો ચીનમાં લોકડાઉન લંબાય તો ભારતમાં ટેલિવિઝન, લેપટોપ



અને સ્માર્ટફોનની કિંમતો વધી શકે છે. ઈન્ટરનેશનલ ડેટા કોર્પોરેશન (IDC)ના સંશોધન નિયામક કહે છે કે ભારત ઈલેક્ટ્રોનિક ઘટકોના લગભગ 20 થી 50 ટકા પુરવઠા માટે ચીન પર નિર્ભર છે. શેંગેન શહેરનો આમાં મોટો હિસ્સો છે. તમામ બ્રાન્ડને ખાતરી છે કે જો ફરી એકવાર સપ્લાય પ્રભાવિત થાય અથવા કોઈ શક્ય રાહત ન મળે તો ભાવમાં વધારો થશે.

સૌથી મોટી વાત એ છે કે કંપનીઓ કાચા માલની વધતી કિંમતો સહન કરવાની સ્થિતિમાં નથી. આવી સ્થિતિમાં, તેઓ ફક્ત ગ્રાહકો પર જ બોજ નાખશે. જો શેંગેન શહેરમાં ત્રણ અઠવાડિયા કે તેથી વધુ સમયનું લોકડાઉન હોય તો સ્માર્ટફોન શિપમેન્ટ પર તેની અસર જૂન ક્વાર્ટરના મધ્ય સુધી અથવા સપ્ટેમ્બર ક્વાર્ટર સુધી રહી શકે છે.

### વૉર ઇફેક્ટ: લોખંડ સહિતના ભાવ વધતા મકાનોની કીંમત 5 લાખ સુધી વધશે



# ક્રેડાઇ ગુજરાતના ચેરમેન અજય પટેલ : સિમેંટ, સ્ટીલ, યુ પીવીસી, ગ્લાસ વગેરેના ભાવ પણ વધ્યા

■ ઘરના ભાવ વધશે: રૉ-મટીરિયલના ભાવ વધતાં એપ્રિલથી મકાનોના ભાવમાં ધરખમ વધારો થશે

ગુજરાત | વંદન

| મટીરિયલ | વર્ષ પહેલાનો ભાવ | હાલનો ભાવ |
|---|---|---|
| ઈંટ | 03 | 09 |
| સ્ટીલ | 40 હજાર | 85 હજાર |
| સિમેન્ટ | 270 | 370 |

બિલ્ડિંગ મટીરિયલના ભાવમાં 1 વર્ષમાં થયેલા વધારાને કારણે બાંધકામના ભાવમાં એપ્રિલથી પ્રતિ ચોરસ ફૂટ રૂ.400થી 500નો વધારો કરવાનો ક્રેડાઈ ગુજરાતની મળેલી બેઠકમાં નિર્ણય લેવાયો છે. આ ભાવ વધારા પછી એફોર્ડેબલ મકાનો (100 વારના મકાન પર) 5 લાખ સુધીનો વધારો ઝીંકાશે. એટલે કે જે મકાન આજે 45 થી 50 લાખમાં મળે છે તેના 50 થી 55 લાખ ચૂકવવા પડશે. આ બાબતે ક્રેડાઈ ગુજરાતના ચેરમેન અજય પટેલે જણાવ્યું હતું કે, મંગળવારે રાજ્યના 40 શહેરોના બાંધકામ વ્યવસાય સાથે સંલગ્ન હિતો માટે કાર્યરત ક્રેડાઈ ગુજરાતના સભ્યોની એક બેઠક પાલનપુર ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્ય મુદ્દામાં રો મટીરિયલ, સિમેન્ટ, સ્ટીલ, યુ પીવીસી પ્રોડક્ટસ, ગ્લાસ વગેરેમાં થયેલા અતિશય વધારાને તમામ પ્રકારના બાંધકામના કોસ્ટિંગમાં વધારો થયો છે. જેને કારણે આ વ્યવસાય સાથે જોડાયેલા લોકોને ભાવ વધારવાની ફરજ પડી રહી છે.

સિમેન્ટ અને સ્ટીલ ઉત્પાદકો કાર્ટેલ રચીને ગેરવ્યાજબી કારણોસર ભાવ વધારો કરે છે. ગુજરાતમાં સિમેન્ટ કંપનીઓ ઉત્પાદન કરે છે. પરંતુ ડેવલપર્સને રાજસ્થાનથી સિમેન્ટ ખરીદવો સસ્તો પડે છે. આ કંપનીઓ કાર્ટેલ રચી ભાવ વધારો કરી રહી છે. આ બેઠકમાં એવો પણ સૂર વ્યક્ત કરવામાં આવ્યો હતોકે, રેરા રજિસ્ટર્ડ ચાલુ પ્રોજેક્ટસ કે જેમાં બુકિંગ થયા છે તેવા પ્રોજેક્ટસમાં રો મટીરિયલના ભાવ વધારાની સીધી અસર પડી રહી છે. જેથી રેરા ઓથોરિટી સમક્ષ પણ આ મકાનોમાં બુક થયેલા પ્રોજેક્ટમાં પણ આ ભાવવધારો લાગુ કરવા માગ કરવામાં આવશે.

# 10 મિનિટમાં સર્વિસ આપવા માટે નવા ફૂડ સ્ટેશન તૈયાર કરી રહ્યું છે ઝોમેટો

ગુજરાત | વંદન

ઓનલાઈન ફુડ ડિલીવરીની સર્વિસ આપનારી કંપની ઝોમેટો હવે 10 મિનિટમાં તમારી પાસે ખાવાનું પહોંચાડાશે તેવી જાહેરાત કંપનીએ કરી છે. કંપનીના ફાઉન્ડર દીપિંદર ગોયલે આ સર્વિસને ઝોમેટો ઈન્સ્ટા નામ આપ્યું છે. આગામી મહિનાથી સર્વિસ પણ શરૂ કરાશે. આ એનાઉસમેન્ટ પછી સોશિયલ મીડિયામાં કોન્ટ્રોવર્સી શરૂ થઈ ગઈ છે. જે બાદ દીપિંદરે ડિલીવરી બોયને ટ્રેનિંગ અને ઈન્સ્યોરન્સ આપવાની વાત પણ કરી છે.

દીપિંદરે 10 મિનિટમાં ખાવાનું બનાવવા અને પહોંચાડવા માટેનો એક પ્લાન પણ સોશિયલ મીડિયામાં શેર કર્યો હતો. તેમને જણાવ્યું કે ફુડ નેટવર્ક પર જ ફાસ્ટ ડિલીવરી નિર્ભર કરશે.

**10 મિનિટનું ફુડ મેન્યૂ શું હશે?**

દીપિંદરે એમ પણ જણાવ્યું કે 10 મિનિટમાં પસંદગીની સર્વિસિસ જ મળશે. આ સર્વિસ અંતર્ગત માત્ર નજીકના સ્થાનો પર કેટલાંક પસંદગીની ફુડ આઈટમ્સ જ મળશે. આ મેન્યૂમાં બ્રેડ આમલેટ, પૌવા, કોફી, ચા, બિરયાની, મોમોઝ, મેગી જેવાં ફુડ સામેલ છે. 10 મિનિટમાં સર્વિસ આપવા માટે ફુડ સ્ટેશન તૈયાર કરવામાં આવી રહ્યાં છે.


સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# હાડકાંના નબળા પડવા પાછળ કોઈ નક્કર કારણ નહીં પણ આપણી કેટલીક આદતો છે



હાડકાંના નબળા પડવા પાછળ કોઈ નક્કર કારણ નહીં પણ આપણી કેટલીક ખરાબ આદતો છે જીવનમાં આપણી નાની નાની ભૂલો મોટી મુશ્કેલીઓનું કારણ બની જાય છે. સમાન વસ્તુઓ અથવા આદતો આપણા સ્વાસ્થ્ય પર સૌથી ખરાબ અસર કરે છે. જો તમને પણ બેસતી વખતે કે દોડતી વખતે પગ કે હાથ કે કમરમાં દુખાવો થાય છે, તો તેનું કારણ તમારા હાડકાંના નબળા હાડકા પણ હોઈ શકે છે. જ્યારે હાડકાંના નબળા પડવા પાછળ કોઈ નક્કર કારણ નથી, ત્યારે આપણી કેટલીક ખરાબ આદતો તેનું કારણ છે. જો તમે પણ આ જ ભૂલ કરી રહ્યા છો તો સાવધાન. વધુ પડતો નમકીન ખોરાક ખાવાથી હાડકાંની ઘનતા ઘટી શકે છે. મીઠામાં હાજર સોડિયમ શરીરમાં કેલ્શિયમ ઘટાડે છે. તેથી, ખોરાકમાં મીઠું સ્વાદ અનુસાર અથવા થોડું ઓછું હોવું જોઈએ. જો તમે ઘરેથી કામ કરો છો અથવા તમારા બાળકો આખો દિવસ ઘરે જ રહે છે, તો હાડકાં નબળા થવાનું આ એક મોટું કારણ છે. મજબૂત હાડકાં માટે સૂર્યમાંથી મળતું વિટામિન ડી ખૂબ જ જરૂરી છે. વધુ પડતી આળસ પણ હાડકાંને નબળા બનાવી શકે છે. શરીરની હલનચલન ખૂબ જ મહત્વપૂર્ણ છે અને તેના કારણે તમારા હાડકા પણ મજબૂત રહે છે. ધૂમ્રપાન અથવા ધૂમ્રપાન માત્ર તમારા ફેફસાંને જ નહીં પરંતુ તમારા હાડકાંને પણ અસર કરે છે. ખોરાકમાં પોષક તત્વોનો સમાવેશ ન કરવો એ પણ મોટી ભૂલ છે, જેના કારણે તેમને પૂરતું પોષણ મળતું નથી અને હાડકાં નબળાં પડી જાય છે. પૂરતી ઊંઘ ન લેવી અને આખી રાત વેબ સિરીઝ જોવી એ તમારા સ્વાસ્થ્ય માટે સારું નથી. આના કારણે ઊંઘની સાથે તમને હાડકા નબળા થવાની સમસ્યા પણ થઈ શકે છે.

# સ્વાસ્થ્ય અને સૌંદર્ય બંને સુધારશે એક વાટકી દહીં...



ઉનાળાની શરૂઆત થઈ ચૂકી છે ગરમી વધવાની સાથે આપણા ખોરાકમાં પણ ફેરફાર કરવા પડે છે તેવામાં ગરમીના દિવસોમાં રોજના ભોજનમાં દહીંનો ઉપયોગ અચૂક કરવો જોઈએ દહીંનો ઉપયોગ કરવાથી સ્વાસ્થ્ય અને સૌંદર્ય બન્ને લાભ થાય છે દહીમાં પ્રોટીન કેલ્શિયમ વિટામિન બી૧૨ સહિતના પોષક તત્વો હોય છે જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ જરૂરી હોય છે.

આ વાત તો થઈ સ્વાસ્થ્યની પરંતુ દહીં સૌંદર્ય માટે પણ વરદાન સમાન છે ઉનાળામાં થતી ત્વચા સંબંધિત સમસ્યાઓને દૂર કરવા માટે તમે દહીં અને ચહેરા પર લગાવી પણ શકો છો તેમાં પણ જો તમારી ત્વચા રૂક્ષ એટલે કે ડ્રાય હોય તો દહીં તમારા માટે વરદાન સાબિત થશે.

દહીંની તાસીર ઠંડી હોય છે જેના કારણે ગરમીના દિવસોમાં થતી ગેસ અપચા જેવી સમસ્યાઓમાંથી મુક્તિ અપાવે છે સાથે જ દહીં પાચન ક્રિયાને મજબૂત બનાવે છે. દહીંનું સૌથી મોટો ફાયદો એ છે કે તે રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને સાથે જ વજન પણ વધવા દેતું નથી. રોજ દહીં ખાવ છો તો પણ શરીરમાં બેડ કોલેસ્ટ્રોલ બનતું નથી આ સિવાય બ્લડ પ્રેશરને કાબૂમાં રાખવામાં પણ દહીં મદદ કરે છે.

જેમને ચિંતા હોય છે કે થોડું ઘણું ખાવાથી પણ વજન વધી જાય છે તેમણે દહીંનો ઉપયોગ જરૂરથી કરવો જોઈએ કારણ કે તમે એક વાટકી દહીં ખાશો તો લાંબા સમય સુધી ભૂખ લાગશે નહીં જેના કારણે તમારું વજન નિયંત્રિત રહેશે.

દહીંમા સારા એવા પ્રમાણમાં કેલ્શિયમ હોય છે જેના કારણે તે હાડકાંને મજબૂત રાખવામાં પણ મદદ કરે છે દહીંનું સેવન નિયમિત કરવાથી હાડકા નો દુખાવો દૂર થાય છે.

# વજન ઘટાડવામાં અસરકારક છે જીરું, તજ સહિતના મસાલાઓ

**માત્ર વજન ઘટાડવા માટે ડાયટિંગ, યોગ અને કસરત જરૂરી નથી. તમારે ડાયટમાં એવી વસ્તુઓ સામેલ કરવી જોઈએ, જેનાથી તમારું વજન ઓછું થઈ શકે. તમારે કેટલાક મસાલાઓને તમારા આહારનો ભાગ બનાવવા જ જોઈએ. મસાલા ફક્ત તમારા ભોજનનો સ્વાદ જ નથી વધારતા પણ વજન ઘટાડવામાં પણ મદદ કરે છે. ઘણા લોકો ડાયેટિંગ દરમિયાન ખૂબ જ બેસ્વાદ ખોરાક ખાય છે. એવું નથી કે મસાલાથી તમારું વજન વધે છે. જો તમે તમારા ભોજનમાં આ હેલ્ધી હર્બ્સ અને મસાલાઓનો ઉપયોગ કરશો તો ધીમે-ધીમે તમારું વજન ઘટવા લાગશે.**



**જીરું** | મોટા ભાગના ઘરોમાં જીરું તમામ શાકભાજીને રાંધવા માટે મૂકવામાં આવે છે. જીરું વજન ઘટાડવામાં પણ ઘણી મદદ કરે છે. જીરું ઈન્સ્યુલિનની સંવેદનશીલતાને બદલે છે. તેમાં ફાયટોસ્ટેરોલ્સ મળી આવે છે, જે કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. વજન ઘટાડવા માટે તમે જીરાનું પાણી પણ પી શકો છો. આ સિવાય છાશ કે દહીંમાં જીરું પીસીને ખાવાથી પેટને ફાયદો થાય છે.

**તજ** | તમારું શરીર શુગરની પ્રક્રિયા કેવી રીતે કરે છે તેમાં તજ મહત્વની ભૂમિકા ભજવે છે. તજ ખાંડનું ચરબીમાં રૂપાંતર અટકાવે છે. આના કારણે પેટમાંથી આંતરડામાં ખોરાક ધીમી ગતિએ પહોંચે છે. તજ ખાવાથી પેટની ચરબી ઘણી ઓછી થાય છે.

**કાળામરી** | કાળા મરી ચરબીના કોષોના નિર્માણની પ્રક્રિયાને રોકવામાં મદદ કરે છે. કાળા મરી ખાવાથી ચરબી સંબંધિત સમસ્યા નથી થતી. જ્યારે તમને શરદી હોય ત્યારે તમે કાળા મરીની ચા પી શકો છો, આ સિવાય કાળા મરી ઓમેલેટ, સલાડ અને સૂપમાં પણ સ્વાદ વધારવાનું કામ કરે છે.

**એલચી** | એલચી પાચનક્રિયામાં ખૂબ મદદરૂપ છે. એલચીમાં બળતરા વિરોધી અને એન્ટીઑકિસડન્ટ ગુણ હોય છે, જે મેટાબોલિક ક્રિયાને વધારે છે. તમે જમ્યા પછી એલચી ખાઈ શકો છો, તેનાથી ખોરાક પચવામાં સરળતા રહે છે. આ સિવાય તમે એલચીની ફ્લેવરવાળી ચા પણ પી શકો છો.

**હળદર** | જ્યાં સુધી શાકમાં હળદર ન હોય ત્યાં સુધી સ્વાદ નથી આવતો. હળદર આયુર્વેદિક ગુણોથી ભરપૂર છે. હળદર ખાવાથી શરીરની બળતરા દૂર થાય છે. હળદર અનેક પ્રકારના ટોક્સિન્સથી છુટકારો મેળવવાનું કામ કરે છે. હળદર ચયાપચયને નિયંત્રિત કરવામાં પણ મદદ કરે છે. જે વજન ઘટાડવાનું સરળ બનાવે છે. શિયાળામાં હળદરવાળું દૂધ પીવાથી ઘણા ફાયદા થાય છે.

# ખુશીમાં કેમ આંખમાં આવી જાય છે આંસુ?

સામાન્ય રીતે આપણે ખુબ જ દુખી હોઈએ કે પછી વધારે ખુશ થઈએ ત્યારે આંખમાંથી આંસુ નીકળે છે. જ્યારે ખુશ થઈ ત્યારે જે આંસુ આવે છે તેને ખુશીના આંસુ પણ કહેવામાં આવે છે. પરંતુ તમે કદાચ આંસુ પાછળનું વિજ્ઞાન નહિ જાણતા હોવ. તો ચાલો જાણીએ આંસુ પાછળનું વિજ્ઞાન, આવું કેમ અને કેવી રીતે થાય છે? તમે જોયું જ હશે કે જ્યારે પણ આપણે ખૂબ ખુશ હોઈએ છીએ ત્યારે ઘણી વાર હસતી વખતે આપણી આંખોમાંથી આંસુ વહેવા લાગે છે. સામાન્ય ભાષામાં તેને ખુશીના આંસુ પણ કહેવામાં આવે છે. તમે કદાચ આંસુ પાછળનું વિજ્ઞાન નહિ જાણતા હોવ. ખુશીના આંસુ આવવા પાછળ પણ કેટલાક કારણો હોય છે. જેથી તમે ખુશ હો છતા તમારી આંખમાં આંસુ હોય છે. એક રિપોર્ટ મુજબ હસતી વખતે આંસુ આવવા પાછળ 2 કારણો જવાબદાર હોય છે. આમાં પહેલું કારણ છે કે જ્યારે આપણે ખુલીને હસીએ છીએ ત્યારે આપણા ચહેરાના કોષો અનિયંત્રિત રીતે કામ કરવા લાગે છે. જ્યારે પણ આવી સ્થિતિ સર્જાય ત્યારે મન પર અંકુશ આપણી લૅક્રિમલ ગ્રંથિઓમાંથી દૂર થઈ જાય છે. જેથી તમે ખુશ હોવા છતા તમારી આંખમાં આંસુ આવી જાય છે.



## લાગણી છલકાય તો આવી જાય છે આંસુ

ખુશીના આંસુ પાછળનું બીજું કારણ એવું માનવામાં આવે છે કે વધારે હસવાની સ્થિતિમાં વ્યક્તિ ભાવુક થઈ જાય છે. ત્યારે વધુ પડતા લાગણીશીલ થવાથી ચહેરાના કોષો પર વધારાનું દબાણ પડે છે. જેથી તમારી આંખમાંથી આંસુ નીકળી જાય છે. આમ કરવાથી આપણું શરીર આંસુ દ્વારા આપણા તણાવને સંતુલિત કરવાનો પ્રયાસ કરે છે.ઑ ખુશીના આંસુ આવવાની સમગ્ર પ્રક્રિયા દરેક વ્યક્તિ માટે અલગ અલગ હોઈ શકે છે. ઘણા લોકો ઓછું રડે છે, જ્યારે ઘણા લોકો ખૂબ જ ઝડપથી લાગણીશીલ થઈ જાય છે. એમાં પણ ખાસ કરીને સ્ત્રી કે પુરુષ હોવાનો આ સમગ્ર પ્રક્રિયામાં ફરક પડે છે. એવું માનવામાં આવે છે કે સ્ત્રીઓ પુરૂષો કરતાં વધુ લાગણીશીલ હોય છે. જેથી મહિલાઓ જ્યારે વધુ હશે છે તો ઝડપથી તેમની આંખમાં આંસુ આવી જતા હોય છે.

# ગરમીમાં ઠંડકનો અહેસાસ કરાવતા પ્યોર કોટન, ખાદી સહિતના સમરકૂલ ફેબ્રિક્સ

ઉનાળો આવતાં જ લોકો આછા રંગનાં કોટનનાં કપડાં પહેરવાનું પસંદ કરે છે. આ સમયે કપડાંના ફેબ્રિકની પસંદગીમાં ખાસ ધ્યાન રાખવું પડતું હોય છે. આ સમયગાળામાં એવા કપડાં પસંદ કરવા જોઈએ જે પહેર્યા પછી ગરમી ન લાગે. ઉનાળામાં વધુ પડતી ગરમીને કારણે પ્યોર કોટન, ખાદી, લિનન કોટનમાંથી બનેલા આઉટફિટ વધારે ટ્રેન્ડમાં છે.

ખાદી ઉનાળામાં પહેરવા માટે ખાદી સારામાં સારો વિકલ્પ છે. સાદગીપસંદ લોકો માટે ખાદી આદર્શ છે. જોકે જમાના સાથે ખાદી પણ આગળ વધી રહી છે અને એમાં સ્ટાઈલિશ લોકોના મનને સંતોષે એવી પણ ડિઝાઈનો બનવા લાગી છે. ખાદી કુદરતી કાપડ હોવાને લીધે એ શરીર માટે ફાયદાકારક બને છે. ગરમીમાં ખાદી ઠંડક આપે છે અને પરસેવો શોષી લે છે.

લિનન કોટન કોટનનું બ્લેન્ડ છે અને આ કારણે ફેબ્રિકમાં હળવાશ અનુભવાય છે. પ્યોર લિનન પહેરવામાં ગરમ હોય છે માટે લિનન કોટનમાં 60 ટકા કોટન અને 40 ટકા લિનન રાખવામાં આવે છે. આવું મિક્સ લિનન કોટન પહેરવાથી વધારે ગરમી થતી નથી.

પ્યોર કોટન પહેરવામાં સ્મૂધ અને સ્કિન ફ્રેન્ડલી ફેબ્રિક છે. આ કારણે યુવતીઓ ફુલ સ્લિવ વનપીસ, ક્રોપ ટોપ્સ, શોટ્ર્સ અને લૂઝ પેન્ટ્સ પહેરવાનું વધારે પસંદ કરે છે. આ ફેબ્રિક પહેરવાથી રિલેક્સ થવાય છે. પ્યોર કોટનમાં ફુલ સ્લિવ પહેરવાથી પણ વધારે પ્રમાણમાં ગરમી લાગતી નથી. આ ફેબ્રિકથી બનેલાં કપડાં હાલ યંગસ્ટર્સમાં ટ્રેન્ડ કરી રહ્યો છે.



# નારિયેળ પાણી પીવાના અગણિત ફાયદા

નારિયેળ પાણી નિયમિત રીતે પીવાના અનેક ફાયદા થાય છે. જો તમે તમારી સવારની શરૂઆત નારિયેળ પાણીથી કરો તો આખો દિવસ ઉર્જાનો અહેસાસ થાય છે અને ડિહાઈડ્રેશનથી બચી શકો છો. કેટલાક લોકો નારિયેળ પાણીનો ઉપયોગ સૌદર્યને નિખારવા માટે કરી શકે છે. નારિયેળ પાણીમાં શરીર માટે ફાયદાકારક હોય એવા અનેક તત્વો છે. દરેક નારિયેળમાં 200 મિલીલિટર કે એનાથી થોડું વધારે પાણી હોય છે. નારિયેળ પાણીમાં એન્ટિઓક્સિડન્ટ, એમિનો એસિડ, એન્ઝાઈમ્સ, બી કોમ્પ્લેક્સ વિટામીન તેમજ વિટામીન સીના ફાયદા મળે છે. નારિયેળ પાણી કાર્બોહાઈડ્રેટનો સારો સ્ત્રોત છે. તેની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં ખૂબ જ ઓછી કેલરી હોય છે. નારિયેળ પાણી તમારી ઉર્જા જાળવી રાખે છે અને પેટની સમસ્યાને દૂર કરવામાં મદદ કરે છે. નારિયેળ પાણીમાં લીંબુનો રસ મેળવીને પીવાથી શરીરમાં પાણી ઓછું નથી થતું. સવારે કસરત કર્યા પછી નારિયેળ પાણી પીવાથી લાભ થાય છે. આમાં બહુ ઓછી કેલરી હોય છે અને એ વજન ઘટાડવામાં સહાયક છે. નારિયેળ પાણીમાં અનેક પ્રકારના બાયોએક્ટિવ એન્ઝાઈમ હોય છે જે કોલેસ્ટ્રેરોલના



પાચનમાં મદદ કરે છે. નારિયેલ પાણીથી પેટ ભરાઈ જાય છે અને ભુખ ઓછી લાગે છે. નારિયેળ પાણીનો ઉપયોગ હાઈ બ્લડપ્રેશરને કંટ્રોલ કરવામાં થાય છે અને માઈગ્રેનથી પણ રાહત મળે છે. સામાન્ય રીતે માઈગ્રેન સાથે સંકળાયેલી સમસ્યા ડિહાઈડ્રેશનના કારણે થાય છે. નારિયેળ પાણીમાં મેગ્નેશિયમનું પુરતું પ્રમાણ હોય છે જેના કારણે માઈગ્રેનની સમસ્યામાં રાહત મળે છે. આ સિવાય હેંગઓવરમાંથી છૂટકારો મેળવવા માટે નારિયેળ પાણી એક સારું માધ્યમ સાબિત થાય છે.



# ગરમીમાં ગુણકારી છે શક્કર ટેટી



શક્કરટેટીમાં ભરપૂર પ્રમાણમાં પાણી હોવાથી ગરમીમાં આ ફળના સેવનથી એક નહીં અદભૂત ફાયદા થાય છે. તે શરીરને હાઈડ્રેઈટ રાખે છે. શક્કર ટેટીમાં પ્રોટીન,કાર્બોહાઈડ્રેઈટસ, કેલેરી, વિટામિન એ,બી, ભરપૂર માત્રામાં હોય છે. જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. ખાસ કરીને ગરમીની સિઝનમાં તેનું સેવન અમૃત સમાન છે.આ ફળના સેવનથી કબજિયાતની સમસ્યાથી પણ મુક્તિ મળે છે. શક્કરટેટીમાં મોજૂદ ડાઈટરી ફાઈબર્સ કબજિયાતની સમસ્યા દૂર કરવામાં કારગર છે. શક્કર ટેટીના સેવનથી ખાસ કરીને ગરમીમાં અદભૂત ફાયદા થાય છે. હાર્ટ સંબંધિત સમસ્યાને પણ દૂર રાખવામાં શક્કર ટેટી ફાયદાકારક છે. તેના સેવનથી બ્લડ પાતળું બને છે. જેથી હાર્ટમાં સરળતી બ્લડનો રક્તસંચાર થાય,. જેથી આ ફળનું સેવન હાર્ટ અટેકના જોખમને પણ ટાળે છે.

## ટેટીમાં રહેલી પાણીની માત્રાથી થતા ફાયદાઓ

- ગરમીની સિઝનમાં રોજ એક ડિશ શક્કરટેટી ખાવાથી સ્વાસ્થ્યને અદભુત લાભ મળે છે.
- ગરમીની મોસમમાં આપણાં શરીરમાં પાણીની ઉણપને દૂર કરવા માટે ટેટીનું સેવન એક ઉત્તમ વિકલ્પ છે.
- ટેટીમાં વિટામિન એ ભરપૂર પ્રમાણમાં હોય છે. સાથે જ તેમાં વિટામિન સી, આયર્ન, વિટામિન બી6, પોટેશિયમસ કોપર, ફાયબર, વિટામિન કે અને મેગ્નેશિયમ પણ મળી રહે છે.
- જો ખોટી રીતે તેને ખોરાકમાં લેવામાં આવે તો તેનાથી નુકસાન થઈ શકે છે. શક્કર ટેટીમાં પાણી મોટા પ્રમાણમાં હોય છે. આમાં 95 ટકા પાણી રહે છે. આને ખાધા પછી તરત જ પાણી ન પીવું જોઈએ, કારણ કે ડાયેરિયા થઈ શકે છે.
- ટેટીમાં તમને યુવાન બનાવી રાખવાનો ગુણ છે. કિડનીને સારી રાખવા માટે ગરમીમાં નિયમિત રૂપે તેનું સેવન કરવું જોઈએ.
- ટેટીમાંથી બીટા કેરોટીન મળી રહે છે. જે આંખોને હેલ્ધી રાખવામાં મદદ કરે છે અને આંખના રોગોથી પણ બચાવે છે.
- આમાં બહુ ઓછા પ્રમાણમાં સોડિયમ રહે છે, અને કેલરી વધારે રહેતી નથી. સાથે સાથે તે વજન ઘટાડવામાં પણ ફાયદાકારક છે.
- ટેટીને એન્ટીઓક્સિડન્ટ્સ અને વિટામિન સીનો સારો સ્ત્રોત ગણવામાં આવે છે. સ્કિનને ચમકદાર બનાવવા માટે આમાં રહેલ વિટામીન એ અને સી ઉપરાંત કોલેજન પ્રોટીન પણ રહે છે, જે વાગેલાના ઘા પર જલ્દી રૂઝ લાવે છે.
- હૃદય રોગ અને હૃદયને લગતી બિમારીઓ સામે લડવામાં શક્કર ટેટી ફાયદાકારક છે.
- શક્કર ટેટીથી શૌચને લગતી સમસ્યાઓ દૂર થાય છે. જો તમે પાચનની સમસ્યા છે, તો શક્કર ટેટી ખાઓ. શક્કર ટેટીમાં રહેલી પાણીની માત્રા પાચનમાં મદદ કરે છે.
- શક્કર ટેટીમાં વિટામિન બીની માત્રા રહેલી છે, જે શરીરમાં ઉર્જાના નિર્માણમાં સહાયક બને છે. શુગર અને કાર્બોહાઈડ્રેડનું લેવલ જાળવી રાખવા માટે આ ફળ શરીરની ઉર્જામાં વધારો કરે છે.
- શક્કર ટેટીમાં રહેલું પોટેશિયમ સ્ટ્રેસની માત્રા ઘટાડવામાં મદદરૂપ સાબિત થાય છે. પોટેશિયમ હૃદયને સામાન્ય રીતે ધબકવામાં મદદરૂપ થાય છે, જેનાથી માથામાં પર્યાપ્ત માત્રામાં ઓક્સિજન પહોંચે છે અને દિમાગ યોગ્ય રીતે કાર્ય કરવા સક્ષમ બને છે.
- ટેટીમાં રહેલી પાણીની માત્રાથી થતા ફાયદાઓમાં શરીરને ઠંડક મળે છે, સાથે સાથે હૃદયમાં થતી બળતરાની પરેશાનીમાં પણ આરામ મળે છે, આ સિવાય તે પેટને સાફ રાખવામાં મદદ કરે છે.

## પ્રથમ મેચ ડિફેન્ડીગ ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈડ રાઈડર્સથી ક્રિકેટ કાર્નિવલનો થશે આરંભ

# IPL : 26 માર્ચથી આ દેખે જરા, કિસમે કીતના હૈ દમ







ગુજરાત | વંદન

ઈન્ડિયિન પ્રિમીયર લીગ (આઈપીએલ)ની 15મી સીઝનનો આગાજ 26મી માર્ચથી થશે. જેમાં પ્રથમ મેચ ડિફેન્ડીગ ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈડ રાઈડર્સ વચ્ચે વાનખેડે સ્ટેડિયમથી ક્રિકેટ કાર્નિવલનો આરંભ થશે. નોંધનીય છે આ વખતે ગુજરાત ટાઈટન્સ અને લખનૌ સહિત બે નવી ટીમો સહિત કુલ 10 ટીમો ટક્કરાશે અને ફાઈનલ મેચ 29 મેના રોજ રમાશે.

ગ્રુપ એમાં મુંબઈ ઈન્ડિયન્સ, કોલકાતા નાઈટ રાઈડર્સ, રાજસ્તાન રોયલ્સ, દિલ્હી કેપિટલ્સ અને લખનઉ સુપર જાયન્ટ હશે જ્યારે ગ્રુપ બીમાં ચેન્નઈ સુપરકિંગ્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ, પંજાબ કિંગ્સ અને ગુજરાત ટાઈટન્સને રાખવામાં આવ્યા છે.

પોતાના ગ્રુપમાં તમામ ટીમોએ એક બીજા સામે બે બે મુકાબલા રમવાના છે. જેમાં એક ઘરેલુ મેચ હશે. સાથે સાથે ગ્રુપ એની ટીમે ગ્રુપ બીની ટીમ સામે પણ એક એક મેચ રમવાનો રહેશે. આઈપીએલ 2022માં મુંબઈના વાનખેડે સ્ટેયિમમાં 20, બ્રેબોર્ન સ્ટેડિયમમાં 15, મુંબઈના ડીવાય પાટિલ સ્ટેડિયમમાં 20, પૂણેના એમસીએ સ્ટેડિયમમા 15 મેચ થશે. તમામ ટીમો વાનખેડે અને પાટિલ સ્ટેડિયમમાં 4-4 મેચ રમશે, જ્યારે અન્ય સ્ટેડિયમમાં ત્રણ ત્રણ મેચ રમાશે.

# 27 ઓગસ્ટથી શ્રીલંકામાં રમાશે એશિયા કપ



■ ભારત અને પાકિસ્તાન વચ્ચે ફરી એકવાર થશે મહા મુકાબલો

ગુજરાત | વંદન

એશિયા કપને લઈને એક મહત્ત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. એશિયા કપ 27 ઓગસ્ટથી 11 સપ્ટેમ્બરની વચ્ચે શ્રીલંકામાં આયોજિત થનાર છે. એવામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ફરી એકવાર મહામુકાબલો જોવા મળશે. આ વખતે એશિયા કપ ટી20 ફોર્મેટમાં રમાશે અને તેના માટે ક્વોલિફાયર 20 ઓગસ્ટ 2022થી રમાશે.

એશિયા કપ દર બે વર્ષે આયોજિત કરવામાં આવે છે, પરંતુ 2020નો એશિયા કપ કોવિડ-19 મહામારીના કારણ એશિયાઈ ક્રિકેટ પરિષદ (ACC)એ રદ કર્યો હતો. એસીસી શ્રીલંકામાં યોજાનાર ટૂર્નામેન્ટને જૂન 2021માં આયોજિત કરવા માંગતી હતી, પરંતુ મહામારીએ આયોજકોની યોજના પર પાણી ફેરવી નાંખ્યું હતું.

હવે એશિયા કપ આ વર્ષે 27 ઓગસ્ટથી 11 સપ્ટેમ્બરની વચ્ચે શ્રીલંકામાં આયોજિત કરવામાં આવશે. આ ટૂર્નામેન્ટ ટી20 ફોર્મેટમાં રમાશે. તેના માટે ક્વોલિફાયર મેચ 20 ઓગસ્ટ 2022થી રમાશે.

### એશિયા કપમાં ભારત 7 વખત ચેમ્પિયન

ટીમ ઈન્ડિયા એશિયા કપ ઈતિહાસની સૌથી સફળ ટીમ છે. 1984માં આ ટૂર્નામેંન્ટને પહેલી વખત આયોજિત કરવામાં આવી હતી, ત્યારથી ભારતે સાત વખત એવોર્ડ પોતાના નામે કર્યો છે. ભારતીય ટીમ 1984, 1988, 1990-91, 1995, 2010, 2016 અને 2018 માં ચેમ્પિયન રહી ચુકી છે.

## IPL પહેલા મેક્સવેલે નવી ઈનિંગ આરંભ કરી

# ઓસી. ક્રિકેટરે ભારતીય મૂળની વિની રામન સાથે પ્રભુતામાં પગલા પાડ્યા



ગુજરાત | વંદન

ઓસ્ટ્રેલિયાના વિસ્ફોટક ઓલરાઉન્ડર અને IPLમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તરફથી રમનારા ગ્લેન મેક્સવેલે ગર્લફ્રેન્ડ વિની રામન સાથે લગ્ન કર્યા છે. વિની ભારતીય મૂળની છે. તેમણે એક પ્રાઈવેટ સેરેમનીમાં લગ્ન કર્યા છે.

વિનીએ પોસ્ટ સાથે વિવિધ પ્રકારના ઈમોજીનો પણ ઉપયોગ કર્યો છે. આ સાથે તારીખ '18.3.2022' પણ લખવામાં આવી છે. તે દર્શાવે છે કે બંને લગ્નના બંધનમાં બંધાઈ ગયા છે. ગ્લેન મેક્સવેલ અને વિની રમન બે વર્ષ કરતાં વધુ સમયથી એકબીજાને ડેટ કરી રહ્યાં છે. આ જોડીએ ફેબ્રુઆરી 2020માં એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા તેમની સગાઈની જાહેરાત કરી હતી. તેમણે બે વર્ષ પહેલા 14 માર્ચ 2020ના રોજ સગાઈ કરી હતી. પરંતુ, કોરોનાને કારણે બંને લગ્ન કરી શક્યા ન હતા.

બંનેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર તેમના લગ્નની એક તસવીર શેર કરી છે. બંનેને સોશિયલ મીડિયા પર સમગ્ર ક્રિકેટ જગત દ્વારા અભિનંદન આપવામાં આવી રહ્યાં છે. આરસીબીએ પણ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી બંનેને અભિનંદન પાઠવ્યા છે અને લખ્યું છે કે તમારા બંનેના લગ્નથી આરસીબી પરિવાર ખૂબ જ ખુશ છે. તમારા બંનેને લગ્ન માટે ખૂબ ખૂબ અભિનંદન.

## IPLમાં જે બોલરની બોલબાલા હતી તેની આજે દયનીય હાલત

# ગુજરાત ટાઈટન્સના નેટ બોલર તરીકે મોહિત શર્માની પસંદગી



ગુજરાત | વંદન

આઈપીએલને કારણે અનેક લોકોની કિસ્મત રાતોરાત ચમકી ગઈ છે. તો એવાં અનેક ખેલાડીઓ પણ છે કે, જે આઈપીએલને કારણે સ્ટાર તો બની ગયા, પણ હવે તેઓના સિતારા ખરી પડ્યા છે. આવું જ એક નામ છે, મોહિત શર્માનું આઈપીએલની દરેક સિઝનમાં સૌથી વધારે વિકેટ લેનાર બોલરને પર્પલ કેપ અપાય છે. 2014માં ચેન્નઈ સુપર કિંગ્સ તરફથી રમતાં મોહિત શર્મા પણ તે સિઝનનો સૌથી સફળ બોલર હતો અને પર્પલ કેપ વિજેતા હતો. મોહિતે ચેન્નઈ માટે 16 મેચમાં 23 વિકેટ લીધી હતી. અને લીગમાં તે પર્પલ કેપ જીતનાર ફક્ત બીજો ભારતીય ખેલાડી બન્યો હતો. પણ આજે મોહિત શર્માની હાલત દયનીય બની ગઈ છે. ગત મહિને યોજાયેલાં આઈપીએલ ઓક્શનમાં તેને કોઈએ ખરીદ્યો ન હતો. અને હવે તે ગુજરાત ટાઈટન્સની ટીમ માટે નેટ બોલર બની ગયો છે. જેના કારણે ક્રિકેટ ફેન્સ ચોંકી ગયા છે.

33 વર્ષીય મોહિત શર્મા આઈપીએલ 2022માં કોઈપણ ટીમનો ભાગ નથી. સતત બીજા વર્ષે મોહિત શર્માને ઓક્શનમાં એકપણ ટીમે ખરીદ્યો ન હતો. હવે તે લીગની નવી ફ્રેન્ચાઈઝી ગુજરાત ટાઈટન્સ માટે નેટ બોલરની ભૂમિકા ભજવી રહ્યો છે. અહીં તેની સાથે ભારતીય ટીમનો સભ્ય રહેલો ફાસ્ટ બોલર બરિંદર સરન પણ છે. મોહિતે 2017 સિઝન સુધી આઈપીએલમાં લગભગ તમામ મેચો રમવાનો મોકો મળ્યો હતો. 2018માં પણ તેણે 9 મેચોમાં પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવ્યું હતું.

## ભારતીય ટીમ બેક ટુ બેક એક્શનમાં રહેશે, પાકિસ્તાનને પછાડવાની તક

# આઈપીએલ બાદ પણ ક્રિકેટ રસિયાઓ 'ક્રિકેટ કાર્નિવલ'નો આનંદ લુંટશે

ગુજરાત | વંદન

ઈન્ડિયન પ્રમિયિર લીગ(આઈપીએલ)ની 15મી સીઝનનો આગાજ 26મી માર્ચથી થશે. આઈપીએલ પૂર્ણ થયા બાદ ભારતીય ટીમનું શિડ્યૂલ ઘણું વ્યસ્ત રહેશે. આઈપીએલ પૂરી થયા પછી ઈન્ડિયન પ્લેયર્સ સાઉથ આફ્રિકા વિરૂદ્ધ પાંચ ટી-20 મેચની સિરીઝ રમશે. આફ્રિકી ટીમ વિરૂદ્ધ સિરીઝ પૂરી થયા પછી ઈન્ડિયન પ્લેયર ઈંગ્લેન્ડ જવા રવાના થશે.

ઈન્ડિયન ટીમ ઈંગ્લેન્ડ જઈને ત્યાં 3 ટી-20 મેચ અને 3 વનડે મેચની સિરીઝ રમશે. આના સિવાય ત્યાં WTC-2ની ટેસ્ટ મેચ ત્યાં વિરાટ સેનાએ રમવાની છે, જેનું આયોજન થશે. ટીમ અત્યારે આ સિરીઝમાં 2-1થી આગળ છે.

ઈંગ્લેન્ડ પછી ઈન્ડિયન ટીમ ઝિમ્બાબ્વે ટૂર પર જઈ શકે છે. જોકે આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી. વળી ઓગસ્ટમાં ભારતે વેસ્ટઈન્ડિઝ ટૂરમાં પણ જવાનું છે. આ દરમિયાન રોહિત એન્ડ ટીમ ત્યાં 3 વનડે અને 3 ટી-20 મેચ રમશે. જોકે આ સિરીઝની તારીખો અને સ્થળ સામે આવ્યા નથી. 4 વર્ષ પછી આ વર્ષે શ્રીલંકામાં એશિયા કપનું આયોજન કરાયું છે. આ ટૂર્નામેન્ટ ટી-20 ફોર્મેટમાં રમાશે, જેની તારીખો હજુ સુધી સામે આવી નથી. તમને જણાવી દઈએ કે સપ્ટેમ્બરમાં આયોજિત આ ટૂર્નામેન્ટમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે 2 મેચ પણ રમાઈ શકે છે. આમાં ભારત કુલ 5 મેચ રમશે.

ભારતને સુપર 12માં પાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા, બાંગ્લાદેશ અને 2 ક્વોલિફાયર સાથે ગ્રુપ-2માં રખાયું છે. ભારત આ ટૂર્નામેન્ટમાં કુલ 5 મેચ રમશે. ટી-20 વર્લ્ડ કપમાં 23 ઓક્ટોબરે પાકિસ્તાન વિરૂદ્ધ મેચ કાંગારૂ ટીમ સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં ભારત ટૂર પર આવશે. આમાં તે 4 ટેસ્ટ અને 3 ટી-20 મેચની સિરીઝનું આયોજન થશે. 2017 પછી પહેલીવાર ઓસ્ટ્રેલિયન ટીમ ભારત પ્રવાસ પર ટેસ્ટ સિરીઝ રમશે.



## સુરેશ રૈનાનો IPLમાં નવો અવતાર

ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમી ચૂકેલો સુરેશ રૈના હવે IPLમાં કોમેન્ટ્રી કરતો જોવા મળશે. રૈનાએ કહ્યું કે, 'હું કોમેન્ટેટર તરીકે જોડાવવા ઉત્સાહિત છું.

## મહિલા વર્લ્ડ કપ | બાંગ્લાદેશ 110 રનથી હારતા વર્લ્ડકપમાંથી બહાર

# ભારતે સેમિફાઈનલમાં એન્ટ્રી માટે દાવો મજબૂત કર્યો

ગુજરાત | વંદન

ન્યૂઝીલેન્ડમાં રમાતા મહિલા વર્લ્ડકપમાં ભારતીય ટીમે મંગળવારે બાંગ્લાદેશને 110 રનથી હરાવીને સેમિફાઈનલમાં પહોંચવાનો માર્ગ લગભગ નિશ્ચિત કરી દીધો છે. ભારતીય મહિલા ટીમે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા 50 ઓવરમાં 229 રન બનાવ્યા હતા. જેના જવાબમાં 230 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી બાંગ્લાદેશની ટીમની શરૂઆત જ નબળી રહી હતી. બાંગ્લાદેશની ટીમે પોતાની 7 વિકેટ 100 રનની અંદર જ ગુમાવી દીધી હતી.

ટીમ 119 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી સ્નેહ રાણાએ 30 રનમાં 4 વિકેટ અને ઝુલન ગોસ્વામીએ 19 રનમાં 2 વિકેટ ઝડપી હતી. નોંધનીય છે કે, બાંગ્લાદેશ સામે મહિલા ટીમની સતત પાંચમી જીત છે.

મહિલા વર્લ્ડ કપ પોઈન્ટ ટેબલમાં ભારતીય મહિલા ટીમ આ જીત સાથે 6 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે. હવે ભારતે 27 માર્ચે દક્ષિણ આફ્રિકા સામે તેની એકમાત્ર મેચ રમવાની છે. આ સાથે ભારતીય ટીમે સેમીફાઈનલનો દાવો મજબૂત કર્યો છે. બીજી બાજુ પોઈન્ટ ટેબલમાં 12 અંક સાથે ઓસ્ટ્રેલિયાની ટીમ પ્રથમ સ્થાને છે જ્યારે બીજા ક્રમે 8 પોઈન્ટ સાથે સાઉથ આફ્રિકાની ટીમ છે.

ઉલ્લેખનીય છે કે, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાનું સ્થાન પણ નિશ્ચિત જ છે જ્યારે ત્રીજા અને ચોથા સ્થાન માટે કાંટે કી ટક્કર જોવા મળશે. જોકે ભારતીય મહિલા ટીમે બાંગ્લાદેશ વિરુદ્ધ વિજય મેળવતા સેમિફાઈનલનો માર્ગ સરળ બનાવી દીધો છે.



## BCCI સચિવ શાહનો એસીસીમાં કાર્યકાળ લંબાવામાં આવ્યો

# જય શાહ 2024 સુધી એશિયન ક્રિકેટ કાઉન્સિલના પ્રમુખપદે રહેશે

ગુજરાત | વંદન

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના સચિવ જય શાહને લઈ શનિવારે એક મોટી અપડેટ સામે આવી છે. એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ની બેઠકમાં એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે, વર્ષ 2024 સુધી જય શાહ જ એસીસીના અધ્યક્ષ બની રહેશે. શનિવારે યોજાયેલી એજીએમની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

એસીસી દ્વારા ટ્વિટમાં લખવામાં આવ્યું હતું કે, એસીસીના તમામ સદસ્યોએ એકમતથી નક્કી કર્યું છે કે, જય શાહનો એસીસી પ્રેસિડેન્ટ તરીકેનો કાર્યકાળ વર્ષ 2024 સુધી લંબાવી દેવામાં આવે.



ઉલ્લેખનીય છે કે, એશિયન ક્રિકેટ કાઉન્સિલમાં 5 બોર્ડ સ્થાયી સદસ્ય છે. તેમાં ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે. તે સિવાય નેપાળ, ઓમાન, યુએઈ, ભૂતાન, હોંગકોંગ, થાઈલેન્ડ, ચીન, બહેરીન સહિત અન્ય કેટલાય દેશોના ક્રિકેટ બોર્ડ પણ આ કાઉન્સિલનો હિસ્સો છે.

આ AGMમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે, કતાર ક્રિકેટ અસોસિએશનને હવે કાઉન્સિલના ફુલ મેમ્બર તરીકેનો દરજ્જો આપવામાં આવશે. પહેલા તેને ફક્ત અસોસિએટનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# યોગી સરકાર 2.0ના પગલે બુલડોઝરના માન-પાન વધ્યા

ગુજરાત | વંદન





યુપી વિધાનસભા ચૂંટણી 2022માંબુલડોઝરની ચર્ચા જોવા મળી રહી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ બુલડોઝર બાબાના નામથી લોકપ્રિય થયા છે. બુલડોઝર પર ચડીને જશ્ન મનાવતી તસ્વીર સામાન્ય રહી છે. તેની અસર બજાર પર પણ જોવા મળી છે. અચાનક બુલડોઝરની માંગ વધી ગઈ છે.

પ્રશંસક મુખ્યમંત્રીને ચાંદીનું બુલડોઝર ભેટકરી રહ્યા છે તો તેજ રમકડાંની દુકાનોપર બાળકો બુલડોઝરની માંગ કરી રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનો, નગર પંચાયતો અને બાંધકામ એજન્સીઓની વધતી માંગને પરિણામે, તેની કિંમતો એક વર્ષમાં છ લાખ સુધી પહોંચી ગઈ છે. યોગીનો હેલિકોપ્ટરમાં સભામાં જવાનો વાયરલ વીડિયો હોય કે પછી ચૂંટણીમાં જીત બાદ ગોરખનાથ મંદિરમાં બુલડોઝર દેખાડવાનો. તરત જ બુલડોઝર થંભી ગયું. મહાનગરપાલિકાથી લઈને નગર પંચાયતો સુધીના અતિક્રમણ તોડવા માટે જેસીબી મંગાવવામાં આવી રહ્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડેપ્યુટી કમિશનર સંજય શુકલા કહે છે કે ૨૫-૨૫ લાખની કિંમતના પાંચ બુલડોઝરની ખરીદી કરવામાં આવી રહી છે. ગોરખપુરમાં બુલડોઝરની દુકાનોને ઓર્ડર મળવા લાગ્યા છે.

દેવરિયા બાયપાસ પર બુલડોઝરના દુકાનદાર પ્રવીણ સિંહ કહે છે કે કોરોનાના સમયગાળા દરમિયાન બાંધકામથી લઈને ખાણકામના કામમાં પ્રતિબંધોને કારણે બુલડોઝરની માંગનો અભાવ હતો. પરંતુ ફરી યોગી સરકારની જીત બાદ પૂછપરછ વધી ગઈ છે. એપ્રિલમાં સારી સંખ્યામાં બુલડોઝર પહોંચાડવામાં આવશે. પ્રવીણના મતે વાસ્તવિકતા એ છે કે માત્ર એક વર્ષમાં બુલડોઝરની કિંમતમાં રૂ. ૪ થી ૬ લાખનો વધારો થયો છે. કાચા માલના ભાવ અને BS-IV ના કારણે પણ કિંમતોમાં વધારો થયો છે. કોરોના યુગ પહેલા ગોરખપુરમાં એક વર્ષમાં ૨૦૦ બુલડોઝર વેચાયા હતા. આ વખતે તે ૩૦૦ને પાર જવાની ધારણા છે.

# ચીનના પ્લેન ક્રેશમાં કોઈ જીવિત નહીં



ગુજરાત | વંદન


સોમવારે ચીનનું એકયાત્રી વિમાન ક્રેશ થયું હતું જેમાં 132 જેટલા લોકો સવાર હતા, આ વિમાનના 132 યાત્રીઓમાંથી કોઈ જીવિત નથી મળી આવ્યા હોવાના અહેવાલ છે. આ અંગેની વિગત મુજબ સોમવારે ચીનનું યાત્રી વિમાન બોઈંગ 737 ચીનના દક્ષિણી પ્રાંત ગુઆંગશી ચુઆંગમાં ક્રેશ થયું હતું. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે પ્લેન ક્રેશ પર આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું અને તપાસના આદેશ આપ્યા હતા.

એક ફલાઈટ ટ્રેકર કંપનીના અનુસાર પ્લેન છેલ્લા સમયમાં ખૂબ જ ઝડપથી પડ્યું હતું. તે 29,100 ફિટની ઉંચાઈએ હતું. આટલી ઉંચાઈએથી તે માત્ર 2.15 મીનીટમાં 9075 ફિટની ઉંચાઈથી આવ્યું હતું. ત્યારબાદ તેની સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. આટલી ઉંચાઈએથી વિમાનના નીચે પડવાની સ્પીડ એટલા માટે મહત્વ રાખે છે કારણ કે સામાન્ય રીતે આટલું અંતર નક્કી કરવા માટે અડધી કલાકનો સમય લાગે છે.

વિમાનના પડવાનો જે વીડિયો બહાર આવ્યો છે તેમાં વિમાન આખરી પળોમાં આકાશમાંથી સીધા મોંએ જમીન પર પડતું જોવા મળે છે. ક્રેશવાળી જગ્યાએ હાજર એક ગ્રામીણે જણાવ્યું હતું કે પ્લેન બેકાબૂ થઇ ગયું હતું અને તે સીધું પહાડી પર ટકરાઈને પડી ગયું હતું. જેથી આસપાસના જંગલનો પૂરો વિસ્તાર આગમાં તબાહ થઇ ગયો હતો.આ વિમાનમાં 132 જેટલા યાત્રીઓ સવાર હતા તેમાંથી કોઇ જીવિત ના રહ્યા હોવાના અહેવાલો છે.

# રશિયા યુક્રેન યુદ્ધ અંગે ભારતના વલણથી અમેરિકી પ્રમુખ નારાજ

ગુજરાત | વંદન



યુક્રેન યુદ્ધમાં રશિયા પરના પશ્ચીમી દેશોના પ્રતિબંધોમાં અમેરિકાના તમામ સહયોગીઓ એકમાત્ર ભારત જ એક અપવાદ હોવાનું જણાવતા અમેરિકી રાષ્ટ્રવડા જો બાઈડને એવું વિધાન કર્યુ હતું કે આ પ્રતિબંધનો મામલો છે ત્યાં સુધી ભારત એ થોડા ઘણા અંશે અસ્થિર કે ઢીલું અથવા તો ડર અનુભવે છે. બાઈડને ભારતના વલણ અંગે નારાજગી દર્શાવતા કહ્યું હતું કે અમેરિકાના તમામ સહયોગી એક તરફ છે અને ભારત બીજી તરફ છે અને ભારતના આવા વલણથી અમેરિકાને નિરાશ થઈ છે. એમણે કહ્યું છે કે રશિયા ની સામે અનેક દેશો દ્વારા અને ખાસ કરીને પશ્ચિમના દેશો દ્વારા ઘણા બધા પ્રતિબંધ લગાવવામાં આવ્યા છે પરંતુ ભારત અત્યાર સુધી આ મામલામાં અસ્થિરતા બતાવી રહ્યું છે અને તેનાથી અમેરિકાને નિરાશા થઈ છે.

બીજા વિશ્વયુદ્ધ બાદની યુરોપની આ સૌથી મોટી લશ્કરી કટોકટીમાં પશ્ચિમી દેશો રશિયાને આર્થિક ડિપ્લોમેટીક રીતે લગભગ અલગ કરી દીધુ છે પણ ભારત યુદ્ધના વિરોધમાં હોવા છતાં પણ આ પ્રકારે આકરા પ્રતિબંધોથી દૂર રહ્યું છે અને ભાગ્યે જ રશિયા પર કોઈ પ્રતિબંધ લાદયા છે. અમેરિકાના પ્રમુખ જો બાઈડને 'કવાડ'માં સાથી રાષ્ટ્રો જાપાન અને ઓસ્ટ્રેલિયા બન્નેની પ્રશંસા કરતા કહ્યું કે, રશિયન પ્રમુખ પુટીનની આક્રમકતા સામે મજબૂતાઈથી કામ લઈ રહ્યા છે પણ કવાડના સાથી તરીકે ભારત તેમાં જોડાયું નથી.

## પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ નેતાની હત્યા બાદ ફાટી નીકળી હિંસા

# બીરભૂમમાં 40 ઘરોમાં આગચાંપી, દસ લોકો જીવતા ભૂંજાયા

ગુજરાત | વંદન



પશ્ચિમ બંગાળના બીરભૂમમાં તૃણમૂલ કોંગ્રેસના નેતાની હત્યા બાદ ફાટી નીકળેલી હિંસામાં 10 લોકોએ જીવ ગુમાવ્યા હતા. અહેવાલો અનુસાર બોગતુઈ ગામમાં તૃણમૂલ નેતા ભાદુ શેખની હત્યા બાદ હિંસા ફાટી નીકળી હતી જેમાં ટોળાએ અનેક ઘરોમાં આગ ચાંપી દીધી હતી. આ દરમિયાન 10 લોકો જીવતા સળગી ગયા હતા અન્ય 38 લોકો ઘાયલ હોવાનું કહેવાઈ રહ્યું છે. મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે.

પોલીસ અધિકારીએ જણાવ્યું કે, રામપુરહાટ શહેરની સીમમાં આવેલા બોગાતુઈ ગામમાં ઘરોમાંથી અત્યાર સુધીમાં સાત મૃતદેહો મળી આવ્યાં છે. જો કે ફાયર બ્રિગેડના એક અધિકારીએ એવો દાવો કર્યો છે કે ઘટનાસ્થળેથી 10 બળી ગયેલા મૃતદેહો મળી આવ્યાં છે. પોલીસે જણાવ્યું હતું કે, બરશાલ ગામના પંચાયતના ઉપપ્રમુખ અને તૃણમૂલ કોંગ્રેસના નેતા ભાદુ શેખનો મૃતદેહ સોમવારે આ વિસ્તારમાંથી મળી આવ્યો હતો. પોલીસ આ મામલે વિગતવાર તપાસ કરી રહી છે.

બીરભૂમના રામપુરહાટ પોલીસ સ્ટેશન વિસ્તારના બોગતુઈ ગામમાં બનેલી આ ઘટનાને લઈને વિપક્ષે બંગાળ વિધાનસભામાં હંગામો મચાવ્યો હતો. ભાજપે મુખ્યમંત્રી મમતા બેનર્જી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા અને આ મામલે જવાબ પણ માંગ્યો.

# ગુલામ નબી આઝાદ નિવૃતિની તૈયારીમાં

ગુજરાત વંદન | કોંગ્રેસના જી-23 ગ્રુપના વડા તરીકે અસંતૃષ્ઠ બનેલા કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી ગુલામ નબી આઝાદ હવે સક્રિય રાજકારણમાંથી નિવૃતિ લેવા તેવા સંકેત છે. હાલમાં જ ગાંધી



કુટુંબ સામે બળવો કરીને ચર્ચામાં આવેલા પરંતુ બાદમાં સોનિયાનું નેતૃત્વ સ્વીકારનાર આઝાદે કહ્યું કે તેઓ હવે ફક્ત સમાજસેવામાં વધુ સક્રિય થવાનું વિચારે છે. તેમણે એ પણ કહ્યું કે આપણે આ સમાજમાં ખુબ જ બદલાવ લાવવાનો છે. અમે અચાનક જ એ નિર્ણય કરશું કે સમાજ સેવા માટે જરુરી છે. તેઓ કાશ્મીર અંગેના એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. 35 મીનીટના કાર્યક્રમમાં તેઓએ એવો પણ અફસોસ ઠાલવ્યો કે ભારતનું રાજકારણ ખુબ જ ગંદુ બની ગયું છે. જો આપણે એક ગામ કે વિસ્તારનું સારું કરશું તો સમગ્ર વિસ્તાર સારો બની જશે.

## બેંક કર્મચારીઓ જોડાશે-નાણાં વ્યવહાર ખોરવાશે

# 28 અને 29 માર્ચે મજુર સંગઠનોની દેશવ્યાપી હડતાલ



ગુજરાત | વંદન

કેન્દ્રીય મજુર સંગઠનો તેમજ સ્વાયત ઉદ્યોગ વ્યાપી મજુર મંડળોએ પોતાની માંગણીઓને લઈ તા.28-29 માર્ચના રોજ હડતાલનું એલાન કર્યું છે જેમાં બેંક કર્મચારીઓ પણ જોડાશે. બેંક કર્મચારીના હડતાલની મુખ્ય માંગણીઓ છે કે બેંકના ખાનગીકરણની નીતિ પર રોક લગાવી દેવામાં આવે. નવી પેન્શન યોજના નાબૂદ કરી જૂની પેન્શન યોજના ચાલુ કરવી. તેમજ બેંક ઉદ્યોગના બાકી દેવાદારોની બિન ઉત્પાદક અકસ્માતોની પુરેપુરી વસુલી કરવા સહીતની માંગોને સમાવેશ થાય છે. બેંક કર્મચારીઓ પોતાના પ્રશ્નો તેમજ સામાન્ય જનતાને લગતા પ્રશ્નો જેવા કે ભાવવધારો, કિસાન કાનૂન સુધારણા અને વિજ સુધારાના ખરડા સામે સંયુકત કામદાર વર્ગની સાથે મળીને તા.28-29 માર્ચની આમ હડતાલમાં મહત્વની ભૂમિકા, ગુજરાતના અંદાજે 20000 બેંક કર્મચારીઓ આ હડતાલમાં જોડાશે. હડતાલના કારણે સામાન્ય લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડશે. તેમજ કરોડોનું નુકશાન વેઠવું પડશે.

# યુક્રેનમાં મેડિકલનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રાહત, વગર પરીક્ષાએ મળશે MBBSની ડિગ્રી

ગુજરાત | વંદન



યુક્રેનમાં મેડિસિનનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ છેલ્લા કેટલાક દિવસોથી ખૂબ જ પરેશાન છે. રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ ક્યારે સમાપ્ત થશે અને ભારતના વિદ્યાર્થીઓ ત્યાં ફરી ક્યારે પાછા ફરશે તે વિશે કંઈ કહી શકાય એમ નથી. પરંતુ આ દરમિયાન ત્યાં ભણતા MBBSના વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર છે. યુક્રેન સરકારે અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને પરીક્ષા વિના ડિગ્રી આપવાનો નિર્ણય લીધો છે.

અંગ્રેજી અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અનુસાર, યુક્રેનની સરકારે લાઈસન્સિંગ પરીક્ષાને રદ કરવાનો નિર્ણય લીધો છે. હવે વિદ્યાર્થીઓને આ પરીક્ષા વિના MBBSની ડિગ્રી મળશે. તમને જણાવી દઈએ કે યુક્રેનમાં મેડિસિન અને ફાર્મસીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અલગ-અલગ બે પરીક્ષા પાસ કરવી પડે છે. આ પરીક્ષાને KROK-1 અને KROK-2 નામ આપવામાં આવ્યું છે. તબીબી વિદ્યાર્થીઓએ ત્રીજા વર્ષમાં KROK-1 પરીક્ષા પાસ કરવી પડશે. જ્યારે છેલ્લા એટલે કે ચોથા વર્ષમાં KROK-2માં પાસ થવાનું હોય છે. તે પછી જ તેમને અંતિમ ડિગ્રી આપવામાં આવે છે.

યુક્રેનની સત્તાવાર વેબસાઈટ પર અપલોડ કરાયેલી સૂચના અનુસાર, KROK-1 આવતા વર્ષ સુધી રદ કરવામાં આવી છે. જ્યારે આ વર્ષ માટે KROK-2 રદ કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળની એક વિદ્યાર્થીની સુધાજ્યોતિ સિંઘાએ જણાવ્યું કે વિદ્યાર્થીઓ માટે આ રાહતના સમાચાર છે. તેણે અખબારને કહ્યું, 'બંગાળમાં કુલ 13 વિદ્યાર્થીઓ છે. રાજ્ય સરકારે અમને પહેલાથી જ સરકારી હોસ્પિટલમાં ઈન્ટર્નશિપ કરાવવાનું વચન આપ્યું છે.

તમને જણાવી દઈએ કે મંગળવારે સંસદમાં ચાલી રહેલા બજેટ સત્ર દરમિયાન વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે રશિયન આક્રમકતા વચ્ચે યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવાનું સૌથી પડકારજનક કાર્ય પૂર્ણ થઈ ગયું છે. કેન્દ્ર સરકારના ઓપરેશન ગંગા હેઠળ, 20,000 થી વધુ ભારતીય નાગરિકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓ હતા.

# બિહારમાં લઠ્ઠાકાંડ, 3 દિવસમાં 32 લોકોના મોતથી હાહાકાર



ગુજરાત | વંદન

બિહારના વિભિન્ન જિલ્લામાં હોળીના પર્વમાં છેલ્લા 3 દિવસમાં 32 લોકોના મોત નિપજયા છે અને મોતનો આંકડો વધતો રહ્યો છે, આ મોતનું કારણ ઝેરીલી શરાબનું સેવન માનવામાં આવે છે. આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ શંકાસ્પદ મોતના કિસ્સામાં ભાગલપુરના 16, બાંકાના 12 અને મધેપુરાના ત્રણ અને નાલંદાની એક વ્યક્તિનો સમાવેશ થાય છે. ભાગલપુર અને બાંકામાં એક-એક યુવકની આંખની રોશની ચાલી ગઈ છે, અંધ થઈ ગયા છે. ભાગલપુરમાં બે, બાંકામાં 6 અને મધેપુરામાં એક ડઝન લોકો બીમાર પડી ગયા છે. આ લોકોના મોત ઝેરીલો શરાબ (લઠ્ઠા) થી થયાની ચર્ચા છે, મૃતકોના સ્વજનોએ પણ આ બાબતનો સ્વીકાર કર્યો છે. ખાસ વાત એ છે કે પોલીસ અને પ્રશાસન લઠ્ઠા કાંડથી થયાનો ઈન્કાર કરે છે. એસ.પી. અરવિંદકુમાર ગુપ્તા અને ઉત્પાદ અધિક્ષક અરુણ મિશ્રાના જણાવ્યા અનુસાર શરાબથી મૃત્યુ થયાની માહિતી સુદ્ધા નથી મળી.

## જલિયાંવાલા કરતાં વધારે આદિવાસીઓને અંગ્રેજોએ માર્યા હતા

# 'ધ કાશ્મીર ફાઈલ્સ' બને તો 'વિજયનગર ફાઈલ્સ' ફિલ્મ કેમ ન બને?

ગુજરાત | વંદન

23 માર્ચ, 1931ના રોજ આજના પાકિસ્તાનના લાહોરની જેલમાં તે વખતે 3 ક્રાંતિકારી યુવાનો દેશની આઝાદી માટે હસતા હસતા ફાંસીના માંચડા તરફ જઈ રહ્યાં હતા. એના પરથી બનેલી ફિલ્મ શહીદના ગીતને યાદ કરીએતો તેઓ મેરા રંગ દે બસંતી ચોલા ઓ ય રંગ દે બસંતી ચોલા...ગીત ગાતા ગાતા જેલની કાળ કોટડીમાંથી ફાંસીના માંચડા તરફ હાથમાં હાથ નાંખીને જઈ રહ્યાં હતા અને અંગ્રેજ હકૂમત સામે દયાની ભીખ માંગવાને બદલે વગર ઈન્કલાબ ઝિંદાબાદ.. કહીને પોતાનું સર્વોચ્ચ બલિદાન આપ્યું એ ત્રણ તરવરિયા યુવાનો એટલે ભગતસિંહ, સુખદેવ અને શિવરામ રાજગુરૂ.

એ વખતે ભારતની આઝાદી માટે સૌ કોઈ પોતપોતાની રીતે અંગ્રેજ હકૂમતની સામે લડી રહ્યાં હતા. તે વખતે સાઈમન કમિશનના વિરોધમાં આંદોલન કરી રહેલા પંજાબ કેસરી લાલા લજપતરાય પર થયેલા લાઠીચાર્જ અને તેના કારણે તેમના થયેલા મૃત્યુથી હચમચી ગયેલા વીર ભગતસિંહ અને તેમના સાથીઓએ તેનો બદલો લેવા અગ્રેજ અફસર જેમ્સ સ્કોટને જવાબદાર માનીને તેની હત્યા કરવા નિકળ્યા પણ તેમણે ભૂલથી જેમ્સ સ્કોટને બદલે જોન સૌંડર્સ નામના એક યુવા પોલીસ અધિકારીની હત્યા કરી નાંખી. ઉપરાંત અગેર્જ પોલીસ દળમાં રહેલા એક ભારતીય કોન્સ્ટેબલ ચન્ન્નસિંઘની પણ હત્યા કરવાના અને દિલ્હીમાં અંગ્રેજોની સેન્ટ્રલ એસેમ્બલી (વિધાનસભા)માં બોંબ ફેંકવાના આરોપસર દોષિત ઠર્યા અને ત્રણેયને ફાંસીના માંચડે લટકાવી દેવામાં આવ્યાં ત્યારે વીર ભગતસિંહની ઉંમર માત્ર 23 વર્ષની હતી. બીજા બે



પણ યુવાન જ હતા. તેમની શહાદતની ભારતના ઈતિહાસમાં સોનેરી અક્ષરે નોંધ લેવામાં આવી છે. વીર ભગતસિંહને શહીદ-એ-આઝમ તરીકે પણ કહેવામાં આવે છે. એટલે શહિદોમાં સૌથી સર્વોચ્ચ સ્થાને બિરાજનાર. નોંધનીય છે કે વીર ભગતસિંહ નાસ્તિક હતા અને ફાંસીના માંચડે લટકતા પહેલાં ક્રાંતિકારી સંગઠન પણ બનાવ્યુ હતું. પંજાબમાં તેઓ લોકપ્રિય બની ગયા હતા અને તેમણે લાલાજીના મૃત્યુનો બદલો લીધો...એવી એક અમીટ છાપ લોકોના દિલોમાં બનાવી હતી. વીર ભગતસિંહ અંગે આટલી વિસ્તૃત વાત એટલા માટે કે આજે 21મી સદીમાં પણ યુવા પેઢી માટે પ્રેરણા સમાન છે. 23મી માર્ચે તેમની પુણ્યતિથિ શહીદ દિન તરીકે ઉજવાય છે. યુવા ક્રાંતિકારો તેમની પ્રતિમાની સામે ઉભા રહીને અન્યાય સામે લડવાની પ્રતિજ્ઞા લેતા હોય છે. પણ તેમની જેમ સર્વોચ્ચ બલિદાન આપવા કેટલા તૈયાર થાય..?!

સોશ્યલ મિડિયામાં વીગ ભગતસિંહનો ફોટો શેર કરીને આત્મ સંતોષ મેળવનાર પેઢીએ તેમના સપનાનુ ભારત બનાવવા પ્રયાસો કરવા પડે. એવા કેટલાય વીર ભગતસિંહોએ ભારતની આઝાદી માટે ફાંસીના માંચડે લટકી ગયા કે અંગ્રેજો દ્વારા લટકાવી દેવામાં આવ્યાં હતા. તેની ઈતિહાસમાં ભાગ્યે જ નોંધ લેવાઈ હશે. જલિયાવાલા હત્યાકાંડનો બદલો લેવા ઉધમસિંહ અને ભગતસિંહ જેવા કેટલાય નવજુવાનોએ જાનની બાજી લગાવી દીધી. ઉધમસિંહે જનરલ ડાયરની વિદેશમાં જઈને હત્યા કરી અને ફાંસીના માંચડે ચડી ગયો. ગુજરાતમાં સાબરકાંઠામાં જલિયાવાલા બાગ હત્યાકાંડ કરતાં વધારે જઘન્ય હત્યાકાંડ અંગ્રેજ હકૂમતે આચરીને 1200 કરતાં વધારે નિર્દોષ આદિવાસીઓને ડુંગરા પર ગોળીએ ઠાર માર્યાની ઘટના બની હતી. એ ઘટના ઈતિહાસમાં ક્યાંય ધરબાયેલી હતી. પણ ગુજરાત સરકારે ઈતિહાસના પાનામાંથી તેની વિગતો અને હકીકતો શોધી કાઢીને જાહેર કર્યું કે અમૃતસરના જલિયાંવાલા બાગ નરસંહાર કરતાં પણ મોટો નરસંહાર ગુજરાતમાં એ ખતે અગ્રેજોએ આચર્યો હતો અને તેની પણ નોંધ લેવાવી જોઈએ. તેને વિશ્વ સમક્ષ મૂકવા આ વખતની 26મી જાન્યુ.ની પરેડમાં દિલ્હીના રાજપક્ષ પર જે ઝાંખીઓ નિકળી તેમાં ગુજરાતની ઘટનાને રજૂ કરતો ટેબ્લો પણ હતો.

જલિયાવાલા હત્યાકાંડ કરતાં મોટા હત્યાકાંડના પગલે કેટલા આદિવાસી યુવાનો ઉધમસિંહ અને વીર ભગતસિંહની જેમ બદલો લેવા નિકળ્યા...? વિજયનગર હત્યાકાંડનો બદલો લેવા કોઈને કોઈ આદિવાસી કે અન્ય કોઈ યુવાનોએ બદલો લીધો જ હશે અને ઈતિહાસના કોઈ ખૂણે તેની નોંધ પડી જ હશે. જેમ આ હત્યાકાંડની વિગતો મળી આવી તેમ તેનો બદલો લેનારાઓની વિગતો પણ હશે જ. જેના પરથી ધ કાશ્મિર ફાઈલ્સની જેમ ગુજરાત ફાઈલ્સ કે વિજયનગર ફાઈલ્સ નામની ફિલ્મ કેમ ન બને..?

જલિયાવાલા બાગમાં જેમ નિર્દોષોને અગ્રેજોએ ઠાર માર્યા, કાશ્મિર ખીણ પ્રદેશમાં જાન્યુ, 1990માં કાશ્મિરી પંડિતોને હણી નંખાયા તેમ વિજયનગર હત્યાકાંડમાં પણ નિર્દોષ આદિવાસીઓને અંગ્રેજોએ લાઈનસર ઉભા રાખીને ઠાર કર્યા, અત્યાચારો ગુજાર્યા તો એ ઘટના પરથી ચોક્કસ ફિલ્મ બને તો જેમ કાશ્મિર ફાઈલ્સ નામની ફિલ્મ દ્વારા સચ્ચાઈ બહાર લાવવાનો પ્રયાસ થયો તેમ આદિવાસી હત્યાકાંડથી પણ દેશ દુનિયા પરિચિત થશે.. જય હો...




# જેકલિન ફર્નાન્ડિઝનો કાતિલ લૂક

બોલીવુડ એક્ટ્રેસ જેકલિન ફર્નાન્ડિઝ બેક ટૂ બેક બે ફિલ્મોમાં દેખાવવાની છે, બચ્ચન પાંડે અને એટેક 2... આજકાલ જેકલિન ફર્નાન્ડિઝ એકસાથે પોતાની બે ફિલ્મોનુ પ્રમૉશન કરી રહી છે. 'એટેક 2'ના પ્રમૉશન દરમિયાન જેકલિન ફર્નાન્ડિઝે પોતાના ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો શેર કરી જેમાં તે સ્ટનિંગ લાગી રહી છે. આ તસવીરોમાં જેકલિનની અલગ અલગ અદાઓ જોવા મળી રહી છે. તેના પર તેની ભોલી સૂરત અને વિખરાયેલા વાળ ચાર ચાંદ લગાવી રહ્યાં છે. આ તસવીરોમાં તેને બ્રાઉન કલરની ડીપ નેક ટાઈટ ફિટેડ ડ્રેસ પહેરેલો છે. જેમાં એક્ટ્રેસ પરફેક્ટ ફિગરમાં દેખાઈ રહી છે.એક્ટ્રેસની આ તસવીરોથી વધુ તેના કેપ્શનની ચર્ચા થઈ રહી છે. 'એટેક 2'નુ પ્રમૉશન કરતા જેકલિને આ તસવીરો સાથે કેપ્શનમાં પણ 'એટેક' લખ્યુ છે. ફિલ્મની વાત કરીએ તો જેકલિન ફર્નાન્ડિઝની બચ્ચન પાંડે રિલીઝ થઈ ગઈ છે અને 'એટેક 2' 1 એપ્રિલે રિલીઝ થઈ રહી છે.

# ફિલ્મની શૂટિંગ વખતે ઈજાગ્રસ્ત થયો હતો 'બાહુબલી' પ્રભાસ, સર્જરી કરાવવા માટે સ્પેન ગયો

ફિલ્મ બાહુબલી પછી દેશભરમાં લોકપ્રિયતા મેળવનાર અભિનેતા પ્રભાસ અત્યારે પોતાની ફિલ્મ રાધે શ્યામના મિશ્ર પ્રતિભાવોને કારણે ચર્ચામાં છે. આ ફિલ્મ ઘણાં લોકોને પસંદ આવી છે અને ઘણાં લોકોએ તેની ટીકા કરી છે. આ દરમિયાન પ્રભાસના ફેન્સ માટે એક ચિંતાના સમાચાર સામે આવ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રાધે શ્યામની રીલિઝ પછી પ્રભાસ સ્પેન જતો રહ્યો હતો. પ્રાપ્ત જાણકારી અનુસાર, પ્રભાસને ઈજા થઈ હતી અને તે સારવાર માટે સ્પેન ગયો છે. આ વાત સામે આવ્યા પછી તેના ફેન્સ ચિંતામાં મૂકાયા છે અને પોતાનો ફેવરિટ હીરો જલ્દીથી સ્વસ્થ થઈ જાય તેવી શુભકામનાઓ આપી રહ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે થોડા મહિના પહેલા પ્રભાસ પોતાની અપકમિંગ ફિલ્મ સાલારના શૂટિંગ દરમિયાન ઈજાગ્રસ્ત થઈ ગયો હતો. આ ઈજાની સારવાર માટે તે બાર્સિલોના ગયો છે. પ્રાપ્ત જાણકારી અનુસાર, પ્રભાસની અહીં એક સામાન્ય સર્જરી કરવામાં આવી છે. સર્જરીને કારણે પ્રભાસને ડોક્ટરોએ આરામ કરવાની સલાહ આપી છે. ઉલ્લેખનીય છે કે પ્રભાસની ફિલ્મ રાધે શ્યામ 11મી માર્ચ 2022ના રોજ પાંચ ભાષાઓમાં 3700 સ્ક્રીન પર સિનેમાઘરોમાં રીલિઝ થઈ હતી. આ ફિલ્મમાં પ્રભાસની સાથે પૂજા હેગડે પણ છે. રાધા કૃષ્ણના ડિરેક્શનમાં બનેલી આ ફિલ્મે વર્લ્ડ વાઈડ 175 કરોડનો બિઝનસ કર્યો છે. પ્રભાસના ફેન્સને આ ફિલ્મ ખૂબ પસંદ આવી, પરંતુ ક્રિટિક્સની પ્રતિક્રિયા આ ફિલ્મ પર સારી નથી.



# અજયની ફિલ્મ રનવે-34 સાથે થશે ટક્કર

## હીરોપંતી 2માં ટાઈગર શ્રોફ અને તારા સુતારિયા બોલ્ડ લુકમાં મળશે જોવા



ચાહકો લાંબા સમયથી ટાઈગર શ્રોફ અને તારા સુતારિયાની ફિલ્મ હીરોપંતી 2ની રિલીઝની રાહ જોઈ રહ્યા છે. દરમિયાન ફિલ્મના બંને કલાકારોના પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યા છે અને તેમના પાત્રોના નામ પણ આપવામાં આવ્યા છે. ટાઈગરે તેનું પોસ્ટર શેર કર્યું છે જેમાં તે સૂટ પહેરીને કારના બોનેટ પર બેઠેલો જોવા મળે છે. તેના હાથમાં બંદૂક છે અને તેની આસપાસ ઘણા ગુંડાઓ તેને ઘેરીને ઊભા છે, પોસ્ટરમાં ટાઈગરનું નામ બબલુ દર્શાવવામાં આવ્યું છે. જણાવી દઈએ કે ટાઈગરે ફિલ્મની પ્રિક્વલ હીરોપંતીથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું. આ ફિલ્મમાં ટાઈગર સાથે કૃતિ સેનન લીડ રોલમાં હતી. કૃતિએ પણ આ ફિલ્મથી ડેબ્યુ કર્યું હતું. આ ફિલ્મને સારો પ્રતિસાદ મળ્યો છે અને હવે હીરોપંતી 2માં ટાઈગર અને તારા ધૂમ મચાવશે. અહેમદ ખાન દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં નવાઝુદ્દીન સિદ્દીકી પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. હીરોપંતી 2 આગામી 29 એપ્રિલે રિલીઝ થઈ રહી છે. આ દિવસે બોક્સ ઓફિસ પર સ્પર્ધા જોવા મળી શકે છે કારણ કે આ દિવસે અજય દેવગનની ફિલ્મ રનવે 34 પણ રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મમાં અજય સાથે અમિતાભ બચ્ચન અને રકુલ પ્રીત સિંહ મુખ્ય ભૂમિકામાં છે. અજયે આ ફિલ્મમાં અભિનય કર્યો છે, પરંતુ તેની સાથે તેણે આ ફિલ્મનું નિર્દેશન અને નિર્માણ પણ કર્યું છે.

# રાધે શ્યામ ફિલ્મ ફ્લોપ થવાથી નિરાશ છું : પૂજા



પ્રભાસ અને પૂજા હેગડેની ફિલ્મ રાધે શ્યામ તાજેતરમાં 11 માર્ચે વર્લ્ડ વાઈડ રિલીઝ થઈ છે. ' રાધે શ્યામ' દેશભરની પાંચ ભાષાઓમાં 3700 થી વધુ સ્ક્રીન્સ પર રિલીઝ થઈ છે. આ ફિલ્મને લઈને ચાહકોથી લઈને વિવેચકો સુધી મિશ્ર પ્રતિક્રિયા આવી રહી છે. હવે ફિલ્મની અભિનેત્રી પૂજા હેગડેએ આ અંગે પોતાની પ્રતિક્રિયા આપતાં પોતાનું દુઃખ વ્યક્ત કરતા આ ફિલ્મ ફ્લોપ થવાથી હું નિરાશ છું. સ્ટોરી વિક્રમાદિત્ય અને ડો. પ્રેરણાની છે, વિક્રમાદિત્યના હાથમાં પ્રેમની રેખાઓ નથી, જેમ કે તેની કથા કહે છે, આવી સ્થિતિમાં પ્રેમને ટાળનાર વિક્રમાદિત્ય પ્રેરણાના પ્રેમમાં પડી જાય છે. અહીં ડૉ. પ્રેરણા એક ગંભીર બીમારી સામે લડી રહી છે, જેને બે મહિનાથી વધુ સમય પણ બાકી નથી. પરંતુ વિક્રમાદિત્ય માને છે કે પ્રેરણાનું મૃત્યુ હજુ થયું નથી. તે હવે લાંબુ જીવશે. હવે શું થશે? શું વિક્રમાદિત્ય પોતે તે રેખાઓ દોરશે જે તેના હાથમાં નથી? અથવા વિક્રમાદિક્યની આગાહી સાચી પડશે અને પ્રેરણાનું જીવન બે મહિના કરતાં વધુ હશે, તેણીએ તબીબી રીતે સાબિત કર્યું કે પ્રેરણા પાસે વધુ સમય નથી? આ જાણવું ખૂબ જ રસપ્રદ રહેશે. 128 મિનિટની આ ફિલ્મને ડાયરેક્ટર રાધા કૃષ્ણ કુમારે બનાવી છે. ફિલ્મના ઘણા સીન ખૂબ જ શાંત રીતે બનાવવામાં આવ્યા છે. પ્રભાસની બાકીની ફિલ્મોની સરખામણીમાં સ્ક્રિપ્ટ ઘણી નબળી છે. પહેલો ભાગ હજુ પણ સ્પીડમાં ચાલે છે, જ્યારે સેકન્ડ હાફમાં ફિલ્મ એકદમ સ્લો બની જાય છે. આ સિવાય ફિલ્મના ગીતો વધુ સારા બની શક્યા હોત. જો કે ફિલ્મની દરેક સ્ક્રીન પર પ્રભાસ ખૂબ જ સ્માર્ટ દેખાય છે, પરંતુ પૂજા હેગડેની સુંદરતા પણ શાનદાર છે. પ્રભાસ અને પૂજા પણ અભિનયની બાબતમાં શાનદાર પ્રદર્શન કરી રહ્યા છે, પરંતુ ફિલ્મના સંવાદો અને દ્રશ્યો મસ્તીમાં અવરોધરૂપ સાબિત થાય છે.

## એક્ટ્રેસનો આ લુક સોશિયલ મીડિયા પર થયો વાયરલ

# કરણ જૌહરની પાર્ટીમાં અનન્યા પાંડેએ પહેર્યો ટ્રાન્સપેરેન્ટ ડ્રેસ



લોકપ્રિય અભિનેતા ચંકી પાંડેની પુત્રી અભિનેત્રી અનન્યા પાંડેને બોલિવૂડમાં પ્રવેશતા ભલે બહુ ઓછો સમય લાગ્યો હોય, પરંતુ તેણે લોકોના દિલમાં એક ખાસ ઓળખ બનાવી છે. આજે લોકો તેમની એક ઝલક મેળવવા માટે આતુર છે. અનન્યાના ચાહકો તેની ફિલ્મો અને અભિનય જોવા માટે ખૂબ જ ઉત્સુક છે. એટલું જ નહીં પરંતુ ફેન્સ પણ તેના દરેક લુકના દિવાના બની જાય છે. પરંતુ આ વખતે અનન્યાની ખૂબ જ સિઝલિંગ સ્ટાઈલ જોવા મળી હતી. હાલમાં જ અનન્યા એક પાર્ટીમાં એવો ડ્રેસ પહેરીને પહોંચી હતી, જેને જોઈને બધાના હોશ ઉડી ગયા હતા. હવે આ જ ડ્રેસમાં અનન્યાએ ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો શેર કરી છે. ધર્મા પ્રોડક્શનના સીઈઓ અપૂર્વ મહેતાના જન્મદિવસની ઉજવણીનો પ્રસંગ હતો. આ દરમિયાન આ પાર્ટીમાં બોલિવૂડની તમામ હસ્તીઓ પહોંચી હતી. આ ઈવેન્ટમાં દરેક વ્યક્તિ ખૂબ જ સ્ટાઈલિશ અને ગ્લેમરસ લાગી રહી હતી. પરંતુ જ્યારે અનન્યાએ પાર્ટીમાં એન્ટ્રી લીધી તો બધા તેની સામે જોઈ રહ્યા. આ પાર્ટીમાં અનન્યા પાંડેએ હાઈ થાઈ સ્લિટ શીયર ડ્રેસ પહેરીને એન્ટ્રી લીધી હતી. એક્ટ્રેસના આ લુકનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. અનન્યા પાંડેએ સ્ટુડન્ટ ઓફ ધ યર-2થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. આ સિવાય તે ઈશાન ખટ્ટર સાથેના સંબંધોને લઈને પણ ચર્ચામાં રહે છે.

# સંજય લીલા ભણસાલીની ઓફિસે પહોંચ્યો સાઉથ સુપરસ્ટાર અલ્લુ અર્જુન



અલ્લુ અર્જુન બોલિવૂડના પ્રખ્યાત ફિલ્મ સર્જક સંજય લીલા ભણસાલીની ઓફિસમાં જોવા મળ્યો હતો. ઈન્ટરનેટ પર ભણસાલીની ઓફિસની તસવીરો સામે આવ્યા પછી, બંનેના સંભવિત સહયોગ વિશે ચર્ચાઓ થઈ.અલ્લુ અર્જુન તેની પ્રથમ સમગ્ર ભારતમાં ફિલ્મ 'પુષ્પાઃ ધ રાઈઝ'ની શાનદાર સફળતાનો આનંદ માણી રહ્યો છે. અભિનેતાને સંજય લીલા ભણસાલીની ઑફિસમાં જોવામાં આવ્યા પછી મીટિંગમાં ઘણા વળાંક આવ્યા, કારણ કે તેમના સંભવિત સહયોગમાંથી એક અપેક્ષિત છે. જો સંજય લીલા ભણસાલી તેની આગામી ફિલ્મ માટે અલ્લુ અર્જુનને નિર્દેશિત કરશે, તો બાદમાં તેને ઘણો ફાયદો થશે, કારણ કે તે પહેલેથી જ હિન્દી પટ્ટામાં તેના વધતા સ્ટારડમનો આનંદ માણી રહ્યો છે.


# કરીના કપૂર ખાન ઓટીટી પ્લેટફોર્મ પર કરશે એન્ટ્રી



અભિનેત્રી કરીના કપૂર ખાન નેટફ્લિક્સ ફિલ્મ સાથે ઓટીટીમાં ડેબ્યુ કરવા જઈ રહી છે, જેને ફિલ્મમેકર સુજોય ઘોષ ડિરેક્ટ કરવાના છે. ફિલ્મનું નામ હજુ ફાઈનલ થયું નથી, પરંતુ આ ફિલ્મ 2005માં રિલિઝ થયેલી જાપાનની બેસ્ટસેલર બુક ધ ડીવોશન ઓફ સસ્પેક્ટ એક્સ પરથી બની રહી છે. કરીનાની સાથે આ ફિલ્મમાં જયદીપ અહલાવત અને વિજય વર્મા પણ છે. ઘોષે અગાઉ વિદ્યા બાલનની ફિલ્મ કહાની અને તાપસી પન્નુ સાથે બદલાને ડિરેક્ટ કરેલી છે. તેમણે જણાવ્યું હતું કે, જાપાનીઝ ઓથર કેઈગો હિગાશિનોની નોવેલ આધારિત ફિલ્મ માટે તેઓ ઉત્સુક છે. તેમણે જણાવ્યું હતું કે, ફિલ્મમાં લવ, મર્ડર અને મિસ્ટ્રી જોવા મળશે.કરીના છેલ્લે 2020માં રિલિઝ થયેલી ફિલ્મ અંગ્રેજી મિડિયમમાં જોવા મળી હતી. ગ્લોબલ બેસ્ટસેલર બૂક પરથી બની રહેલી ફિલ્મની જર્નીને તેણે ઈલેક્ટ્રિફાઈંગ ગણાવી હતી. આ ફિલ્મને નેટફ્લિક્સ પ્રોડ્યુસ કરી રહી છે. કરીના કપૂર ખાન કહે છે, "હું આ ઉત્તેજક પ્રોજેક્ટ પર કામ શરૂ કરવા માટે રાહ જોઈ શકતી નથી. મારા પુત્ર જેહના જન્મ પછી આ મારી પ્રથમ ફિલ્મ છે. આ સાથે, હું આ ફિલ્મ દ્વારા મારા OTT ડેબ્યૂ કરવા જઈ રહી છું. તેથી જ હું સુજોય, જયદીપ અને વિજય સાથે કામ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છું.

સાપ્તાહિક
ગુજરાત વંદન
gujaratvandan.com

# દેશના રાષ્ટ્રપતિ આજે ગુજરાતના મહેમાન બનશે



■ ઈતિહાસમાં પહેલીવાર રાષ્ટ્રપતિ કોવિંદ ગુજરાત વિધાનસભાને સંબોધશે

ગુજરાત | વંદન

દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આજથી 2 દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. ત્યારે ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વાર તેઓ વિધાનસભામાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ સંબોધન કરશે. સવારે 11 કલાકે રાષ્ટ્રપતિનું સંબોધન રાખવામાં આવ્યું છે. જે એક કલાક સુધી ચાલશે. વિધાનસભાની કામકાજ સલાહકાર સમિતિમાં આ નિર્ણય લેવાયો છે. રાષ્ટ્રપતિના કાર્યક્રમને લઈને ગૃહનો એક કલાક સમય વધારી દેવામાં આવ્યો છે.

રાષ્ટ્રપતિના કાર્યક્રમમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે. અને દ્વારકા પ્રવાસ છેલ્લી ઘડીએ રદ કરાયો છે. દ્વારકા પ્રવાસને લઈને જિલ્લા કલેક્ટર દ્વારા માહિતી આપવામાં આવી છે. આ નિર્ણય અગાઉના આયોજન મુજબ રાષ્ટ્રપતિ 24 માર્ચના રોજ દ્વારકાધીશના દર્શન કરવા આવવાના હતા જેને લઈને તૈયારીઓ પણ કરી લેવામાં આવી હતી પણ છેલ્લી ઘડીએ કાર્યક્રમમાં ફેરફાર કરી દેવામાં આવ્યો છે. રાષ્ટ્રપતિ કોવિંદ આગામી 25 માર્ચે જામનગરની મુલાકાત લેશે. જ્યાં ઈન્ડિયન નવલ શિપ વાસસુરાને 'પ્રેસિડેન્ટ્સ કલર' એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. જ્યાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, નૌસેના સ્ટાફના વડા એડમિરલ આર. હરી કુમાર, સધર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ વાઈસ એડમિરલ એમ.એમ. હમ્પિહોલી સહિતના લોકો ઉપસ્થિત રહેનાર છે.

# ચોથી લહેરની આશંકા વચ્ચે કોરોનાના બે વર્ષ પૂરા થયા..!

■ 24 માર્ચના રોજ ગુજરાત સહિત સમગ્ર દેશમાં પહેલો લોકડાઉન લગાવાયો હતો

## 108ની લાંબી લાઇનો, ખાટલા અને બાટલા માટેની પડાપડી... કેમ કરીને ભૂલશે ગુજરાત..!





ગુજરાત | વંદન

24 માર્ચ 2020ના રોજ જ્યારે સમગ્ર દેશમાં કોરોના વાઈરસની મહામારીને રોકવા પ્રથમ લોકડાઉન લગાવવામાં આવ્યું તે પહેલાં ગુજરાતમાં 19 માર્ચના રોજ કોરોના પોઝીટીવના બે કેસો નોંધાતા ગુજરાતભરમાં હાહાકાર મચી ગયો હતો. એક કેસ રાજકોટમાં અને બીજો કેસ સુરતમાં. બન્ને દર્દીઓ વિદેશથી આવ્યાં હતા અને પોતાની સાથે કોરોના વાઈરસના લક્ષણો લઈને આવ્યાં હતા.સંપૂર્ણ લોકડાઉન પહેલાં એક દિવસનો જનતા કર્ફ્યુ અને 24મીથી કર્ફ્યુ જ કર્ફ્યુ....! પહેલા પછી બીજો લોકડીાઉન પછી ત્રીજો એમ સમગ્ર દેશ થંભી ગયો હતો. રેલવેના પૈડા થંભી ગયા હતા.રોડરસ્તા પર સરકારી વાહનો એમ્બ્યુલન્સની કતારો હતી...

બે વર્ષ પૂરા થઇ ગયા લોકડાઉનને 24 માર્ચના રોજ. ગુજરાતમાં અને દેશમાં આ બે વર્ષ ઘણુ બદલાઈ ગયું. ટીવી અને અખબારોમાં લોકોને એવા એવા ખૌફનાક દ્રશ્યો અને બિહામણી તસ્વીરો કદાજ આ અગાઉ ક્યારેય જોવા નહીં મળી હોય. સીવીલથી લઈને સ્મશાનમાં જ્યાં જુઓ ત્યાં લાંબી લાંબી લાઈનો..બીજી લહેરમાં તો સીવીલમાં ખાટલા માટે અને ઓક્સીજનના બાટલા માટે મારામારી-પડાપડી અને પોતાના સ્વજનને બચાવવા માટે કોઈપણ કિંમતે ઓક્સીજનનો એકાદ નાનો મોટો બાટલો મળી જાય તેવી આજીજી કરતાં દ્રશ્યો અને ગરજનો લાભ લઈને મેડીકલને બદલે ઉદ્યોગમાં વપરાતો હેવી ઓક્સીજનના બાટલાઓ કાળાબજારમાં વેચાયા અને દર્દીઓને ચડાવવામાં આવ્યાં. પરિણામે તેનાથી કેટલાય મરી ગયા તો કેટલાયને મ્યુકોસોરોસીસ નામનો રોગ થઈ ગયો..

ગુજરાતમાં કોરોનાના આ બે વર્ષમાં સૌથી ભયાનક સ્થિતિ ત્યારે સર્જાઈ કે જ્યારે બીજી લહેરમાં અમદાવાદમાં સત્તાધીશો દ્વારા એવો અપરિપક્વ અને કમનશીબ નિર્ણય લેવાયો કે 108માં દર્દીને લાવવામાં આવશે તો જ હોસ્પિટલમાં દાખલ કરાશે...! બબ્બે દિવસ સુધી વેઈટીંગ અને ત્યાં સુધી શ્વાસથી રૂંધાતા સ્વજનને લઈને ઘરમાં બેસી રહેવાનું અને 108ની રાહ જોવાની...?! કોઈ અણઘડ અને સત્તાધીશોને વ્હાલા થવા એક અધિકારી દ્વારા લેવાયેલા આવા તરંગી નિર્ણયને કારણે અમદાવાદમાં કેટલાય લોકો 108ની સેવા નહીં મળતા સારવારના અભાવે નિધન પામ્યા. કોઈએ એવો સવાલ પેલા અધિકારીને ના કર્યો કે આપણી પાસે કેટલી 108 એમ્બ્યુલન્સ વાહનો છે..? મર્યાદિત 108ની સામે ઈમરજન્સી કોલ વધારે આવ્યાં તો અન્ય સરકારી વાહનો પર 108નું સ્ટીકર લગાવીને તેમાં દર્દીઓને ના લઈ જઈ શકાયા હોત..? અમદાવાદની સીવીલમાં જ બે વર્ષમાં પોણા બે લાખ દર્દીઓ નોંધાયા હતા. અને સૌથી વધારે સીવીલમાં જ લોકોના મોત થયા હતા. સીવીલની બહાર 108ની લાંબી લાઈનો અને તેમાં જ દર્દીની સારવાર થઈ રહી હોય એવા ટીવી દ્રશ્યો હજુ ઘણાં ભૂલ્યા નહીં હોય.

બીજી લહેરમાં 108ને રોજના 64 હજાર કોલ મદદ માટે મળતા હતા. દર મિનિટે 44 લોકો 108 માટે તરસતા હતા ગુજરાતમાં કોરોનાના કુલ 15 લાખ કેસ બે વર્ષ નોંધાયા હતા. કોરોનાને કારણે ખરેખર કેટલા નાગરિકો માર્યા ગયા તેના સત્તાવાર આંકડાને લઈને વિવાદ સર્જાયો હતો. સરકારે 10,939 લોકો કોરોનાથી માર્યા ગયા હોવાનું જાહેર કર્યુ હતુ અને

...અનુસંધાન પાના નં.06

## યૈ કૌન ચિત્રકાર હૈ......




સૂર્ય દેવતા સમીસાંજ વૃક્ષ અને તેના ઉપર મંડરાતા પક્ષીઓનો કલબલ કલબલ આ તમામ રંગો ભેગા થઈને જાણે કે કોઈ કોઈ ચિત્રકારે કેનવાસ પર રંગો પૂર્યા હોય તેવું કુદરતી દ્રશ્ય કેમેરાની આંખે ક્લિક થયું છે. અમદાવાદમાં હાલમાં ઉનાળાની શરૂઆત થઈ છે ત્યારે સાંજ પડતા જ પક્ષીઓ ચલે નીડ કી ઔર...ની જેમ પોતાના માળામાં આવવા જે પડાપડી દોડાદોડી ઉડાઉડી વગેરે પરિબળો અને તત્વો મળીને એક એવું દ્રશ્ય સર્જાયું કે, તે જોઈને મનમોહિત થઈ જાય. (તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન)

### એક તરફી પ્રેમનો કરૂણ અંજામ

## વધુ એક 'ગ્રીષ્મા'નો ભોગ લેવાયો, હત્યા કરી હાથ કાપી લાશ ફેંકી દીધી


ગુજરાત | વંદન

વડોદરા શહેરમાં જાંબુવા બ્રિજ નજીક 19 વર્ષીય યુવતીની ઘાતકી હત્યા કરવામાં આવી છે. યુવતીની હત્યા બાદ મૃતદેહ હાઈવે પર ફેંકી દેવાયો હતો. હત્યારાએ યુવતીનો એક હાથ પણ કાપી નાંખ્યો હતો. યુવતીના માથાના અને મોઢાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા મારવામાં આવ્યા હતી. યુવતી મૂળ પંચમહાલના સામલી ગામની રહેવાસી છે.પોલીસે એકતરફી પ્રેમમાં હત્યા કરનાર આરોપીની ધરપકડ કરી છે. વિદ્યાર્થિનીના પરિવારે ફાસ્ટટ્રેક કોર્ટમાં કેસ ચલાવીને આરોપીને ફાંસીની સજાની માંગ કરી છે. વડોદરાના નેશનલ હાઈવે પર જાંબુવા બ્રિજ પાસે 19 વર્ષીય તૃષા સોલંકીની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. તેની લાશ નેશનલ હાઈવે નંબર 48 પર લેન્ડ ફીલ્ડ સાઈડ પર ફેંકી દેવાઈ હતી. હાઈવે પર મળેલી લાશથી પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યુ કે, તૃષા સોલંકી મૂળ પંચાલના સામલી ગામની રહેવાસી છે. તેની પાસેથી આધાર કાર્ડ મળી આવ્યુ હતું. તે માણેજામાં મામાના ઘરે રહીને અભ્યાસ કરતી હતી. આ માહિતી મળતાં જ પોલીસ તાત્કાલિક સ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી. યુવતીનાં માથા અને મોઢાના ભાગે તીક્ષ્ણ હથિયાર વડે ઘા માર્યા હોય એવાં નિશાનો મળ્યાં હતાં




### અમદાવાદમાં પેટ્રોલ પ્રતિ લીટર 96.67 રૂપિયા પહોંચી ગયું

## સતત બીજા દિવસે પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારો કરાયો



ગુજરાત | વંદન

સળંગ બે દિવસમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં 1.60 રૂપિયાનો વધારો થયો છે. 137 દિવસના વિરામ બાદ સતત બે દિવસ ભાવામાં વધારો નોંધાયો છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત બીજા દિવસે પ્રતિ લીટર 80 પૈસાનો વધારો થયો છે. અમદાવાદમાં પેટ્રોલ પ્રતિ લીટર 96.67 રૂપિયા પહોંચી ગયું છે જ્યારે ડીઝલનો ભાવ 89.91 રૂપિયા થઈ ગયો છે.

પાછળા વર્ષે દિવાળી સમયે સરકાર દ્વારા એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરતા 10 રૂપિયાનો ભાવ ઘટાડો થયો હતો. રાજકોટમાં બે દિવસમાં 1.60 રૂપિયા પેટ્રોલ અને ડીઝલમાં વધતા નવો પ્રતિ લીટર પેટ્રોલનો ભાવ 96.67 રૂપિયા અને પ્રતિ લિટર ડીઝલનો ભાવ 89.91 થઈ ગયો છે.

પેટ્રોલ અને ડીઝલમાં સળંગ બે દિવસ વધારો થયો છે. પેટ્રોલ-ડીઝલની કિંમતમાં જ્યારે અંતિમ બદલાવ આવ્યો હતો ત્યારે આંતરાષ્ટ્રીય સ્તર પર કાચા તેલની કિંમત લગભગ 82 ડોલર પ્રતિ બેરલ હતી, જે હાલ 116 ડૉલરની આસપાસ પહોંચી ગઈ છે. આ હિસાબે જોવા જઈએ તો દેશમાં પેટ્રોલની કિંમતમાં 14.40 રૂપિયાનો વધારો થઈ શકે છે.

## અદાણી એરપોર્ટ પર પાર્કિંગ ઝોનમાં ઉઘાડી લૂંટ

# વાહનો પાસેથી ગેરકાયદે દંડ વસૂલાય છે : દાવો



ગુજરાત | વંદન

વાહન પાર્કિંગ ઝોનમાં પાર્ક કરવા છતાં બે બે હજાર રૂપિયા પડાવવામાં આવી રહ્યા છે. પાર્ક કરેલા વાહનોને ખોટી રીતે સીલ કરી ધમકાવી પૈસા ખંખેરવામાં આવી રહ્યા છે. જેમાં ઓરપોર્ટ ઓથોરીટીના કર્મચારી અને પાર્કિંગની બાજુમાં આવેલી દુકાનોના કર્તાહર્તાની મિલીભગત હોવાનું પણ બહાર આવ્યું છે. આ રીતે ઉઘાડી લૂંટનો ભોગ બનનાર બે વકીલો ચિરાગ દરજી અને સાગર ભાવસારે પોતાની વિતક કથા બયાન કરતા જણાવ્યું કે, ગઈકાલે રાત્રે વિદેશથી આવનાર તેમના એક સંબંધીને રિસીવ કરવા માટે એરપોર્ટ ગયા હતા.

તેમણે કહ્યું કે, તેમના બે વાહનો પાર્કિંગ ઝોનમાં જ પાર્ક કરવામાં આવ્યા હતા. તેમ છતાં સ્થાનિક કર્મચારીઓ દ્વારા તેમના વાહનોને સીલ કરી દેવામાં આવ્યા હતા. તે અગાઉ તેમણે નજીકની એક ચાની દુકાનમાંથી ચા પીધી હતી. અને સીલ કરનાર કર્મચારીઓએ એમ કહ્યું કે, અમે આસપાસની દુકાનદારોના કહેવાથી ગાડીઓ સીલ કરીએ છીએ. વકીલોએ તેમનું ધ્યાન દોર્યું કે તેમની કાર કાયદેસરરીતે પાર્કિંગ ઝોનમાં જ છે તો પછી નિયમનો ભંગ ક્યાંથી થયો કહેવાય..? જો કે તેમણે કોઈ દલીલ સાંભળીને અને લેતીદેતીનો વ્યવહાર કરવા સુચવ્યું હતું. ના છુટકે જેમતેમ કરીને મામલો પતાવવામાં આવ્યો.

તેમણે કહ્યું કે, આ રીતે સ્થાનિક દુકાનદારોના કોઈ મેળાપીપણાથી પાર્કિંગ ઝોનમાં વાહનો મૂકેલા હોવા છતાં નિયમ ભંગ કહીને કારદીઠ એક એક હજાર રૂપિયા વસૂલ કરવામાં આવી રહ્યા છે. જેની સામે ઉચ્ચ સત્તાવાળાઓને ફરિયાદ કરવાનું પણ નક્કી કર્યું છે.

દ્વારા આ ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે. એક વાહન ચાલકે આરોપ લગાવ્યો છે કે, મારૂ વાહન પાર્કિંગમાં પાર્ક હોવા છતાં મારી પાસેથી પૈસા પડાવી તોડ કરવામાં આવ્યો છે.

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

# મોદી હૈ તો મુમકીન હૈ, કોંગ્રેસ તો નમકીન હૈ...યે પંજા તો ખટ્ટામીઠા હૈજી..!



ગ્લોબલ લીડર એપ્રુવલ ટ્રેકર મોર્નિંગ કન્સલટન્ટ નામની એક એજન્સીએ આપમાં સૌના અને સૌનો સાથ્ સૌનો વિકાસના પ્રણેતા એવા નરેન્દ્રભાઈ મોદીને ભારતના જ નહીં પણ વિશ્વના સૌથી વધુ લોકપ્રિય નેતા જાહેર કર્યા છે. પેલો જગતગુરૂ અમેરિકાનો રાષ્ટ્રપતિ જો બાઈડન તો પાંચમા ક્રમે ધકેલાયો. મજા જુઓ મોજણી કરનાર એજન્સી અમેરિકાની અને એ જ એજન્સીએ પોતાના દેશના રાષ્ટ્રપતિને પાંચમે ધકેલ્યો...!

હશે, આપણે શું. આપણે તો આપણાં નમોજીને દુનિયાના સૌથી વધુ પોપ્યુલર નેતા જાહેર કર્યા એટલે ભયો..ભયો..અને કેમ ના થાય..? તેમનુ કામ બોલે છે. પાંચ રાજ્યોની ચૂંટણીમાં જુઓ...કેવો મોદી મેજિક ચાલ્યો...તેમના કહેવાથી બાપ્સ સ્વામિનારાણ સંસ્થાએ યુક્રેન સરહદે ભારતના છાત્રો માટે લંગરની વ્યવસ્થા કરી અને યુધ્ધના મેદાનમાંથી આપણાં છાત્રોને સલામત લઈ આવ્યાં. મોદી હૈ તો મુમકીન હૈ,, કોંગ્રેસ હૈ તો નમકીન હૈ...!

કોંગ્રેસ નમકીન એટલા માટે કે ખટામીઠા નમકીનની જેમ કોંગ્રેસમાં પંજાબની હાર બાદ ખાટુમોળુ ચાલે છે...કપિલ સિબ્બલે તો મોદીના સૂત્રમાંથી પ્રેરણા લઈને કહ્યું - ઘરની કોંગ્રેસ નહીં સૌની કોંગ્રેસ બનાવો... જેથી સૌનો સાથ..સૌનો વિકાસ...! કોંગ્રેસ શું થશે એસઆરપી જાણે... એસ એટલે સોનિયાજી, આર એટલે રાહુબાબા અને પી એટલે યુપીમાં કોંગ્રેસને બે બેઠકો જીતાડનાર પ્રિયંકા ગાંધી વાડ્રા..! અને હાં, પ્રિંયકાના પતિ રોબર્ટ વાડ્રાએ પણ રાજકારણમાં આવવાની ઈચ્છા વ્યકત કરી છે. આવો, ભલે પધાર્યા.. તમે આવશો તો બે બેઠકો પણ નહીં મળે...કેમ કે મોદી હૈ તો મુમકીન હૈ..કોંગ્રેસ તો નમકીન હૈ..

## કેજરીવાલજી, ભગવંત માને વ્યસનમુક્તિમાં સારવાર લીધી હોય તો જાહેર કરજો....!

પાંચ રાજ્યોના પરિણામો આવી ગયા. પંજાબમાં આપના નવા સીએમ નિમાઈ ગયા. તેમની ટીમ ભગવંતમાન પણ ગોઠવાઈ ગઈ. આપના સુપ્રિમો અને અન્ના હજારેના સાથીદાર કેજરીવાલે પંજાબમાં પોતાના નવા સવા ચૂંટાયેલા ધારાસભ્યોને ખુલ્લેઆમ ચેતવણી પણ આપી કે પ્રજાના કામ કરી બતાવો નહીંતર ઘર ભેગા થઈ જશો...! કેટલા ઘરભેગા થશે એ તો સમય કહેશે પણ યુપીમાં આદિત્યનાથ આન-બાન અને શાન કે સાથ 25મીએ ફરીથી યુપી માટે "ઉપયોગી" થવા જઈ રહ્યાં છે...

ભાજપે ચાર રાજ્યો જાળવી રાખ્યા છે. પંજાબમાં કમળ કેમ નથી ખીલતુ તેના કારણો અને તારણો પાર્ટીએ શોધવા જ જોઈએ. ખેર, ભાજપે જીતેલા રાજ્યોમાં નવા સીએમની પસંદગી થઈ રહી છે.અને ગોઠવાઈ જશે. યુપીમાં નવા મંત્રીમંડળમાં હાઈકમાન્ડના ખાસ વિશ્વાસુ એ.કે. શર્માને સમાવવા યોગી તૈયાર થયા છે. તેમને એમ લાગે છે કે તેમના ઉપર નજર રાખવા શર્માજીને મોકલવામાં આવ્યાં છે. કારણ જે હોય તે પણ યોગી 2.0 સરકારની કામગીરી લોકસભાની ચૂંટણીમાં ભાજપને યુપીમાં ફરી કેટલી બેઠકો મળશે તેનો આંક નક્કી કરશે. સોચ ઈમાનદાર કામ દમદાર..સૂત્ર સાર્થક થશે તો 84માંથી 80 બેઠકો તો ખરી.

પંજાબમાં સીએમ માને બેસતા વેંત નોકરીઓની જાહેરાત અને ખેડૂતો માટે રાહતોની જાહેરાત કરી છે.કેજરીવાલે ભાજપને મેણો માર્યો-અમારાવાળાએ તો કામ પણ શરૂ કરી નાંખ્યુ અને તમે તો હજુ કોણ સીએમ થશે એમાં જ પડ્યા છો..?કેજરીવાલને ખબર નથી કે ગુજરાતમાં તેમની પાર્ટીના 7 કોર્પોરેટરો રૂંઝું કરતાં કરતાં ભાજપમાં પહોંચી ગયા. કેજરીવાલજી, પહેલા પોતાનું ઘર સંભાળો, ભગવંત માને વ્યસનમુક્તિમાં સારવાર લીધી હોય તો જાહેર કરજો....!

## સંજયદત્તને વળી મુશર્રફમાં શું રસ પડ્યો હશે..

કોંગ્રેસ નેતા નવજોત સિધ્ધુ પોતાના પૂર્વ ક્રિકેટર ભાઈબંધ ઈમરાન પીએમ બન્યા ત્યારે તેમને મળવા પાકિસ્તાન ગયા તો હંગામા બરપા થા.સુનિલદત્ત અને નરગીસના પુત્ર સંજયદત્તે હમણાં વિદેશમાં સારવાર લઈ રહેલા પાક.ના પૂર્વ પીએમ મુશરફને મળ્યા અને તેની તસવીરો જાહેર થઈ. સોમિજનો (સોશ્યલમિડિયામાં રાચનારાઓ એટલે સોમિજન)એ હંગામો મચાવ્યો-હેય..આમને કેમ મળ્યા..આ તો કારગીલવાળો છે વગેરે. વગેરે.

ભઈ, એ વાત ખરી કે સંજયદત્ત ટાડામાં પકડાયો હતો. જેલની સજા ભોગવીને છૂટી ગયો. એક દત્તપુત્ર એક સેલેબ્રીટી છે. વિદેશમાં ફરતા ફરતા કાંઈ મુશરફિયાને મળવા તો નહીં જ ગયા હોય. કોઈને કોઈ કારણ તો હશે. રખે કે તેમની આગામી કોઈ ફિલ્મના સંદર્ભમાં મળવા ગયા હોય. વગર કારણે તો દત્તપુત્ર એમને મળવા ન જ જાય. કેમ કે તેમની પીઆર ટીમને એટલી તો ખબર જ હોય ને કે પાકિસ્તાનના કોઈપણ નેતાને મળવાથી ભારતમાં કેવા પ્રત્યાઘાતો પડે છે..?! હે, દત્તપુત્ર.. આકિર તુમ્હે બતાના હૈ ભલે જરા દેર લગે...પણ કહેજો ખરા કે ચોલી કે પીછે ક્યા હૈ..ની જેમ મુશર્રફ કે પીછે ક્યા હૈ..?! (-પ્ર.ઘ.)